84-85

# વિ
# મ
# લ

વિમલ : પંદર • વર્ષ : ઓગણીસો ચોરાશી–પંચાશી

∴

સમ્પાદકો : ગજાનન પટેલ • જયેન્દ્ર શેખડીવાળા • કુ. માલતીબેન જોશી •
શંકરભાઈ પટેલ

∴

વિદ્યાર્થી પ્રતિનિધિ : હસમુખ પટેલ

∴

પ્રકાશક : શ્રી એમ. આર. દેસાઈ આર્ટ્સ એન્ડ શ્રી ઈ. ઈ. લહેર કોસાડિયા કોમર્સ કોલેજ,
ચીખલી; જિ. વલસાડ.

## સંપાદકીય

○

અશાન્ત પરિસ્થિતિથી વાતાવરણ સંક્ષુબ્ધ બની જાય છે, કશા નક્કર નિર્ણયો લઈ શકાતા નથી. નિર્ણયોની નોંધ કરતી વેળા પણ વણસતી પરિસ્થિતિ આખી બાજીને ઊંધી વાળી દે છે; સમગ્રતયા અરાજકતા ભયાનક ગણી શકય, એનો પ્રચાર તથા પ્રસાર જોરશોરથી વહેતો હોય ત્યારે સૌનું મન ઉદ્વિગ્ન બની જાય છે. ઉભડક રીતે પણ શાતા શોધવા પ્રયત્નો થાય છે. ક્ષુલ્લક, પરિણામ શૂન્ય! માનસિક અશાન્તિ દિનપ્રતિદિન વધતી જાય છે ભાવિની ધૂંધળાશમાં કોઈ ધ્યેય કે સિદ્ધિનો અણસાર વર્તાતો ન હોય તો પણ ખમીર/ધૈર્ય જાળવવું જોઈએ અને સાચો રાહ મેળવવા અથાક પ્રયત્નો કરવા જોઈએ. દિશાશૂન્ય સમાજ અને માનવને જોઈએ છે ઉદ્ધારક. દિશાસૂચક પાટિયાંઓ તો ફકત માર્ગ બતાવશે, પરન્તુ એ રસ્તા પરથી તો આપણે જ પસાર થવાનું છે.

સાંપ્રત સમયમ તો ગુજરાત અનેક આપત્તિ, વિખવાદ અને વિષાદની ભીંસમાં જકડાઈ ગયુ છે. ત્વરે સર્વ આપત્તિનો સમન્વય અને સમતાપ્રેરક ઉકેલ સમ્યક્‌દૃષ્ટિથી આવશે તો ગજગ્રાહ આપોઆપ શમી જશે. વિદ્યાર્થીઓની સ્વસ્થતા અને ધીરજની કસોટી થઈ રહી છે.

આ વર્ષે બીજા સત્રના અન્તે વિદાય લેતા આચાર્યશ્રી ડૉ. ગુણવંતરાય જે. દેસાઈએ સંનિષ્ઠ આચાર્ય/અધ્યાપક તરીકે ચોક્કસ પ્રકારની સારી છાપ ઉપસાવી છે. નિવૃત્તિ સમય દરમ્યાન એમને પૂર્ણ સ્વાસ્થ્ય, દીર્ઘ આયુષ્ય અને સર્વ સામાજિક – આર્થિક અનુકૂળતાઓ સરળતાથી સંપાદિત થાય, એવી અપેક્ષા.

'વિમલ' ના પ્રકાશન માટે મદદરૂપ/સહાયરૂપ થનાર મુરબ્બીઓનો તથા સહયોગ પ્રિન્ટિંગ પ્રેસ, (બીલીમોરા) ના માલિકો / કારીગર ભાઈબહેનોનો અંતરથી આભાર માનીએ છીએ.

— સમ્પાદકો.

નિવેદન

આચાર્યશ્રી ડૉ. ગુણવંતરાય જે. દેસાઇ

૧૯૬૯માં કૉલેજની સ્થાપના કાળથી મારા નિવૃત્તિના સમયના ૧૯૮૫ના વર્ષ સુધી કૉલેજના વહીવટ ક્ષેત્રમાં કોઇને કોઈ સ્વરૂપે હું જોડાયેલો રહયો છુ ૨૧૩ વિદ્યાર્થીઓથી શરૂ કરેલ આ કૉલેજને ૧૯૮૫ ના વર્ષમાં ૧૫૪૬ જેટલી માતબર સંખ્યાના વિદ્યાર્થીઓ અને ૬૪ જેટલા કર્મચારીનું વિશાળ કુટુંબ હું છોડી રહયો છું. ત્યારે વિષાદની સહજ લાગણી મારા હૃદયમાં છે જાગતિક રાષ્ટ્રીય અને સામાજિક સંદર્ભમાં મારી આંતરિક લાગણી અન્ય લઘુચિંતનમાં મેં પ્રગટ કરી છે તે દોહરાવતો નથી. આ તબકકે તો માત્ર ૧૯૮૪-૮૫ ની વર્ષની પ્રવૃત્તિઓનું એક નિવેદન આપવાનો આ પ્રયાસ છે.

કૉલેજમાં ૧૪ વર્ષ દરમ્યાન અભ્યાસ કરી ગયેલા વિદ્યાર્થીઓનું સંખ્યાત્મક પરિણામ કેટલાક વિશિષ્ટ સૂચિતાર્થો દર્શાવે છે.

**વિદ્યાર્થી સંખ્યાનું પૃથક્કરણ:-**

| વર્ષ | વિદ્યાર્થી સંખ્યા | વિદ્યાર્થી ભાઈઓ | વિદ્યાર્થિની બહેનો | એસ. સી | એસ. ટી. | કુલ સંખ્યા એસ. સી. એસ. ટી. |
|---|---|---|---|---|---|---|
| ૧૯૬૯-૭૦ | ૨૧૩ | ૧૭૮ | ૩૫ | ૬ | ૩૯ | ૪૫ |
| ૧૯૮૦-૮૧ | ૭૫૧ | ૪૭૨ | ૨૭૯ | ૧૬ | ૪૩૧ | ૪૪૭ |
| ૧૯૮૪-૮૫ | ૧૫૪૬ | ૮૪૯ | ૬૯૭ | ૪૫ | ૯૩૨ | ૯૭૭ |

(૧) ઈ. સ. ૧૯૬૯ ના જુન માસમાં પ્રથમ વર્ષ પ્રિ. યુનિ. ના વર્ગો સહિત જે વિદ્યાર્થી સંખ્યા હતી તેમાં ૧૯૮૪-૮૫ ના વર્ષમાં આશરે ૧૩૦૦ વિદ્યાર્થીઓનો વધારો નોંધાયો હતો.

(૨) ઇ. સ. ૧૯૬૯-૭૦ માં પ્રથમ વર્ષે આ કૉલેજમાં વર્ગીકૃત જાતિ અને વર્ગીકૃત જનજાતિના ૪૫ વિદ્યાર્થીઓ હતા. આ પ્રકારના ૧૯૮૪-૮૫ ના વર્ષમ ૯૭૭ની સંખ્યા છે. જેથી આશરે ૯૩૦ જેટલા વિદ્યાર્થીઓનો વધારો નોંધાયો છે.

(૩) કૉલેજના પ્રથમ વર્ષ ૧૯૬૯-૭૦ માં વિદ્યાર્થિની બહેનોની સંખ્યા ૩૫ ની હતી. એ ૧૯૮૪-૮૫ના વર્ષમાં હરણફાળ ભરી ૬૯૭ ઉપર પહોંચી ગઇ છે. આમ નોંધપાત્ર બીના એ છે કે પછાત અને આદિવાસી બહેનોની સંખ્યા આશરે ૪૩૦ જેટલી છે. આમ ઉચ્ચ શિક્ષણના શકિતશાળી માધ્યમને ઝૂંપડાંનાં અંતેવાસમાં મૂકીને આ સંસ્થાએ સામાજિક ક્રાંતિનું મહત્ત્વનું પરિબળ ઊભું કર્યું છે. જેમ સંખ્યાત્મક તેમ ગુણાત્મક રીતે વિવિધ પરીક્ષાઓમાં સારા પરિણામો મેળવવા અમે ભાગ્યશાળી થયા છીએ.

૧૯૮૩-૮૪ ના વર્ષમાં વિવિધ પરીક્ષાઓના પરિણામો નીચે અનુસાર ચિત્ર ઉપજાવે છે.

| વર્ષ | વર્ગ | પરીક્ષામાં બેઠા | ઉપરના વર્ગમાં ગયા | ટકાવારી |
|---|---|---|---|---|
| ૧૯૮૩-૮૪ | | | | |
| | એફ. વાય બી. એ. | ૩૮૬ | ૩૪૯ | ૯૦.૪૧ |
| | એસ. વાય. બી. એ. | ૨૪૮ | ૨૩૭ | ૯૫.૫૬ |
| | ટી. વાય બી. એ. | ૧૮૭ | ૧૬૩ | ૮૭.૧૬ |
| | એફ. વાય બી. કોમ. | ૯૮ | ૬૨ | ૬૩.૨૬ |
| | એસ. વાય. બી. કોમ | ૧૫૦ | ૬૭ | ૪૫ |
| | ટી. વાય. બી કોમ. | ૧૦૭ | ૫૩ | ૬૧.૬૮ |
| | એમ. એ. ભાગ-૨ | ૧૪ | ૧૨ | ૮૬ |

નીચે અનુસારના વિદ્યાર્થીઓએ યુનિવર્સિટીની પરીક્ષામાં પ્રથમ વર્ગ પ્રાપ્ત કરી કોલેજને ગૌરવ આપ્યું છે :

એફ. વાય. બી. એ. – ૧
એસ. વાય. બી. એ. – ૧
એફ. વાય. બી. કોમ. – ૧
એસ. વાય બી. કોમ. – ૨
ટી. વાય. બી. કોમ. – ૧
એમ. એ. પાર્ટ-૨ – ૩

ઉત્સાહપ્રેરક બાબત એ રહી છે કે ૧૯૮૩-૮૪ ના વર્ષમાં આપણે એમ. એ. ડિગ્રી (ઇતિહાસ) માટેનો બીજો બેચ પરીક્ષા માટે મોકલ્યો, તેમાં ૮૬ ટકા પરિણામ પ્રાપ્ત કર્યું છે. આ પરીક્ષામાં ત્રણ વિદ્યાર્થીઓ પ્રથમ વર્ગમાં પાસ થઈ કોલેજનું ગૌરવ વધાર્યું છે અને કોલેજના જ વિદ્યાર્થી યુનિવર્સિટીના આચાર્ય નાનુભાઈ કુંવરજી દેસાઈ એવોર્ડ તથા શ્રી અરૂણ અને પ્રા. શ્રીમતિ દિપ્તી હરિયાણી સુવર્ણ ચંદ્રક મેળવવા ભાગ્યશાળી બન્યા છે. રમત ગમત ક્ષેત્રે ખો ખો માં ભાઈઓ તથા બહેનો ની ટીમ યુનિવર્સિટીમાં રનર્સઅપ થઈ હતી

કુ લોહાર જી. એસ. (એસ. વાય. બી. એ.) ખેલકૂદ સ્પર્ધામાં વ્યક્તિગત ચેમ્પીયન બની કોલેજને ગૌરવ અપાવ્યું છે

કોલેજે ચીખલી તાલુકા યુવક મહોત્સવમાં ભાગ લીધો હતો. જેમાં બે વિદ્યાર્થીઓ તેમજ એક પ્રાધ્યાપક પ્રથમ ક્રમે આવ્યા હતા.

વાર્ષિક દિન નિમિત્તે નાટક, ગીત, ગરબા રાસ વગેરેનું આયોજન થયું હતું.

કોલેજની લાયબ્રેરીની સમૃદ્ધિમાં પણ ભારે વધારો થયો છે. કોલેજમાં હાલમાં કુલ ૧,૮૪,૪૨૦ ની કિંમતના ૯૯૭૫ જેટલાં પુસ્તકો વસાવાયાં છે.

મારા વિદાય પ્રસંગે ૧૬ વર્ષો ઋણના ભારથી હું દબાયો છું તે પ્રગટ કરીને હળવો થઈશ. મારા સંચાલક મંડળના પ્રમુખશ્રી મોહનભાઈ અન્ય ટ્રસ્ટીશ્રીઓ, શ્રી ભગવાનજીભાઈ, સલીમભાઈ તથા અન્ય મુરબ્બીશ્રીઓ તથા ગવર્નીંગ બોડીના મંત્રીશ્રી. આ. કાલુભાઈ દેસાઈએ કદી મને પ્રિન્સીપાલના ફોર્મલ સંબંધથી પ્રીછયો નથી. સતત તેમના કુંટુંબીજન તરીકે મુશ્કેલીઓમાં માર્ગદર્શન અને સહાય, સિદ્ધિઓમાં પ્રોત્સાહિત અને ઉણપ પ્રત્યે આદરભાવ રાખ્યો છે. મારા શિક્ષણ સમુદાયે મને કુટુંબનો અનર્ગળ પ્રેમ આપ્યો છે. અને મારે જાહેરમાં જણાવવું જોઈએ કે કાર્યદક્ષતા, વિશ્વાસ, શ્રદ્ધા અને સ્નેહથી મારા શિક્ષકેત્તર કર્મચારીગણના સાથીઓ, શ્રી. અમૃતભાઈ દેસાઈ, શ્રી. હર્ષદભાઈ ગાંધી, કુ. અમિતાબેન દેસાઈ અન્ય કર્મચારીઓ અને પટાવાળાઓએ ઓફિસનું સંનિષ્ઠ કામ અને અપ્રધેય સંચાલન કેવું હોવું જોઈએ તેનું ઉત્તમ ઉદાહરણ બેસાડયું છે. અગાઉ ઉપાચાર્ય તરીકે કામ બજાવી ચુકેલા શ્રી મનોજ કાપડીયા અને હાલના ઉપાચાર્યશ્રી રમેશભાઈ એસ. ગાંધી ની કામગીરીને પણ હું બીરદાવું છું ખાસ તો લગભગ એક વર્ષના ગાળા સુધી કાર્યકારી કુલપતિ અને આચાર્ય તરીકેની બેવડી કામગીરી સંભાળવાનો પડકાર ઉભો થયો તે ગાળામાં ઉપાચાર્ય શ્રી. રમેશભાઇ ગાંધી, શ્રી. અમૃતભાઈ બી. દેસાઈ, શિક્ષકમિત્રો અને કર્મચારીઓએ આપેલા ભવ્ય સહકારની હું ગદ્ગદિત દત્ત હૃદયે નોંધ લઉ છું.

માનવી અપૂર્ણ છે, મારી નબળાઈઓ ક્ષતિઓ હશે પરંતુ તે મારા સંચાલક મંડળ સહિતના ઉપરોક્ત પરિવારે કદી નોંધમાં લીધી નથી. મને કેવળ પ્રેમ આપ્યો છે, તેનો હાર્દિક ઋણ સ્વીકાર કરું છું. મારો વિદ્યાર્થી સમુદાય ભલે સમાજના નબળા વર્ગોમાંથી આવતો હોય, સતત મારા પ્રત્યે સ્નેહાળ રહ્યો છે. અને મોહક સ્મિતથી સતત સ્વાગત કરતો રહ્યો છે. એ હૃદયના સંવાદનું મને ગૌરવ છે.

અંતે જાણ્યે અજાણ્યે કોલેજ સાથે સંકળાયેલા તમામ આપ્તજનોનું કયાંક મનદુઃખ થયું હોય તો તેની ક્ષમાયાચના સાથે વિરમું છું.

□ □ □

## દુઃસ્વપ્નના ઓથાર હેઠળ વિદાય

ડૉ. ગુણવંતરાય જે. દેસાઈ

○

કટોકટીની ભેખડ ઉપર ઊભેલો આપણો સમાજ! એક બાજુ ઉચ્ચ શિક્ષણક્ષેત્રે આદિવાસી વિસ્તારની સેવા બજાવવાનો આપણી કૉલેજનો અહાલેક! બીજી બાજુ સમાજને ઊભી તિરાડોમાં તોડી નાંખતા આંદોલનો. શિક્ષણકાર્ય અને સંસ્કારિતાના પ્રસાર માટેના સૂમસામ બનેલા આ પરિસરો, વિદાય વેળાએ નજર અંદાજ થતાં જાણે કે એક ભયાનક ભંગાર!

૧૯૬૯માં કૉલેજના સ્થાપના કાળથી જોડાયેલા શિક્ષકનું સ્વપ્ન હતું. પછાત વિસ્તારમાં ઉચ્ચ શૈક્ષણિક આદર્શો સ્થાપિત કરવા ઉચ્ચ જ્ઞાન-વિજ્ઞાનનો ભારતીય સંસ્કૃતિ સાથે સમન્વય સાધતો આવિર્ભાવ પ્રગટ કરવો. સંચાલક મંડળની પણ ભાવના હતી, સમાજના પછાત વર્ગોને અગ્રિમ હરોળમાં લાવીને રાષ્ટ્રીય એકાત્મકતાનું સેવાકાર્ય યત્કિંચિત બજાવવું, પરંતુ ૧૯૮૫ના આ સીમાચિહ્નના વર્ષમાં ઘેરા વિષાદ વચ્ચે આ સંસ્થા છોડી રહયો છું, ત્યારે પેલું સ્વપ્ન રોળાયેલું લાગે છે, એટલું જ નહિ એક બીજા ભયાનક દુઃસ્વપ્નના ઓથાર પ્રગટ થાય છે. મારો વ્હાલો વિદ્યાર્થી સમુદાય છોડી રહયો છું. મારા કૉલેજ પરિવાર અને સંચાલક મંડળના સભ્યોને અલવિદા કરી રહ્યો છું, કેવળ શૂન્યાવકાશમાં જાણે! અહીં કશી ય ઉપલબ્ધિના ખ્યાલ વિના, કશી ય સિદ્ધિઓના ભાન વિના!

કદાચ આ ભયંકર સામાજિક ભંગારમાંથી નવસર્જનનો શ્રીમાતાજીનો કશોક હેતુ હશે, નિયતિના! કોઈ અપ્રગટ લેખ નક્કર રૂપે

□ □ □

પ્રગટ કરવાની શ્રી માતાજીની આ તકનીક હશે. શ્રી અરવિંદે બીજા વિશ્વયુદ્ધ પછી ભાખ્યું હતું તેમ પ્રકાશના આવિર્ભાવ પૂર્વે અંધકારના બળોને છેલ્લું યુદ્ધ આપવાની આ કશ્મકશ હશે. ગમે તે હોય, આ દશ્ય જગત તો લાગે છે કે આ પથરામારની સંસ્કૃતિ (વિકૃતિ) માટે અમારો સ્વાતંત્ર્યોત્તર કાળનો પુરુષાર્થ ન હતો, આ વેરઝેર માટે આપણે સમુદ્રમંથન ન હોતું કર્યું, આ ઉંબર બહાર વિદ્યાર્થીઓ માટે આપણે શિક્ષણ સંસ્થાઓ ન હતી સ્થાપી અને ઉંબર બહાર ધકેલી મૂકતા શિક્ષણશૂન્ય ગુરુશિષ્ય વચ્ચેના સંવાદ વિનાના વર્ગવાતાવરણ માટે આપણે આટલું તપ ન હતા તપ્યા, વિચ્છેદના પરિબળોના હાથ વડાપ્રધાનની લાશ પાડવાથી માંડી પૂર્વ પ્રાથમિક શાળાઓમાં ભણતા (ખેલતા) ભૂલકાંઓની પાટલીઓ તોડીફોડી સળગાવી મૂકવા સુધી લંબાયેલા છે. આજે બધે જ 'અદૃશ્ય હાથ' ની વાત થાય છે. મોનાલિસાના રહસ્યમય સ્મિત જેવો એ રહસ્યમય હાથ છે.

વિદાય વેળાએ પરમકૃપાળુને પ્રાર્થું છું કે આ દૃશ્યના ઉથલપાથલ પાછળ આવૃત્ત રહેલ આપના અદૃશ્ય શુભસંકલ્પો સત્વરે આર્વિભાવ પામો, અમે સંવાદ પ્રત્યે ગતિ કરીએ. असतो मा सद्‌गमय । तमसो मा ज्योतिर्गमय । मृत्योर्मा अमृतं गमय ॥

□ □ □

સાહિત્ય એ અનંત અકલ્પ્ય સૃજનશીલ સૃષ્ટિ છે. આ સૃષ્ટિમાં વિચરતો માનવી આ કાળમાં ક્ષણિક (કાવ્યની આરાધના કરતો હોય ત્યારે) માનવેતર બની અલૌકિક આનંદ-પરમાનંદમાં રમમાણ થઈ જાય છે. એની સમગ્રતયા સંવિત્તિ પરિશીલનના અવલંબને ઘડાઈ હોવાથી ચૈતસિક વ્યાપારોને આલોકિત કરવા પ્રયાસો કરે છે. આ આલોકિત સૃષ્ટિનું સર્જન તે આપણી સમક્ષ બારાખડીના શબ્દોની લીલા આકારિત થઈને દિવ્ય સૃષ્ટિના દર્શન કરાવે છે.

## કોણ !

— જયેન્દ્ર શેખડીવાળા

o

ધારો કે આંખ હો કુંવારી કન્યકા
તો પાંપણે ફરકયું તે કોણ ?
ધારો કે ફરકયું તે નૈં કહું-નું નામ
તો હોઠ પરે મરકયું તે કોણ ?
ધારો કે મલકયું તે અમથું ગુલાબ
તો યાદ જેવું મ્હેકયું તે કોણ ?
ધારો કે મ્હેકયું તે અષાઢી આભ
તો મન મૂકી ગહેંકયું તે કોણ ?
ધારો કે ગહેંકયું તે જોયાનું સુખ
તો સપનામાં વરસ્યું તે કોણ ?
ધારો કે વરસ્યું તે નિંદરનું રાજ
તો ઝબકીને તરસ્યું તે કોણ ?
ધારો કે તરસ્યું તે પૈણ્યાનું મન
તો મન મહીં થરકયું તે કોણ ?
સખી ! નજરુંમાં સરકયું તે કોણ ?

## વ્યર્થ શોધ

○

હું તને –
ધૂળની પગલીઓમાં
શોધવા પ્રયત્ન કરું છું છતાં
તું તો સાતતાળી આપીને
ક્યાંક સરકી જતી,
સંતાકૂકડી રમવાનું
છોડી દે તે પહેલાં
મને દાવ મળે છે
પણ
હું મારામાં જ ખોવાઈ જાઉં છું,
હું મારામાં જ શોધ આદરું છું
અને મને મળે છે પરિણામ
ઝાકળ જેવું.

□

હર્ષદ પટેલ
દ્વિતીય વર્ષ વાણિજ્ય

## મિલન ક્ષણ ?

○

સ્વપ્નમાં
મધુર યાદ તારી સતાવે
મન મારું ડોલાયમાન બને
મન મારું ચાહે બાહુવાશમાં લઈ તને
પણ......
જાગીને જોઉં તો અંધારામાં
તું ઝાકળ બુન્દની જેમ
સરી જતો
હું વિરહમાં મૂઝાઉં છું
સૂર્યકિરણ વિના કમળ ઉત્ફુલ્લ ન બને
જુદાઈ તારી ન સહેવાય
આપણું મિલન ?
કદાચ
આપણી જુદાઇ
આપણી જુદાઈ
એ
જ
આપણું મિલન ?!

□

રંજન પટેલ
તૃતીય વર્ષ વિનયન

## દ્વિધા

□

એક

સ્મૃતિનું ઘર

ઘરમાં નથી છાજ કે નથી છાપર

ઘરમાં આવે વાવાઝોડું

ઘરમાં કેમ કરીને રહું ?

આ મારા ઘરને

કેમ છોડું ?

□

નયના પટેલ

તૃતીય વર્ષ વિનયન

## ક્યાં ?

o

ક્યાં છુપાઈ છે તું ?

મારા દિલના દ્વારેથી

ચાલી જઈ—

ઝરમર વહેતા ઝરણામાં

મહેકતી આ પ્રકૃતિમાં

કે...

આકાશ તણા તારલામાં

ના...

તું ક્યાંયે નથી

સિવાય

મારા વિરહનાં આસુની અંદર

o

ગીતા પટેલ (તૃતીય વર્ષ વિનયન)

## ગઝલ

★

માર્ગ મેં શોધી લીધો ત્યાં નહીં જવા
જોઉં નીકળે કોણ મુજને શોધવા

લોક સમજ્યા કે કશું માગું છું હું
હાથ જો લાંબો કર્યો કંઈ આપવા

તે પછી ખુદને ય ના સમજી શક્યો
મેં કર્યા યત્નો તને જો જાણવા

હું તને તારાથી પણ છૂપાવતે
તું ન કહેતે જો મને ખુલ્લો થવા

હું સલામત છું એ મારો ભ્રમ નથી
તું ઝઝૂમે છે હજી કાયમ થવા

ક્યાં લગી આ શ્વાસનું તરણું તરે
આ નદી, આ પૂર ને આવી હવા ? !

કેમ સળગાવું હવે દિવાસળી ?
શહેર તત્પર છે તરત સળગી જવા

★

રજની મહેતા

## ફૂલ, સૂર્ય અને હું

○

વીતી ગયા એ દિવસો
હવે હું બની ગઈ એકાકી
વાસંતી વાયરા કેવા પજવે મને
ફૂલ ફૂલ બની વિખરાય
મારા મનના વિચારો......
મારા જ ફૂલની પાંખડી
વિખરાતી હોય
ત્યારે
એની સુવાસથી તરબતર બનું
અરે !
એક સૂરજ ખીલીને
ક્યારે આથમી ગયો
તેની કશી ય ખબર ન રહી !
માત્ર
અંધકાર
ચોતરફ અંધકાર !!!

○

તારા પટેલ
તૃતીય વર્ષ વિનયન

## અહમ્

□

હું
મળી ગયો અચાનક
મને રસ્તામાં
અને
મને સાનંદાશ્ચર્ય થયું
હું ને મારાથી
અલગ નિહાળીને
હું
ફરી એકવાર
મારામાં ભળી ગયો
અને
સામાન્ય માનવી બની
આગળ ચાલી નીકળ્યો
હું

□

વસંત દેસાઈ
(અર્થશાસ્ત્ર વિભાગ)

## વસન્તનું ગીત

o

વસંતે મલકા'તી આંખ કદી એવું કે પાંપણના થડકારે ફોરે છે શ્વાસ
રંગરાગ ફેલાવે સહેજસહાજ પાંખો ને હૈયામાં રંગોનું ફોરે આકાશ
લીલાછમ્મ શબ્દો એવા મળ્યા કે
મળ્યા મોરલીને મૂંઝાતા રાગ
છલકાતી પૂનમના દરિયાનું —
ખીલવું રે ખેલે છે ચૈતરના ફળિયામાં ફાગ
ફૂટે છે રોમ રોમ પર્ણોની ભાષા ને ઘૂઘવે છે મ્હેક મ્હેક ભીના અજવાસ
અંગ અંગ ફૂલોનો પ્હેરું છું વેશ
અને ઊંડેરી ખીણોમાં ઊતરુ
પરસેવે રેબઝેબ સૂરજ હાલે
તો સખી વાયરામાં નામ તારું ચીતરુ
વાસંતી વાયરાને કાગળે મોકલું, ફૂલોની લિપિમાં પર્ણખડિયે મારો છે પ્રાસ
વસંતે મલકા'તી આંખ કદી એવું કે પાંપણના થડકારે ફોરે છે શ્વાસ

o

ગજાનન પટેલ

### છિન્નભિન્ન

o

માનવને
મળ્યું છે મહાનદાન છતાં
વિનિમયનો જ્યારે કરે વિચાર
ત્યારે
આપઘાત કે બલિદાનની
પરંપરા સર્જાય છે...
તેનાથી તો
અણુબોમ્બ જેવા વિસ્ફોટક સંબંધો
બની જાય છિન્નભિન્ન

o

સુરેશ પટેલ
પ્રથમ વર્ષ વાણિજ્ય

### વાંછના

o

હું
વરસાદની માફક
કોઈને ભીંજવીને
કોરાકટ રહેવા નથી માંગતો
મારે તો ભીંજાવું છે
એવા
વરસાદથી
જે
પોતે પણ ભીંજાય
ને
મને પણ ભીંજવે

o

અરુણ નાયક

## એક કાવ્ય

□

હવે આજ
સ્મરણુ કરતાં
મારું જીવન પાણીવેગે વહી રહ્યું
પરંતુ
તારા વિરહમાં
સમય હાથતાળી આપી ગયો
આકાશમાં પંખીઓ
દિશા લઈને ઉડ્ડયન કરે
પરંતુ મારા હૃદયે
તારી સ્મૃતિનું કિરણુ
ભાલાની જેમ ભોંકાય ગયું
ને
રકતવેગે વહી ગયું મન
તારા ભણી.

□

કલ્પના પટેલ
તૃતીય વર્ષ વિનયન.

## સખીને...

○

સખી !
મનમાં
ગોરંભાતા વિચારોનું રાજ,
ખોરંભે પડી ગઈ મારી દુનિયા
હે સખી; દિલમાં દાવાનળ જાગે,
કોણુ તેને ઠારે ?
તું મારા પ્રેમને હંમેશ ભૂલી ગઈ
સંબંધો પણુ તોડી નાખ્યા
મેં નહોતું ધાર્યું
મારા મનથી તુ દૂર ... દૂર ...
વસતી હોય, હસતી હોય
છોને હું એકલી છું
સંબંધો ન તોડીશું
સાથ ન છોડીશું
ભલે તું ન સમજે વેદના મારી,
સખી !
હવે જીભ પથ્થર થતી જાય છે

○

કોકિલા પટેલ
તૃતીય વર્ષ વિનયન

## ॥ सकल वैविध्यम् ॥

आत्मा या अरे द्रष्टव्यः श्रोतव्यो मंतव्यो निदिध्यासितव्य :।

०

શ્રવણ, મનન અને નિદિધ્યાસનની ત્રણ ભૂમિકાઓ જ્યાં સુધી યથાવત્ સિદ્ધ ન થાય ત્યાં સુધી દર્શન–સાક્ષાત્કારની ભૂમિકા કદી પણ સિદ્ધ ન થાય એવો શ્રુતિનો બોધ છે. જેણે સાક્ષાત્કારની ભૂમિકા સિદ્ધ કરી છે તેને અધ્યાત્મશાસ્ત્રમાં 'દ્રષ્ટા' કહ્યો છે. અધ્યાત્મજિજ્ઞાસુ તો ઘણા હોય, પણ દ્રષ્ટા તો વિરલ જ હોય.

– અનિરુદ્ધ બ્રહ્મભટ્ટ

### રાષ્ટ્રીય વિકાસમાં યુવાનોનો ફાળો

ભારતીબેન મિસ્ત્રી
(પ્રથમ વર્ષ વિનયન)

□

યુવાનો દેશની સૌથી મોટી સંપત્તિ છે. યુવાનો દેશના કરોડ રજ્જુ સમાન છે. યુવાનો પાસે તાકાત અને બુદ્ધિ છે અને તેઓ શક્તિ અને બુદ્ધિના યથાર્થ ઉપયોગથી રાષ્ટ્રનો ઉત્કર્ષ સાધી શકે છે. ભારત બિનસાંપ્રદાયિક દેશ હોવાના કારણે વિવિધ ધર્મ, સમ્પ્રદાય, જ્ઞાતિ અને ભાષાનું અસ્તિત્વ જોવા મળે છે; છતાં પણ સદીઓથી રાષ્ટ્રીય વિકાસના દર્શન થતા રહ્યાં છે ભારત ઉપર આક્રમણ થયું હોય કે આક્રમણનો ભય હોય ત્યારે પ્રજામાં રાષ્ટ્રીય ભાવના પ્રબળ જોવા મળે છે. આજે તો ભારતમાં રાષ્ટ્રીય વિકાસની સામે અનેક અવરોધો, પડકારો ઊભા થયા છે. અલગતાવાદ, કોમવાદ, જ્ઞાતિવાદ વગેરે વિઘાતક બળોએ રાષ્ટ્રીય વિકાસ ઉપર કુઠરાઘાત કર્યો છે. તે પ્રત્યે વફાદારી અને સભાનતા કેળવવી ખૂબ જરૂરી છે

ડૉ. રાધાકૃષ્ણને રાષ્ટ્રીય એકતા અંગે કહ્યું છેઃ "રાષ્ટ્રીય એકતા ચૂનો કે ઈંટો વડે બંધાયેલ ઈમારત નથી. એ કોઈ ઔદ્યોગિક યોજના નથી કે જેના ઉપર ઘણી બધી ચર્ચા થાય, કે નિષ્ણાતો દ્વારા અમલમ મૂકાય, રાષ્ટ્રીય એકતા એક એવો વિચાર છે કે જે સમગ્ર પ્રજાના હૃદયમાં હોય. એ એવી ચેતના છે કે જેનાથી સમગ્ર પ્રજા જાગૃત થાય." રાષ્ટ્રીય વિકાસ એ તો સામાજિક મનોવૈજ્ઞાનિક અને શૈક્ષણિક પ્રક્રિયા છે. એના દ્વારા સમગ્ર પ્રજાના હૃદયમાં રાષ્ટ્રીય વિકાસની પ્રબળ ભાવનાનું દઢીકરણ થઈ શકે અને રાષ્ટ્ર પ્રત્યે વફાદારી વધે. એના દ્વારા યુદ્ધ, ક્રાન્તિ કે વિનાશના સમયે રાજ્યને મજબુત બનાવવાનું ધ્યેય સરળતાથી હાંસલ થઈ શકે.

આપણો દેશ આઝાદ બન્યો ત્યારે આપણા દેશમાં અનેક રાજ્યો — નાનાં રજવાડાંઓ અસ્તિત્વમાં હતા. તેમાં તે પ્રદેશ પૂરતી પૂરા સ્વતંત્રતા હતી આ નાનાં નાનાં રાજવાડાઓને ભારતીય સઘંમાં ભેળવી દેવાની અત્યંત કપરી અને સકુલ કામગીરી લોખંડી પુરુષ સરદાર વિલ્લભભાઈ પટેલ અને એમના સેક્રેટરીએ ખૂબજ ટૂંકા સમયમાં અને અત્યંત સફળતાપૂર્વક પાર પાડી હતી. વિલિનીકરણની પ્રક્રિયામાં તેવ ખતે જૂનાગઢ, હૈદ્રાબાદ, કાશ્મીર અંતરાયરૂપ બન્યાં હતાં, છતાં આ અત્યંત મુશ્કેલ, વિવાદાસ્પદ અને અટપટાં પ્રશ્નને સરદાર વલ્લભભાઈ પટેલે કુનેહપૂર્વક ઉકેલ લાવી ભારતની ભૌગોલિક એકતા જાળવી શકયા. નાનાં નાનાં રાજ્યોના વિલિનીકરણનો પ્રશ્ન કે જે રાષ્ટ્રીય અસ્મિતા અને રાષ્ટ્રીય વિકાસ માટે પડકારરૂપ હતો. તે બહુ જ સરળતાથી અને ગૂંચવાયા વિના ઉકેલાય ગયો અને તે સમયથી રાષ્ટ્રીય વિકાસ આડેના અવરોધક પરિબળોનું દફન થઈ ગયું રાષ્ટ્રીય વિકાસના બીજ રોપાયાં

આપણા રાષ્ટ્રમાં કોમવાદ ફેલાવવાનું કામ અંગ્રેજોએ કર્યું. કોમી વૈમનસ્યના બીજ તેઓ જ વાવ્યાં ઈ.સ. ૧૮૫૭ના પ્રથમ સ્વાતંત્ર્ય આંદોલનમાં હિન્દુ-મુસ્લિમ એકતાનો પ્રભાવ જોઈને અંગ્રેજ પ્રજા વિહ્વળ અને સ્તબ્ધ બની ગઈ હતી. હિન્દુ-મુસ્લિમ એકતા અંગ્રેજ પ્રજા માટે પડકાર રૂપ હતી અને એ પડકાર અંગ્રેજો એ ન ઝીલવો પડે તે માટે 'ભાગલા પાડીને રાજ' કરવાની નીતિ અપનાવી. આ કારણે જ કોમવાદનો પ્રાદુર્ભાવ થયો, કોમી ચુકાદા દ્વારા મુસ્લિમોને જ નહિ. પરંતુ શીખો, ખ્રિસ્તીઓ, મરાઠાઓ, સ્ત્રીઓ વગેરેને પણ અલગ મતાધિકાર આપી કોમવાદને વિસ્તૃત ફલક આપ્યું હિન્દુસ્તાનના જ્યારે ભારત અને પાકિસ્તાન એમ બે ભાગલા પડ્યા ત્યારે કોમી રમખાણોએ ખરાબ અસર પ્રવર્તાવી હતી. કોમી રમખાણોમાં હજારો નિર્દોષઅને અબુધ લોકોની પરસ્પર કતલ થઈ અને આ દુષ્કૃત્યથી સૌના શિર શરમથી ઝૂકી ગયાં. આજે પણ પરસ્પર અવિશ્વાસની ભાવના રાખવામાં આવે છે અને તેનાથી પણ રાષ્ટ્રીય વિકાસમાં અવરોધ આવે છે. કોમી રમખાણોના અંગારા સતત જલતા રહ્યા છે. લઘુમતી કોમો તરફ સહિષ્ણુતા, સમતા અને સમન્વયની દૃષ્ટિ અને વર્તન રાખવામાં આવે છે. છતાં પણ આપણા દેશમાં અવારનવાર કોમવાદ વકરે છે, કોમી હુલ્લડો / સઘર્ષો અવારનવાર થાય છે, એ આપણા દેશની ખૂબ મોટી કમનસીબી છે.

રાષ્ટ્રીય વિકાસ માટે અલગતાની ચળવળ પણ અવરોધક બને છે. આપણા દેશમાં ઘણાં રાજ્યોમાં અલગતાની ચળવળ પ્રસરેલી છે. આ અલગતાવાદ અને તે અંગેની ચળવળ રાષ્ટ્રીય વિકાસ માટે ખતરનાક

સર્જિત થાય છે, રાષ્ટ્રને અધોગતિને પંથે દોરી જવા અલગતાવાદ ખૂબ મોટો ભાગ ભજવે છે. અને તેનાથી સર્વનાશ અવશ્ય સર્જાય છે. ભાષાવાર પ્રાંતરચનાએ અલગતાની ભાવનાને ઠીક ઠીક પ્રમાણમાં પોષી છે. આપણે ત્યાં નાના નાના પ્રદેશોમાં અલગ થવાની ભાવના/વૃત્તિ બળવત્તર બનતી જાય છે મેઘાલય મિઝોરમ અને અરુણાચલને એ માટે જવાબદાર ગણી શકાય આપણા દેશને અખંડિતતા પણ ધીરે ધીરે હ્રાસ થશે.એના ભણકારા વાગી રહ્યા છે. મોટા રાજ્યો પણ રાષ્ટ્રીય મુખ્ય પ્રવાહમાંથી વિચલિત થઈને અલગ રાષ્ટ્રની માંગણી જોરશોરથી કરે છે. તામિલનાડુ પશ્ચિમ બંગાળ અને પંજાબને એના દૃષ્ટાંત ગણી શકાય. અલગતાવાદ ઓછો થવો જોઈએ, અને એ ભાવના નિર્મૂળ થવી જોઈએ, તેના બદલે અલગતાવાદની ભાવના દિનપ્રતિદિન વધતી જાય છે.

રાષ્ટ્રય વિકાસ માટે આ બધા પરિબળો યક્ષપ્રશ્નો સમાન બની રહે છે રાષ્ટ્રીય પક્ષોને બદલે પ્રાદેશિક પક્ષોનું અસ્તિત્વ પણ અલગતાની ભાવનાને પોષે , છે. પ્રાદેશિક પક્ષોએ કેન્દ્ર સરકાર સાથે સંઘર્ષ શરૂ કર્યો છે. પ્રાદેશિક પક્ષોનું વલણ સ્વતંત્ર અને અલગતાવાદનું જ રહેશે તો લાંબાગાળે એની લોકપ્રિયતા રાષ્ટ્રીય વિકાસને છિન્નભિન્ન કરી નાખશે આજના યુવાનોએ આ બધા પ્રશ્નો તરફ પૂરે પૂરી સજાગતા અને તકેદારી રાખવી જોઈએ.

આપણા દેશની સૌથી મોટી શકિત કે મૂડી તે માત્ર યુવાનો છે. યુવાનોમાં સાહસ છે, ધગશ છે, છે, તમન્ના છે. તેને અધારે યુવાનો રાષ્ટ્રીય વિકાસ સાધી શકે છે. અજના યુવાનોએ દેશને ઉન્નત બનાવવો જોઈએ. દેશની ઉન્નતિ માટે પ્રગતિશીલ, રચનાત્મક કાર્યક્રમો ઘડી કાઢવા જોઈએ રાષ્ટ્રીય વિકાસમાં આપણા યુવાનો અગત્યનો ભાગ ભજવી શકે. યુવાનોએ વૃદ્ધો અને વડીલોની સલાહ લેવી જોઈએ. અને તેમના પ્રત્યે વિનય, વિવેક દાખવવો જોઈએ. વડીલોની વાતોને ધ્યાનથી સાંભળવી જોઈએ, તેઓની વાત ધરાર ખોટી છે, એવું માની છેક ઉડાવી દેવી ન જોઈએ. તેઓની પાસેથી પણ ઘણું જાણવાનું અને શીખવાનું મળતું હોય છે. મહાત્મા ગાંધીજી સ્વામી વિવેકાનંદ, સુભાષચંદ્ર બોઝ, મહર્ષિ અરવિંદ વગેરે મહાન વ્યકિતઓએ પણ રાષ્ટ્ર માટે સ્વદેશાભિમાન ધરાવતા હતા. તેઓના દિલમાં હરહંમેશ રાષ્ટ્રપ્રેમ અને ઉમદા વિચારો રહેતા હોવાના કારણે દેશને ચરણે જ તેમનું જીવન ધરી દેતા અચકાયા પણ ન હોતા.

યુવાનો રાષ્ટ્રીય વિકાસ માટે મહત્ત્વના કાર્યો હાથ ધરી શકે. શકિત અને સંવિત્તિથી કોઈપણ દેશ પ્રગતિના સોપાનો સરળતાથી સર કરી શકે. જાપાનના હિરોશીમા અને નાગસાકી ઉપર દ્વિતીય વિશ્વયુધ્ધ વખતે બોમ્બવર્ષા થઈ હતી, તેનાથી એ શહેરોનો સમગ્ર વિનાશ થયો હતો. ત્યાર બાદ જાપાનીઝ લોકોએ તે દેશના યુવાનોએ કમર કસીને પુરૂષાર્થ આદર્યો અને યુકિત-પ્રયુકિત પૂર્વકના આયોજનથી વિશ્વની આગલી હરોળમાં સહેલાઈથી સ્થાન મેળવી શકયા સમર્થ બને છે.

આપણા દેશમાં ૩૫૦ લાખ શિક્ષિત બેકારો છે, જેમાં મહદ્અંશે યુવાનો છે. આ યુવાનોને રોજગારી ન મળતા તેઓ નિષ્ક્રિય થઈ બેસી રહે છે. તેથી દેશની ભૌતિક સંપત્તિમાં વધારો થવાને બદલે ઘટાડો થાય છે અને પ્રગતિમાં સ્થગિતતા આવી જાય છે. આજના યુવાનોએ રાષ્ટ્ર પ્રત્યેની જવાબદારી ઉપાડી લેવી જોઈએ. જવાબદારી વિનાના યુવાનો સ્વૈરવિહારી, સ્વચ્છંદી અને ઉચ્છૃંખલ બની જાય છે યુવાનવસ્થામાં અનેક પડકારોનો સામનો કરવાનો હોય છે. નવજાગૃતિ નવનિર્માણ અને રચનાત્મક કાર્યક્રમોમાં યુવાનોનો સિંહફાળો હોય છે. યુરોપ અને ફ્રેન્ચની ક્રાંતિમાં યુવાનોએ જ અગત્યનો ભાગ ભજવ્યો હતો અને રાષ્ટ્રીય ભાવના જાગૃત કરી હતી ભારતની ક્રાંતિ, સ્વાતંત્ર્ય સંગ્રામની ચળવળ અને અન્ય આંદોલનોમાં યુવાનોએ જ યોગ્ય દિશાસૂચન કર્યું હતું.; મહત્વનો ભાગ ભજવીને ધ્યેય હાંસલ કરવા અથાગ પ્રયત્નો કર્યા હતા યુવાનો જ રાષ્ટ્રના સાચા રાહબર બની શકે છે યુવાનો ધારે તો રાષ્ટ્રને ઉન્નત બનાવે. અથવા તો. અવનતિની ગર્ભમાં પણ ધકેલી દે છે.

આજની શિક્ષણ પધ્ધતિ યુવાનોને સંસ્કારે છે, ઘડે છે. અને ભણતર આપે છે છતાં તેના દ્વારા તેમને વ્યવહારુ જ્ઞાન કે વ્યવહારુ તાલીમ મળતી નથી. આજનું શિક્ષણ વાસ્તવિકતા જોડે બંધબેસતું ન હોવાના કારણે જીવનમાં સારી રીતે ગોઠવાઈ શકતા નથી. શિક્ષણ પ્રાપ્તિ બાદ હતાશા કે નિરાશાના વમળમાં ઘેરાઈ જાય છે. યોગ્ય દિશાસૂઝના અભાવે યુવાનો ગમે તે માર્ગ ધારણ કરે તો તેનાથી પ્રગતિ થતી નથી પરંતુ અપ્રગતિને જ નોતરી બેસે છે. યુવાનોએ સામાજિક કુરિવાજો, અંધશ્રધ્ધા, વહેમો, માન્યતાઓને દૂર કરીને સાચી પરિસ્થિતિ સમજાવવી જોઈએ. યુવાનોએ રાષ્ટ્રીય વિકાસમાં અગત્યનો ફાળો આપવો જોઈએ અને હતપ્રભ બનેલી પ્રજાને શ્રીકૃષ્ણ ની જેમ નવસંદેશ આપવો જોઈએ. યુવાનોએ તો આત્મવિશ્વાસથી કહેવું જોઈએ:

"યુવાનીનાં પીધાં છે ઝેર જીરવી બતાવીશું,
વિના ધડકને હ્રદયના શ્વાસને ચલવી બતાવીશું.
ભલેને પાનખર આવી ઉઝાડી દે જીવન ઉપવન
સહરાની અંદર ગુલને ખીલવી બતાવીશું.

□ □ □

## મહાપ્રસ્થાન

સુબોધ પટેલ (તૃતીય વર્ષ વિનયન)

□

જમના બા ઘરની પાછળ આવેલા હિંચકા પર બેસીને નાનકડા સુધીરની રમત નિહાળી રહ્યાં હતાં, સુધીરના મુખ પર બાળ સહજ પ્રફુલ્લતાનો અભાવ હતો. ઉદાસીનીછાયા પથરાયેલી જોવા મળતી, એવામાં ચોકમાં ચકલી આવીને બેઠી. આવતાંવેંતજ સુધીરે પોતાનાં રમકડાંનો ઘોડો ચકલીને માર્યો. જમના બા ને સુધીરની આ વૃતિ ગમી નહિ. તેમણે સુધીરને શિખામણ આપવાના આશયથી કહ્યું : બેટા ! ચકલી ને ન મરાય હો ! ચકલીને મારીએ તો પાપ લાગે !'

વિનયી બાળકની જેમ સુધીરે બાનું કહ્યું સાંભળ્યું. તેને 'પાપ' શબ્દ પોતાની સમજ બહારનો લાગ્યો, અપરિચિત લાગ્યો. તે પોતાના દાદીમા જમના બાને વહાલમાં 'બા' જ કહેતો. તેણે બાને પૂછ્યું. : 'બા, પાપ એટલે શું ? તે કેવું આવે ?

જમના બાને આ સવાલ મૂંઝવણ ભર્યો લાગ્યો. બાળમાનસ ને સમજાય એવો જવાબ જમના બાને જડયો નહીં, તેથી સાંભળ્યું ન સાંભળ્યું કરી સુધીરને ચોકમાંથી ઘોડો લઈ આવવા કહ્યું. સુધીરને 'પાપ વિશે વધુ જાણવું હતું આથી ઘોડો લાવતાં લાવતાં તેણે બાને પૂછ્યું : 'બા, આ થાલી (થાળી) ને માલે (મારે) તો પાપ લાગે ? ' જવાબની અપેક્ષા વિના સુધીરે બીજો પ્રશ્ન કર્યો: 'ને બા આ ખુરશી (ખુરશી) ને માલે (મારે) તો પાપ લાગે?

જમના બાને સુધીર ની આ જિજ્ઞાસુ વૃત્તિ ગમી. ચકલી, થાળી કે ખુરશી જેવી સજીવ-નિર્જીવ વચ્ચેનો ભેદ સમજાવવો એ જમના માને વિશેષ કઠિન લાગ્યો. આથી તેમણે સહજતાથી જવાબ આપ્યો;

'હા બેટા, કોઈને પણ મારો તો પાપ લગે' સુધીરના કુતૂહલ પ્રિય માનસમાં બીજો પ્રશ્ન ઉદ્ભવ્યો : 'બા, પાપ લાગે તો શું થાય ?

જમના બાએ અન્યમનસ્ક પણે જવાબ આપ્યો :

'બેટા ! પાપ લાગે તો પછી મરી જવાય.'

જવાબ સાંભળતાં નાનકડો સુધીર ચમકી ઊઠયો. ગયા સોમવારથી જ તેને બાલવાડીમાં મૂકવામાં આવ્યો હતો. ત્યાં તેના મિત્રોએ જણાવ્યું હતુ કે તારા મમ્મી- પપ્પા તો મરી ગયા છે. તેણે દુઃખ ભર્યા મુખે બાને પૂછ્યું : 'બા માલા ( મારા ) મમ્મી - પપ્પા એ શું પાપ કલેલુ ( કરેલું ) તે મલી ( મરી ) ગયા ? '

જમના બાને આ પ્રશ્ન સાંભળતાં જ આંખોમાં આસું આવી ગયાં. તેમના ગળે ડૂમો બાઝી ગયો. સુધીરને ત્યાં જ રમતો મૂકી પોતાના ખંડમાં આવી પથારીમાં પડીને ડૂસકે ડૂસકે રડવા લાગ્યાં. તેઓ ભૂતકાળ-અતીતનાં ઊંડાણમાં ગરકી પડયાં. કેવા દિવસો હતાં એ ! પોતે અને સુધીરના દાદા ગામડામાં સાધારણ સ્થિતિમાં જીવન ગુજારતાં હતાં. આમ છતાંય એમનો જીવનસંસાર સારી રીતે ચાલતો હતો. જો કે તેમના જીવન બાગમાં સંતાન પુષ્પ ખીલ્યું ન હતું. અનેક ભગવાન/દેવ-દેવીઓની માનતા લીધી. બાધાઓ રાખી ત્યારે પરમેશ્વર કૃપાથી તેમને એક પુત્ર સાંપડયો હતો. એક ના એક પુત્ર રમેશ ને તેમણે ઘણાં લાડકોડથી ઉછેર્યો અને ભણાવ્યો. બી. ઇ ( મિકેનિકલ ) સુધી અભ્યાસ કરી રમેશે સારી નોકરી મેળવી લીધી. જમના બાએ અને તેમના પતિએ રમેશની ઇચ્છા મુજબ લગ્ન કરવા સંમતિ આપી. સુશીલ પુત્રવધૂ આવતાં ઘરની રોનક બદલાઇ ગઇ, સુખના દિવસો દરમ્યાન પુત્ર પ્રાપ્તિ થઇ હતી. સાડા ત્રણ વર્ષનો સુધીર પણ ચાલતો અને કાલું કાલું બોલતાં શીખ્યો હતો. કાશ ! વિધિને તેમના આ સુખના દિવસોની ઈર્ષ્યા આવી અને વિધિએ તેમને ક્રૂરતાભરી ઘટનામાં સંકેલી લીધાં. ગોઝારા રવિવારની રક્તવાણી સંધ્યાએ રમેશ અને તેની પત્ની સ્કૂટર પર સહેલ કરવા ગયાં હતાં. ત્યાં યમદૂત જેવા ખટારાના કાળ-પંજામાં સપડાઈ ગયાં. અરેરે ! જમનાબાના દેવના દીધેલ પુત્ર અને પુત્રવધૂનું કારમું મોત નીપજ્યું હતું. જમના

બા ના હૃદયમાં આ ઘટનાથી ઊંડો ઘા લાગ્યો હતો, પરંતુ સમયના પ્રભાવ આ ઘા ને રુઝવી રહ્યો હતો. સુધીરના પ્રશ્નોએ રુઝાયેલા ઘા ને વધુ તાજો બનાવ્યો હતો. આમ તો આ બનાવથી સુધીર પર પણ વિપરીત અસર થઇ હતી. તે માતાનુ વાત્સલ્ય અને પિતાનું છત્ર ગુમાવી બેઠો હતો. પિતાના છત્રના વિકલ્પે તો દાદાની હૂંફ મેળવી શકે; પરંતુ માતૃ – વાત્સલ્યનું શું ?, જગતની કોઇ પણ શક્તિ એવી નથી કે જે બાળકને સંપૂર્ણ માતૃવાત્સલ્ય આપી શકે ! । જમના બા પણ સનાતન સત્યને ખોટું ઠેરવી શકયા નહીં. સુધીરની માતા-પિતા અંગેની પ્રશ્નાવલિના જવાબ આપવા માટે તેના દાદા – દાદી ઉપરાંત અન્ય ઊર્મિશીલ સ્વજનો નિષ્ફળ રહતા હતા.

ઘણી વખત સુધીર પ્રશ્નોની પરંપરા રજૂ કરતો : "મારા મમ્મી-પપ્પા કયાં ગયાં ? તેઓ મારા માટે રમકડાં લેવા ગયાં ? તેઓ પાછા કેમ ન આવ્યા ? પાછા આવશે તો ખરાં ને ? કયા દિવસે પાછા આવશે ?" આ બધા પ્રશ્નો ના જવાબ આપવા કરતાં સ્વજનો રડી લેવાનું વધારે પસંદ કરતાં. પ્રશ્નો ના જવાબ પણ કેવી રીતે વાળી શકાય ?

દિવસે દિવસે સુધીર વધારે ને વધારે નિરાશ અને કૃશકાય બનતો જતો હતો. સ્કૂટર પર જતાં યુગલમાં તે પોતાના મમ્મી-પપ્પાને જોવાનો પ્રયત્ન કરતો ; યુગલો ને એકીટશે નિહાળી રહ્યા બાદ તેનું હૃદય જબરી નિરાશા અનુભવતું, કારણ કે આવા યુગલોમાં તે માતા પિતા ને ખોળી શકવા અસમર્થ રહ્યો હતો. કોઈવાર રાત્રે જમના બા સાથે સૂતા સૂતા 'મમ્મી પપ્પા'અને બોલી ઊઠતો અને તેનાં આ ઉચ્ચારોથી જમનાબાની આંખોમાંથી ઊંઘ ઊડી જતી અને આંખોમાં આંસુ પરોવાઈ જતાં.

સોમવારથી જમનાબાએ સુધીરને બાલવાડીમાં મૂકયો હતો. સુધીર પણ તેના મિત્રો સાથે રમતો, વાતો કરતો. મિત્રો સાથેની વાતચીતમાં તેને જાણવા મળતું કે તેના માતા-પિતા મરી ગયા છે. અને સ્વર્ગ તરફ જવાના રસ્તા વિશે પૃચ્છા કરતો પણ તેના સહાધ્યાયીઓ એ વિશે જવાબ આપવા અસમર્થ હતા. આટલું જાણ્યાં બાદ સુધીરના ચહેરા પર આશા-ઉત્સાહની સુરખી જોવા મળતી, કારણકે તેને થતું કે હવે તે તેના માતા-પિતાની શોધ આરંભી શકશે. જમના બા પણ સુધીરનો આનંદ-ભર્યો ચહેરો જોતા સુખની લાગણી અનુભવતાં પણ જમનાબાને કયાં ખબર હતી કે તેના માતા-પિતા વિશે કંઈક જાણવા મળ્યું, તેનો આનંદ હશે. ! સુધીર હવે 'સ્વર્ગ તરફ જવાનો રસ્તો કયો છે ?' એ જાણવા પ્રવૃત્ત રહેવા લાગ્યો. આ અંગે તે તેના સ્વજનોને પૂછતો જ નહીં કારણ કે તેને લાગતું કે તેઓ તેની એ વાત ને દાબી જ દેતાં. તે તેના સ્વજનોથી અતડો રહેવા લાગ્યો, કારણકે તેને લાગતુ કે એઓ ખરાબ છે. નિર્દય છે, એના કરતાં તો પોતાના મિત્રો સારાં કે જેઓ માતા-પિતા અંગે કંઈક માહિતી આપે.

એક દિવસ તેને વિચાર આવ્યો કે સ્વર્ગ અંગે તે બાલવાડીમાંના બહેનને પૂછે તો કેવું ?! આ વિચાર તેને ગમ્યો. તેણે એક દિવસ એકાંતમાં તેના બહેનને પ્રશ્ન પૂછયો :

'બહેન; સ્વર્ગ તરફ જવાનો રસ્તો કયો છે?

તેના બહેન પણ બાળમાનસ વિશે કાંઈ જાણતાં ન હતાં. તેમને પણ સૂઝ્યું નહીં કે આ બાળકને શા કારણે આવો પ્રશ્ન સતાવે, તેઓ પ્રશ્નની ગંભીરતા સમજ્યા નહીં અને બાળકને જવાબમાં સ્મશાન ગૃહ તરફ જવાનો રસ્તો બતાવ્યો. સુધીરને બહેન ઘણા જ સારાં લાગ્યાં.

સુધીરના મનમાં મમ્મી-પપ્પા ને મળવા જવાના વિચારો પ્રબળ બન્યા. ધીરે ધીરે નિસ્તેજ સુધીર હવે ઝીણા તાવનો ભોગ બની ગયો. તેણે વિચાર કર્યો કે પોતે વધુ માંદો પડે તે પહેલાં પોતાના માતા પિતાને મળવાની યોજના અમલમાં મૂકવી જોઈએ. એક દિવસ સાંજના તેણે પોતાના મહોલ્લાના સમવયસ્ક મિત્ર રાકેશને જણાવ્યું કે આજે રાત્રે તે તેના માતા-પિતાને શોધવા જવાનો છે. તેના મિત્રને પણ સુધીરનો વિચાર ગમ્યો. સુધીરે રાકેશને ચેતવણી પણ આપી કે જો જમના-બા તેની શોધખોળ કરે તો તેને તું મારા જવા વિશે બાંહેધરી કશું ન કહે. જમના બા એ સુધીરને જમવા બોલાવ્યો. સુધીર રોજ ત્રણેક ભાખરી ખાતો પણ આજે તેણે એકજ ભાખરી ખાધી. તેને એમ હતું કે જો ભાખરી વધશે તો પોતાની મુસાફરી દરમ્યાન ખાવા કામ લાગશે. જમનાબા રસોડાનું કામકાજ પતાવી બહાર ઓટલે આવ્યા. સુધીર પોતાની તૈયારી નિર્વિઘ્ને કરવા લાગ્યો. તેણે એક નાનકડી થેલીમાં પોતાનાં બે જોડ કપડાં બાંધ્યાં અને રસ્તે ભૂખ લાગે ત્યારે ખાવા કામ લાગે એ માટે રસોડા માંથી ચોરી છૂપીથી બે-ત્રણેક ભાખરી બાંધી લીધી. આ રીતે થેલી તૈયાર કરી પોતાની પથારીના ખાટલા નીચે સંતાડી દીધી.

રાત્રે જમનાબા સાથે સૂઈ ગયો. તેણે ઊંઘી જવાનો માત્ર ઢોંગ કર્યો કારણ કે રાત્રે અગિયારેક વાગ્યે તો ઘરમાંથી ચોરી-છૂપી તો નીકળી સ્મશાનગૃહના રસ્તે થઈ પોતાના મમ્મી-પપ્પાને મળવા જવાનું હતું. રાત્રે તે જાગૃત રહી શક્યો નહીં અને ઊંઘી ગયો. રાત્રે તાવે માઝા મૂકી તેનું શરીર તાવમાં ધગધગતું હતું. તે ઊંઘમાં બોલી ઊઠયો : "મમ્મી-પપ્પા" : હું તમને મળવા આવી રહયો છું" જમના બા ભરઊંઘમાં હોવાના કારણે કશું જાણી શકયા નહીં. મમ્મી-પપ્પા ને ઝંખતા સુધીરે તેમને મળવા માટે સ્વર્ગના રસ્તે મહાપ્રસ્થાન કર્યું.

□ □ □

## જીવન એટલે શું ... !!?

- દીપક રાઠોડ (દ્વિતીય વર્ષ વાણિજ્ય)

o

### જીવન અને ખેતર ......

મનુષ્યજીવન એ એક ખેતર જેવું છે, ખેતરમાં સારો પાક ઉગાડવા માટે, એના પોષણ માટે ખેતર ને ખેડી વ્યવસ્થિત કરવામાં આવે છે. એમાં બીજ રોપી નિયમિત પાણી પાવું પડે છે. બીજ અંકુરાઈ ત્યાંથી તે એમાં દાણા આવે ત્યાં સુધી એ ખેતરમાં નિંદામણ કરીને વ્યવસ્થિત પણે સાફ સૂફ રાખવુ પડે છે. આ જીવન રૂપી ખેતર ને સતસંગરૂપી હળથી ખેડી આધ્યાત્મિક ભકિતથી એને સાફસૂફ કરી પ્રભુનામરૂપી

બી વાવવા પડે. અને એ વાવ્યા પછી સતત પ્રભુભકિત કરી તેને ચોખ્ખું રાખવા માટે રાત દિવસ જ્ઞાન અને વિવેકનો ઉપયોગ કરવો પડે છે. જ્ઞાનરૂપી પાણી પાયા પછી તેના અંકુરો પૂર્ણ અવસ્થામાં આવી ફળ પ્રાપ્ત કરે છે. એ ફળ એટલે જ્ઞાનરૂપી ભકિત કહેવાય. આ ફળને સાચવવા માટે જાગતા રહેવું પડે છે. જાગતા ન રહીએ તો કામરૂપી ચકલાઓ એ દાણાને ખાઈ જશે. એ સાચવવા માટે સતત તકેદારી રાખવી પડે છે. મનુષ્ય જીવનને પણ કાળચક્ર ભરખી જાય તે પહેલાં જાગૃત રહી પ્રભુ ભકિતમાં જીવન વિતાવવું જોઈએ. જો જરાપણ બેધ્યાન રહયા તો પક્ષીઓ ઝડપથી ચણી જશે. પાછળથી પસ્તાવાનો કશો અર્થ ન રહે. ખેતી માટે સાધન તથા બીની આવશ્યકતા રહે છે; તેવીજ રીતે જીવન માટે પણ ભકિત રૂપી સાધનની જરૂર હોય છે. પ્રભુ નામનું સ્મરણ અજ્ઞાનરૂપી જડ ખેતરને ખેડી સાફ બનાવે છે. જયાં સુધી ખેતર ખેડાયેલું ન હોય અને ફકત પડતર હોય તો હળ ફેરવવુ નિરર્થક અને મુશ્કેલ બને છે. પ્રથમ અજ્ઞાન માણસોને જ્ઞાની બનાવવા કઠણ છે. ખેડૂતરૂપી ગુરુ તેના પ્રેમરૂપી હળવડે સાધકના આત્મારૂપી ખેતરની અંદર કઠોરપણે પણ હળ ફેરવશે અને એ હળ ફેરવ્યા પછી અજ્ઞાનરૂપી કઠણજ મીન પણ કોમળ બની જાય છે. ગુરુકૃપા અને ભકિતથી ખેડાયેલું ભકતનું હૃદય પણ કોમળ બની જાય છે. જયારે ભકતહૃદય પોચું થઈ જાય તો તેમાં જ્ઞાનરૂપી બી વાવવાથી વિવેકરૂપી ફળ જરૂર મળશે. ભકિત માર્ગમાં જ્ઞાન, વિવેક અને વૈરાગ્ય નહીં હશે તો ભકિતરૂપી ખેતી અધૂરી રહી જશે. સૌ પ્રથમ જ્ઞાન ભકિત અને વિવેકાધીન વૈરાગ્યની ખાસ જરૂર છે, જ્ઞાન વગરની ભકિત અને વિવેક વિનાનું વૈરાગ્ય નકામું છે. દરેક માણસે પોતાના જીવનમાંથી વિકાર કે અહંકાર, મિથ્યાભિમાન કે ગર્વના દૂષણોનો દૂર કરવા સતત પ્રયત્નશીલ રહેવું જોઈએ. આ રીતે મનુષ્ય જીવન ખેતી સાથે યોગ્ય સામ્ય ધરાવે છે.

## જીવન અને પતંગિયું

મનુષ્યનું જીવન એક ઉડતા પતંગિયા જેવું છે, જેવીરીતે પતંગિયું અનેક પુષ્પોની પાછળ ભટકયા કરે છે, તેવીજરીતે મનુષ્યપણ અનેક વિષયો તરફ ભટકયા કરે છે. પતંગિયું એના સ્વાર્થ પૂરતું દરેક પુષ્પ પર બેસે છે, પણ તેને કોઇ એકજ ફૂલ પર કંઇ પ્રેમ હોતો નથી, તેવીજ રીતે મનુષ્ય પણ દરેક સાથે સ્વાર્થ પૂરતો જ સંબધ રાખે છે. પતંગિયુ અનેક પુષ્પોની પાછળ ફરે છે, પણ જયારે તેને પ્રકાશ દેખાય છે ત્યારે તે પુષ્પોની પાછળ ભટકવાનું છોડે છે. અને તે પ્રકાશની પાછળ ફર્યા કરે છે. જો મનુષ્યને પરમાત્માનું જ્ઞાન થાય તો તે પણ વિષયો તરફ ફાંફા મારતો અટકી જાય. પતંગિયું દીવાની ફરતે ફરે છે તેમ છતાં તેને સાચા આનંદ મળતો નથી એટલે અંતે તે દીવાની જયોતમાં એનું સ્થૂલ શરીર અર્પણ કરી બળી મરે છે. ખરેખર એ દીવાની જયોતમાં પોતાની જીવન જયોત સમાવી દે છે. મનુષ્ય ને પણ પરમતત્વનો અનુભવ થતાં તે પણ તેમાં સમાવવાનો પ્રયત્ન કરે તો તે તેમાં સમરસ થઈ શકે છે યાને એકાગ્ર થઈ શકે છે મીઠાની પૂતળી સાગરમાં મૂકતાં જ તેમાં સમાઈ જાય છે યાને એકરૂપ થાય છે એટલે એ પૂતળી નો આકાર અને રૂપનો નાશ થાય છે. પછી તેનું આગવું સ્થાન રહેતું નથી તેવીજ રીત

મનુષ્ય સદ્‌ગુરુના દયા સાગરમા મીઠાની પૂતળીની માફક સમાઈ જાય યાને એક રૂપ થાય તો મનુષ્યના પણ નામરૂપ અને આકારનું આગવું સ્થાન રહેશે નહિ અને એની જીવન જયોત ગુરુનીજયોતમાં સમાઈ જઈ અંતે એક જ જયોતરૂપે રહેશે.

જે રીત પતંગિયું દીવાનાં પ્રકાશ ને જોઈ સુમધુર ફૂલ છોડી દઈ પ્રકાશ તરફ ધસી જાય છે; તેજ રીત મનુષ્યો એ પણ ગુરુભકિત માં મન લાગતા પોતાના સંસારના સુમધુર સુખો છોડી આ પ્રકાશ રૂપી ગુરુભકિતમાં જોડી પોતાનું જીવન ધન્ય બનાવવું જોઈએ.

□ □ □

## વસન્ત આગમને

ડૉ૦ અબ્બાસઅલી તાઈ

o

ખાખરાના તામ્રવર્ણ પર્ણોમાં સંતાઈને બેઠેલા ફાગણને અનિમેષ નયને તાકયાં કરવાનું સુખ | અલપઝલપ પડછાયાની જેમ પસાર થઈ જાય છે. ક્ષણેકમાં બારમાસી ફૂલ કરતા, ઋતુચક્ર મહોરતાં મોસમી ફૂલોનો આનંદ તો સવિશેષ જ હોય ! નિર્જન, વેરાન ધૂળડમરીના વંટોળથી વીંઝતા આ વનાંચલમાં માલવિકા અને બકુલિકાના અંચલો ઊડાઊડ કરે છે. મધુમક્ષિકા ડંખ દે છે, એ વાત ભૂલાઈ ગઈ છે. આ જો તો પૂડાના પહાડ પરનું એનું નર્તન પણ માદક લાગે છે. ખિસકોલીની ચિક ચિકનો તરવરાટ વસંતની ત્રિવિધ પગદંડીનો મહિમા ગાય છે.

લીમડાની ઝીણી ઝીણી મંજરીઓ કોડયારા પર નાંખેલ લોટની જેમ કંપે છે. નીચે રાફડાના મહેલના કોટ કાંગરા પર કીડીઓની સિપાઈ પંક્તિ રોન મારી રહી છે. પડેલા ઘાને રુઝવવા લીમડે ગુંદરનો ચીકણો લેપ લગાવ્યો ને મહુડાની લંબગોળ આંખો તો હજી માદક માદક !! કેટલીક આંખો ધીરે ધીરે ડોળીફળ પ્રદેશ તરફ પગલી માંડવાની મીટ લગાવી રહી છે. મહુડાનાં ચીકણાપાનનો સહવાસ ત્યાગી એ ડોળાન વાસિતી પ્રદેશમાં નિમંત્રે છે.

કોયલની કુહુક ઋતુરાજના આગમનનું ટકોરખાનું છે. લાંબો સ્વર કૂ...ઊ...કૂ...ઊ કરી ધીરે ધીરે કૈ...ઊ... આખા અરણ્ય વનવિભાગને ભર્યો ભર્યો કરી દે છે. કોયલની પાછળ પાછળ ઊડતો કાગ

છે ! પાંદડાની આડશમાં ચાંચ મારી એનાં પીંછાં ખેંચે છે, લાગે છે વસંતના છાકથી મત્ત છકી ઊઠયો છે ! પાંદડાની આડશમાં ચાંચ મારી એનાં પીંછાં ખેંચે છે, લાગે છે વસંતના છાકથી મત્ત છકી ઊઠયો રૂપાંતરિત કરી દે છે અને ખડખડાટ હસી બેઠેલ પવન પણ પોતાની મંદ મંદ ગતિને કયારેક ત્વરિતગતિમાં રૂપાંતરિત કરી દે છે અને ખડખડાટ હસી પડે છે.

બાલ્યવયમાં સાંભળેલ દંતકથાનું ઝરણું આજે વયનું વસ્ત્ર ઉતારી દિગબંર બન્યું છે અને ખળખળ વહેવા માંડયું છે. આ ખાખીની મઢી પાસેના પીપળો ઋષિરાજ જેવો સ્થિર ઊભો છે. અહીં બેઠેલ સૂફીસંત સંસાર પાર કરીને ગયા છે, છતાં આજે પણ ચીપિયા વગાડે છે.

પાસે સતીના પગલાં પથ્થરમાં છાપ મૂકી ગયાં છે, તેમાંથી ઝાંઝરીનો ઝણકાર નીકળે છે, અને ગોરી ગોરી પગલી પર લહેરાતી આભલા–ચણિયાની વણઝારી આભા મારી આંખોમાં રંગ પૂરે છે. કડુવૃક્ષ નીચે ગેરુથી રંગેલ કદરૂપો લાલ પથ્થર કેવળ આંખના આકારથી માહાતમ્ય ટપકાવે છે અને જાણે પાસે પડેલ મરઘાના પીંછડાને પવનમાં ઊડાડી પોતાની ભગવી ધજા ફરકાવે છે. કાજળમિશ્રિત કાળું કોડિયું હજીય આશ્ચર્યાન્વિત થઈને ટગર ટગર જોયા કરું છું. અવાવરુ વાવડીમાં ડૂબેલ વણજારી કન્યાની ઝાંઝરી સંભળાય છે હજી, ને કુસુમવસ્ત્રો મનને મુદાથી ભરી દે છે.

મકાઈની રખેવાળી માટે ઊભો કરેલો કરમદીનો દુર્ગ મારે મન સૌંદર્યનું ઉપાદાનમાત્ર બની જાય છે. અને હળવેકથી | તોડાઈ જાય છે, એક કરમદુ. કાચા ગોળમટોળ કરમદામાંથી પયોધારા વહે છે. કરમદું મોંમા મુકાઈ જાય છે. શૈશવ રોમરોમમાં રણઝણે છે. શૈશવ સ્મરણનો કંપિત સ્પર્શ અનુભવાય છે. વાયુની લહરી કેસૂડાંની પાંખડીઓનો મસ્તક પર અભિષેક કરે છે.

હું પુનઃ બાલ્યકાળનો રાજવી બની જાઉં છું, પેલો મહુડો ને શીમળો એ તો મારા બાળરાજ્યમાં વન્યપ્રદેશના પ્રહરી છે. મહુડો માદકતાથી ને શીમળો લાલચટ્ટક ફૂલોથી મારી રણભેરી વગાડે છે. આ મોગરો, જૂઈ, જાસૂદ, ચમેલી એ બધાં મારી પરિચારિકાઓ છે. મધુમાલતીની સુવાસ મારી સમયરહિતતાનો ખ્યાલ આપે છે. કલબલતી કાબરનું ટોળું મારી ચર્ચાસભા છે. જેમાં પારેવાંથી લઈ દૈયાડિયાં સુધી બધા જ ભાગ લઈ શકે છે. વચ્ચે વચ્ચે સંભળાતી ત્રાડ અહીંના સેનાપતિનો સાવધાની અંગેનો ટંકાર છે.

આ મારું રાજ્ય છે, જેની અસીમ સરહદ છે. પશુ–પંખી વૃક્ષવેલી એની પ્રજા છે. તૃણના ગર્ભમાં છુપાયેલ અંકુરમાં અને ધરતીના પેટાળમાં, બંધ બીજકણમાં મારો ઉન્માદ નિહિત છે.

મંદમંદ સમીર વંટોળિયાના રથમાં બેસી મારા વન્ય પ્રદેશની ચોકી કરતો ચોકીદાર છે. કેસૂડો મારું શિરછત્ર છે, એના પાનની રેખા મારી જીવનરેખા છે, દંતકથાનું ઝરણું મારો જીવંત ઈતિહાસ લખે છે, કેસૂડાંનાં ત્રણપાન મારા ત્રિલોકની રાજ્ય પતાકા છે.

અહીં પગલી માંડતાં જ મારો ઠાઠ ને વૈભવ બદલાઈ જાય છે. અહીં શહેરના ધુમાડાનું ધુમ્મસ નથી, અહીં તો રાત્રિના પાલવમાં છુપાયેલ, લપાયેલ અંધકારની સુવાસ કોમળ કોમળ મહેકે છે. અહીંના રત્નો તિજોરી કે લોકરોમાં બંધ કરી વિદ્યુતકરંટને નથી સોંપવા પડતાં, અહીં તો બટમોગરો ને કેળના પાન પર સુપ્રભાત રત્નો સર્જે છે, જે આંખે આંજીએ છીએ. એ રત્નોને રખેવાળી ની જરૂર નથી. ક્યારેક અગિયો પ્રકાશપુંજને ચમકાવતો નીરખી જાય છે. અહીં ગંધાયેલ ગટરોના વહેણ નથી; અહીં તો શાંતસમીરનું મહેકતું ઝરણું વહે છે અને પાંખમાં ચાંચ નાખી અહીં વિશ્રામ લે છે; એ આરામને ટહેલો ફૂટતી ટશરો ધીરેધીરે જગાડે છે, ને સૂર્યકિરણો થાકમીડને પંપાળે છે. ઓસબિંદુ મંદમંદ સ્મિતથી સારેગમ છેડે છે. ડાળપાંદડાં ને પુષ્પછાયાઓ મારો વૈભવ ગાય છે. ત્યારે મારું મન સ્તનપાન કરતા શિશુમાં પલટાઈ જાય છે.

સાચું જીવન તો શૈશવના આંગણે જ !! બાકી પેલા અનુસ (સીતાફળ) ના દાંતમાં દાદાજીના દાંત ને મકાઈડોડાનાં રેસામાં પરાના વાળ શોધવાનું શું પ્રયોજન હોઈ શકે ?? મારા રાજ્યકાળનો ભૂતકાળ હજુય દૂર દૂર દંડકારણ્યના 'ડાંગમેળા' માં મહાલે છે. ચાંદીના હારડામાં એ લટકે છે. છૂંદણા થઈ એ છાતી એ ધબકે છે, મોલને ચગડોળે ચકરાવો લે છે. થાળી ઊભી વાંસ સળીમાં મારો મહિમા ગવાય છે. આ સૂટના ભાર નીચે પણ મને મારું કૌપીનધારી અસલીરૂ પહજી ય નજરે ચડે છે

પણ... આજે ક્યાં છે અતીતના સોબતી જોડે ઘૂમવાનો એ તરવરાટ? બે પૈસાની સોડાબાટલી માંથી ચારફરતી અમૃતરસ મ ચૂરાનો આનંદ? બાપુરાનાં પત્તાંનો મહેલ બનાવી ગરમાળાનાં ફૂલોથી સજાવી તેમાં જીવવાનો ઉલ્લાસ ક્યાં છે? ક્યાં છે રાનીબિલાડાની આંખનાં કૂંડાળા જેવા આનંદ કિલ્લોલનાં નૃત્યો ?

હું તો શૈશવના વન્યપ્રદેશથી દેશનિકાલ થઈ ગયો છું ડામરરોડની ચળકતી ગગનચુંબી દુનિયામાં જ્યાં લપસવું ને સરકવું એજ જીવનની ગતિ મનાય છે ઘડિયાળના કાંટાના આદેશથી જીવનને ચકકર ચકકર ઘુમાવતો ફરું છું, હું પોતે ય રઝળ્યા કરું છું. સાલિયાણાંના વૈભવ તો મેં ય ખોયા છે.

અહીં ડામર શ્વસીને હું જીવી રહ્યો રે લોલ
મારા પગલાં ને પગને સીવી રહ્યો રે લોલ.

મારો ખોવાયો દેશ કદી મળશે રે લોલ
મારા શૈશવની માનતા ય ફળશે રે લોલ.

□ □ □

## જાપાનનો આર્થિક વિકાસ અને તેમાંથી મળતા બોધપાઠ.

□

હંસા ટેલર ( દ્વિતીય વર્ષ વાણિજ્ય )

છેલ્લા ૩૦ વર્ષના સમયગાળા દરમ્યાન જાપાને જે આર્થિક સિદ્ધિ હાંસલ કરી છે, એ એક અભૂતપૂર્વ સિદ્ધિ છે. કેટલાક લોકો એને 'એશિયન ચમત્કાર' તરીકે ઓળખાવે છે. પરિણામે જાપાન આજે વિશ્વના અન્ય દેશો માટે ધ્યાનાકર્ષક બની ગયું છે.

ઈ. સ. ૧૮૬૭ થી ૧૯૧૨ સુધી જાપાનનું અર્થકારણ ખૂબ જ નબળું હતું. વિકાસના નૂતન યુગ માટેનાં પાયા પણ નબળા નંખાયા હતા. બીજા વિશ્વયુદ્ધ બાદ અને ખાસ કરીને ૧૯૫૦ ના સમય પછી જાપાનમાં સફળતાની શરૂઆત થઈ, તે તે પહેલાનું જાપાન લગભગ ભારતના અર્થકારણને મળતું આવતું હતું. ઈ. સ. ૧૯૫૦ પછી આજ-સુધીમાં જાપાને જે વિકાસ અને સિદ્ધિ હાંસલ કર્યાં છે. અને આજે જે સ્થાન પ્રાપ્ત કર્યું છે; તેનો ખ્યાલ નીચેની વિગતો ઉપરથી આવી શકે એમ છે.

કુલ રાષ્ટ્રીય પેદાશ ( Gross National Product ) ની દ્રષ્ટિએ જાપાન આજે વિશ્વના અન્ય દેશોની સરખામણીમાં ત્રીજું સ્થાન ભોગવે છે. અને ચાલુ સદીના અંત સુધીમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કરવાની અપેક્ષા રાખે છે. જાપાને બતાવી આપ્યું છે કે શાંતિપૂર્ણ સાધનો અને લોકશાહી પધ્ધતિ દ્વારા ગરીબી અને બેકારી નાબૂદ કરી શકાય છે. ઉત્પાદકતાની દ્દષ્ટિએ જાપાન આજે વિશ્વમાં પ્રથમ નંબરનું સ્થાન ધરાવે છે. ૧૯૭૯-૮૦ દરમિયાન જાપાનમાં વાર્ષિક ૭.૫% નો ઉત્પાદકતાનો દર હતો. જાપાને ઉત્પાદકતા ક્ષેત્રે પ્રાપ્ત કરેલી આ સિધ્ધિમાં ત્યાંના મેનેજમેન્ટે પણ મહત્વનો ભાગ ભજવ્યો છે. જાપાનનાં સાનડિઆગોમાં આવેલ 'SONY PLANT' એ ઉત્પાદકતા ક્ષેત્રે વિશ્વ વિક્રમ સ્થાપિત કર્યો છે. જાપાન આજે દરરોજ લગભગ ૬૦૦૦ જેટલી મોટરકાર અમેરિકા બંદરે ઉતારે છે. આથી અમેરિકાનો મોટરકાર ઉદ્યોગ ગંભીર સમસ્યા ભોગવી રહ્યો છે: ૧૯૬૮ થી ૧૯૭૮ ના ગાળા દરમ્યાન જાપાનનાં ઇલેક્ટ્રોનિક ઉદ્યોગનું ઉત્પાદન ત્રણ ઘણું વધી ગયું છે. અને નિકાસ પાંચ ઘણી વધી ગઇ. અમેરિકા જેવા વિકસિત અને અન્ય દેશનાં બજાર આજે 'Made In Japan' ની ચીજવસ્તુઓથી ઉભરાઇ રહ્યાં છે. ખાસ કરીને જાપાનમાં તૈયાર થયેલા ઇલેક્ટ્રોનિક સાધનો ઘડિયાળો, ટેપરેકોર્ડર, કેસેટ, કાપડ વગેરે વસ્તુનો વિચાર ઉપરના સંદર્ભમાં થાય છે. આમ આધુનિક જાપાને આર્થિક, સામાજિક અને સાંસ્કૃતિક ક્ષેત્રે મહત્વની કહી શકાય એવી સિધ્ધિઓ હાંસલ કરી છે ગરીબી અને બેરોજગારીનું પ્રમાણ નહિવત છે.

જાપાને છેલ્લા ૩૦ વર્ષ દરમ્યાન જે સિદ્ધિ હાંસલ કરી છે; તેની પાછળ રહેલા વિવિધ પરિબળોમાંનાં કેટલાંક મહત્ત્વના પરિબળો નીચે મુજબ દર્શાવી શકાય:

(૧) કામના વધુ કલાકો અને ખેતીક્ષેત્રમાં રોકાયેલાં વધારાનાં શ્રમનાં પુરવઠાનું ઉત્પાદકીય એવા ઉદ્યોગક્ષેત્રમાં સ્થળાંતર આ પરિબળના કારણે ઉત્પાદકતામાં વધારો જોવા મળે છે. કામના કલાકો ઘટાડવાના નિર્ણયનો જાપાનના કામદારો હમેશાં વિરોધ કરે છે.

(૨) જાપાનમાં મૂડીસર્જનનો દર પણ અન્ય દેશોની સરખામણી કરતાં ઊંચો જોવા મળે છે. ઈ. સ. ૧૯૫૩ થી ૧૯૭૨ ના ગાળા દરમ્યાન કુલ રાષ્ટ્રીય પેદાશ ના $\frac{૧}{૩}$ ભાગ જેટલું રોકાણ થયેલું જોવા મળ્યું હતું. બચતના ઊંચાં દરને કારણે આ શકય બન્યું છે.

(૩) ટેકનિકલ જ્ઞાન ધરાવતા ટેકનિકોનો યોગ્ય ઉત્પાદન ક્ષેત્રમાં ઉપયોગ થાય એ પણ એક વિશિષ્ટતા છે. જાપાનીઓ હમેશાં આધુનિક ટેકનોલોજીકલ જ્ઞાનનાં વિકાસ કાર્યમાં વ્યસ્ત હોય છે. નવી ટેકનોલોજી અન્ય દેશોમાંથી ખરીદી એજ પ્રકારની ટેકનોલોજી વિકસાવી સ્વાવલંબી બનવાનો પ્રયાસ થાય છે.

(૪) ઝડપી ટેકનોલોજી અને ઔદ્યોગિક વિકાસને કારણે ખેતીક્ષેત્રમાં રોકાયેલા વધારાના શ્રમના પુરવઠાનું ઉદ્યોગક્ષેત્રે સ્થળાંતર કરવામાં આવ્યુ. ઉદ્યોગનું સ્થળ જેમ બને તેમ બજારની નજીક અને વિકેન્દ્રીત રીતે ઉદ્યોગો સ્થાપવામાં આવ્યા, જેથી એકમદીઠ ઉત્પાદન ખર્ચ ઓછું આવે; આને કારણે પણ ઉત્પાદકતામાં વધારો થયો.

(૫) સરકારે પણ આર્થિકવિકાસ અને ઉત્પાદકતા વધારવા માટે કેટલાંક પ્રોત્સાહનો પૂરા પાડયા, જેમકે કેટલાક કરવેરામાં રાહત યોગ્ય વ્યાજના દરે ધિરાણ ની સવલત વગેરે. જાપાનમાં કરવેરાનુ પ્રમાણ ૧૮.૫ % જેટલું જ જોવા મળે છે. ત્યાં ધંધાકીય પ્રવૃત્તિ અને બજારની પરિસ્થિતિને નફાના ઉદ્દેશ કરતાં વધુ મહત્વ અપાય છે.

(૬) જાપાનની આર્થિક પરિસ્થિતિનો મોટો આધાર નિકાસ ઉપર રહે છે. ત્યાંની Ministry of Trade એ નિકાસ વધારાની મહત્ત્વની સંસ્થા છે. જાપાનનાં વડા પ્રધાન આ સમિતિમાં અધ્યક્ષ નું સ્થાન ધરાવે છે. આ સમિતિ વિવિધ ઉદ્યોગોને ઈષ્ટકદ, ગુણવત્તા વગેરે બાબતે વારંવાર સલાહ સૂચનો આપે છે. જાપાનનો નિકાસ દર ઘણો ઊંચો જોવા મળે છે. નિકાસ દર ૧૬.૩ % જોવા મળે છે.

જાપાનની ઉત્પાદકતા અને આર્થિક વિકાસ ના ક્ષેત્રે પ્રાપ્ત થયેલી અભૂતપૂર્વ સિદ્ધિ મેનેજમેન્ટ ને પણ આભારી છે. જેનો ખ્યાલ નીચેની વિગતો ઉપરથી આવી શકે છે. એમાના કેટલાક મુદ્દાઓ ઉપર ભારત જેવા દેશે પણ યોગ્ય વિચાર કરવો ઘટે :

**રાષ્ટ્રહિતનું પ્રથમ મહત્વ :** જાપાનીઓનો રાષ્ટ્રપ્રેમ વિશ્વ વિખ્યાત છે. રાષ્ટ્રહિતની દરેક પ્રવૃત્તિ વચ્ચે સંવાદિતા જળવાય એવાં પ્રયાસો હમેશાં થાય છે. દરેક જાપાનીઓ નવું કાર્ય કરતાં વિચારશે કે એ રાષ્ટ્રના હિતમાં છે કે કેમ ભારત ની પ્રજામાં આ પ્રકારની ભાવનાના અંશ ખૂબ ઓછા છે, એ દુઃખદ બાબત છે. દરેક જાપાનીઓ કોઈપણ રીતે રાષ્ટ્રનું હિત જોખમાય એ પરિસ્થિતિ કોઈપણ સંજોગોમાં ઉત્પન્ન થવા દેશે નહીં.

**આજીવન રોજગારીનો ખ્યાલ :** જાપાની મેનેજમેન્ટનો આ એક ખૂબ જ મહત્વનો અને વિશિષ્ટ અભિગમ જોવા મળે છે. જે બીજા દેશોમાં ભાગ્યે જ જોવા મળે છે. જાપાનમાં કુદરતી સંપત્તિનું પ્રમાણ તુલનાત્મક રીતે ઓછું હોવાથી વિકાસ માટેનો મોટો આધાર ઉત્પાદકતા ઉપર રહેલો છે અને આ યાંત્રિકરણ ખૂબ જરૂરી છે. આજીવન રોજગારીનો અભિગમ અહીં મહત્વનો બને છે. આજીવન રોજગારીને કારણે યાંત્રિકરણ થી ઊભાં થતાં બેરોજગારીના ભયની કોઈ શકયતા જોવા મળતી નથી. તેથી જ ત્યાં મજૂર સંઘ દ્વારા યાંત્રિકરણ નો વિરોધ થતો નથી. યાંત્રિકરણ અને ટેકનોલોજીકલ ફેરફારને સ્વેચ્છાથી આવકારે છે. આ કારણે જ જાપાનમાં આજે યંત્ર માનવ અને કોમ્પ્યુટર નું ઉત્પાદન શકય બન્યું છે.

**કામદાર કલ્યાણનો ખ્યાલ :** કામદારના કલ્યાણમાં વધારો થાય એવા પ્રયાસો જાપાનની મેનેજમેન્ટ કરતી હોય છે. મેનેજમેન્ટ જાણે છે કે જો કામદાર પોતાને ઘેર સુખી હશે તો પૂરા લગાવથી અને કાર્યક્ષમતાથી કામ કરશે નિયમિત અને સારી કામગીરી બજાવનાર દરેકને યોગ્ય વળતર આપવામાં આવશે. દરેક કામદાર અને તેનું કુટુમ્બ પણ કંપની માટે એક કુટુમ્બ જેવી ભાવના ધરાવે છે. અને એઓ પણ પોતાની કંપનીનો સતત વિકાસ થાય એ માટે પ્રયત્નશીલ રહે છે.

**જૂથ કામગીરી અને પરસ્પર અવલંબનનો ખ્યાલ :-** કોઈ પણ વ્યકિતગત ખ્યાલ ત્યાં મહત્વનો નથી. જાપનમાં દરેકપ્રવૃત્તિ એક જૂથની હોય છે. આ ઉપરાંત પરસ્પર અવલંબનનો ખ્યાલ અગત્યનો છે. દરેક કાર્યમાં એકબીજાના સહકાર અને સલાહસૂચનો દ્વારા સફળતા મેળવવાના પ્રયાસ થાય છે. એક જૂથમાં કામ કરવાની વૃત્તિ અને પરસ્પર અવલંબનનો ખ્યાલ દરેકને સંગઠિત રાખે છે.

**સતત તાલીમનો અભિગમ :-** આજીવન રોજગારીને કારણે કામદારોમાં સ્થગિતતા ન આવી જાય એ માટે સતત તાલીમનો ખ્યાલ જોવા મળે છે. દરેક પ્રકારના કામદારો માટે દર અઠવાડિયે તાલીમ આપવાનો કાર્યક્રમ રાખવામાં આવે છે.

**નિર્ણયોની ક્ષમતા અને ઉત્પાદનમા ભાગીદારીનો અભિગમ :**

જાપાનની મેનેજમેન્ટની આ પણ એક વિશિષ્ટતા છે કે દરેક નિર્ણયો સર્વાનુમતે લેવાય છે અને બે વિભાગમાં વહેંચી નાંખવામાં આવે છે જેમાં વહીવટી કક્ષ નાં અને વિવિધ કાર્યો અંગેના નિર્ણયો લેવામાં છે, આમાં બીજા પ્રકારનાં નિર્ણયો લેવાનું કામદારો ઉપર છોડી દેવાય છે. જેથી કામદારોમાં ઉત્સાહ વર્તાય છે. અને ઉત્પાદ

ની પ્રક્રિયામાં પોતે પણ ભાગીદાર છે, એવું મહેસૂસ કરે છે. દરેક કામદારોને પોતાની આવડત અને રીત ના ઉપયોગ કરવાની સપૂર્ણ તક અપાય છે.

જાપાનમાં ઔદ્યોગિક શાંતિ એ ત્યાંના વિશિષ્ટ લાક્ષણિકતા ધરાવતા ઔદ્યોગિક સંબંધોને આભારી છે. જાપાનમા મજૂર સઘો અને મેનેજમેન્ટ વચ્ચેના સંબંધો ખૂબ જ એખલાસ ભર્યા છે. આજે આપણા દેશ ની પરિસ્થતિમાં વિચારતાં જાપાનના મજૂર નેતાઓને મેનેજમેન્ટ તરફથી તેમની પ્રવૃત્તિ માટે દરેક પ્રકાર ની સવલતો અપાય છે. ઓફિસ સ્ટાફ અને કામદારો વચ્ચેનું અંતર દૂર કરવામાં આવ્યું છે. બંને સરખોજ યુનિફોર્મ પહેરે છે. સરખા કામનાં કલાકો પણ જોવા મળે છે અને સગવડ પણ જોવા મળે છે અને સગવડ પણ દરેક પ્રકારની સરખી જ અપાય છે.

જાપાનનાં મજૂર સઘોના કેટલાક પાયાના અભિગમો નીચે પ્રમાણે જોવા મળે છે.

(૧) ત્યાનાં મજૂર સંઘ બે પ્રકારનાં મ્હોરાં ધરાવે છે એક ઉત્પાદકતા તરીકેનું અને બીજું ઉપભોકતા તરીકેનું

(૨) યુનિયન જાણે છે કે પોતાનો દેશ કુદરતી સંપત્તિથી અન્ય દેશો જેટલો સંપન્ન નથી. આથી દેશની સમૃદ્ધિનો આધાર તેમની કાર્યક્ષમતા, ઉત્પાદકતા અને વિશ્વ બજારમાં નિકાસક્ષેત્રે હરીફાઈ ની શકિત પર ચાલે છે.

(૩) જાપાની મજૂર સંઘ સમજે છે કે મેનેજમેન્ટ અને સંઘને લાબાં સમય સુધી ઊંચી ઉત્પાદકતામાં રસ છે.

(૪ કામદારોને સામાન્ય રીતે વેતનો, સગવડો, સલામતી વગેરેમાં રસ હોય છે પરંતુ તેનો આધાર દેશની અને પેઢી ની સમૃદ્ધિ ઉપર રહેલો છે એવું તેઓ સમજે છે.

(૫) કામદાર નેતા અને મેનેજમેન્ટ સમજે છે કે એકબીજા પર આક્ષેપબાજી અને કાદવ ઉછાળવો એ બને પક્ષ માટે હાનિકારક છે.

(૬) યુનિયન પણ સંવાદિતા, કાર્યક્ષમતા અને વિશિષ્ટતા ને દરેક કામમાં સૌથી વધુ મહત્ત્વનું ગણે છે.

આમ, જાપાની મજૂર સંઘો ઉપર મુજબ રચનાત્મક અભિગમ ધરાવે છે એટલું જ નહીં તેનું પાલન પણ કરે છે, એટલો જ રચનાત્મક અભિગમ ત્યાંની મેનેજમેન્ટ પણ મજૂર પ્રત્યે અપનાવે છે.

**સમાપન :** ઉપરની ચર્ચા ઉપરથી જાપાને પ્રાપ્ત કરેલ સિદ્ધિ અને તેની પાછળ રહેલા પરિબળોનો ખ્યાલ આવી શકે છે, આમાંથી ઘણાં બધા બોધપાઠો ભારતે લેવા જોઈએ. ખાસ કરીને જાપાનીઓ રાષ્ટ્રપ્રેમ, શિસ્ત, વફાદારી, સંગઠનમાં ભાવના, કામદારો મેનેજમેન્ટ વચ્ચેનાં સુમેળભર્યા સંબંધો અંગેના વગેરેની વિશિષ્ટ ગુણોને કારણે જ આજે જાપાને વિશ્વમા ઊચું સ્થાન પ્રાપ્ત કર્યું છે એમ કહી શકાય, ભારત જેવા દેશમાં તો ઉત્પાદકતાના વર્ષમાં અનેક પ્રકારની આર્થિક મુશ્કેલીઓથી પીડાતી પ્રજા જોવા મળે છે.

ટૂંકમાં, એટલું કહી શકાય કે ભારત જેવા દેશની સરકાર, મેનેજમેન્ટ, કામદાર અને પ્રજા અને દરેક જાપાની વ્યવસ્થામાંથી અનેક બોધપાઠો મળી શકે એમ છે; જેનો વાસ્તવમાં અમલ કરવો ખૂબ જ જરૂરી છે.

□ □ □

## યુવાન : પડકારોના પગલે પ્રગતિનો પંથ

હિના પટેલ (પ્રથમ વર્ષ વાણિજ્ય)

o

વૃદ્ધાવસ્થામાં પ્રવેશેલા અથવા તો આધેડ વયમાં પ્રવેશેલા રાજકીય પુરુષોથી કે સ્ત્રીઓથી આજની પ્રજા ત્રાસી ગઈ છે; તેવા સંજોગોમાં યુવાન નેતાગીરી રાષ્ટ્રને સાચું માર્ગદર્શન આપશે. એક કવિએ કહ્યું છે :

"ઘટમાં ઘોડા થનગને, આતમ વીંઝે પાંખ,
અણ દીઠેલી ભોમ પર યૌવન માંડે આંખ"

યુવાનોએ રાજકારણમાં પ્રવેશી રાષ્ટ્રની નેતાગીરી સંભાળવા આગળ આવવું જોઈએ. આજનો યુવાવર્ગ એ દિશા પ્રતિ જે કદમો ભરી રહ્યો છે, એના કરતાં હરણ ફાળ ભરવાની અતિ આવશ્યકતા ઊભી થઈ છે. યુવાનોએ જ રાષ્ટ્રની સાચી નેતાગીરી પૂરી પાડી રાષ્ટ્રને ઉન્નત પંથે લઈ જવા માટે નિર્ણાયક ભાગ ભજવવો જોઈએ. યુવાનોના સહકાર, સહયોગ કે સૌજન્ય વિના રાષ્ટ્રનું ઉન્નયન કદાપિ શક્ય નથી.

આજે દેશને સાચી જરૂર છે, સરહદોનું ચુસ્ત સંરક્ષણ, રાષ્ટ્રનું સંરક્ષણ કરવું અને તેમ કરતાં દેશના માટે ફના થઈ જવું, શહીદ થઈ જવું અને તેમ કરતાં પીછેહઠ ન કરે તો એમની શહાદત કદી એળે ન જાય. રાષ્ટ્રનાં સંરક્ષણ માટે તો યુવાનો માથે કફન બાંધીને ઝઝૂમતા હોય છે, તેમના હૈયે ઘર, કુટુમ્બ કે અંગત સ્વાર્થ ન હોય પરંતુ રાષ્ટ્રીય અસ્મિતા અને સ્વદેશાભિમાનથી તેમનું લલાટ દેદીપ્યમાન રહેલું હોય છે; યુવાનોજ રાષ્ટ્રને બાહ્ય આક્રમણ અને આંતરિક અશાંતિ કે કલેહથી બચાવવા સમર્થ બની શકે. યુવાનો માટે તો કહેવાયું છે :

"સમંદરસે ટકરાતે હૈ ઉસે પહાડ કહેતે હૈ,
પહાડસે ટકરાતે હૈ ઉસે તૂફાન કહેતે હૈ,
તૂફાનસે ટકરાતે હૈ ઉસે યુવાન કહેતે હૈ."

યુવાનોએ ભૂમિદળ, નૌકાદળ અને હવાઈદળમાં સામેલ થઈ પોતાની યુવાશક્તિનો પરચો બતાવવો જોઈએ. આજનો યુવાન વર્ગ આ ક્ષેત્રમાં પોતાનો અમૂલ્ય ફાળો અર્પે તો દુશ્મનોની તાકાત નથી કે આપણા રાષ્ટ્ર ઉપર સહેજ પણ બૂરી નજર કરી કરી શકે ? તેથી આજના યુવાનોએ લશ્કરની ભરતીમાં જોડાઈ એક સૈન્ય ઊભું કરી લડાઈના ક્ષેત્રોમાં અદ્યતન સંશોધન હાથ ધરવું જોઈએ. આજના રોકેટ અને અવકાશ યુગમાં એ દિશા તરફ સક્રિય રસ લઈ દેશને મજબૂત અને નિર્ભય બનાવે તેવો ફાળો યુવાનોએ આપવો જોઈએ. પાયદળને પણ અદ્યતન અને સ્વયંસંચાલિતના સાધનોથી સુસજ્જ બનાવવું જોઈએ અને તેમાં જોડાઈને પૂરો સહકાર આપવો જોઇએ. આ કાર્યક્ષેત્રમાં હાલના યુવાનો પોતાનો ફાળો સમર્પિત કરી રહ્યા છે. વિશેષ યોગદાન સંરક્ષણ ક્ષેત્રે આપવું જોઈએ. યુવા શક્તિની આ ક્ષેત્રમાં આજે વિશેષ જરૂર છે. રાષ્ટ્રની ઘણી સરહદો ઉપર દુશ્મનોનો ભય તોળાઈ રહ્યો છે, એના ભણકારા અને બ્યુગલો અત્યારે વાગી રહ્યા છે. આ સંજોગોમાં યુવાનોએ ઉત્સાહ દાખવી રાષ્ટ્રને માટે બલિદાન આપવાની તત્પરતા દર્શાવવી જોઈએ. અને પોતાનું નામ સુવર્ણ અક્ષરે અંકિત કરી રાષ્ટ્રીય સંરક્ષણના વિકાસમાં કદમ ઉઠાવવા જોઈએ. આ ફાળો યુવા વર્ગ જ આપી શકે એમ છે; આજે એવી તાતી જરૂર છે. આ અમૂલ્ય ફાળો રાષ્ટ્રને ચરણે ધરી વિશ્વમાં યુવાનો પોતાનું નામ રોશન કરતા હોય છે.

વિજ્ઞાનયુગમાં આજના જમાનામાં એક સંશોધન એક સેકન્ડમાં જૂનું બની જાય એવો ઝડપી વિજ્ઞાનયુગ આકાર લઈ રહયો છે. યુવાનોએ વિજ્ઞાનના વિષયમાં વધુ રસ લઈ રાષ્ટ્રને મૂંઝવતા પ્રશ્નોનો ઉકેલ લાવવામાં વિજ્ઞાન દ્વારા મહત્ત્વનો ફાળો આપવો જોઈએ. વિજ્ઞાનના સંશોધનો આદરી આજના યંત્રયુગને મહત્ત્વ આપવું જોઈએ. ઔદ્યોગિક ક્ષેત્રના વિકાસ માટે સંશોધનો હાથ ધરી તેને વેગ આપવો જોઈએ અને તે માટે સાહસિક વૃત્તિ આદરી ઔદ્યોગિક વિકાસ સાધવો જોઈએ. આજે જ્યારે અવકાશ યાન દ્વારા ચંદ્રલોકમાં પહોંચવાની અને તેમ કરીને વિશ્વને આશ્ચર્યચકિત બનાવી દેવામાં યુવાનોનો વિશેષ ફાળો છે. સાંપ્રત સંજોગોમાં વિજ્ઞાન ક્ષેત્રે નવીન સંશોધનો હાથ ધરી ઊર્જા જેવા પ્રશ્નોના તથા દેશની સુખાકારી અને આબાદીના પ્રશ્નો હાથ ધરી તેનો ઉકેલ લાવવામાં યુવાનો પોતાનો અમૂલ્ય ફાળો આપી શકે છે. અને રાષ્ટ્રની ઉન્નતિમાં સીમા ચિહનરૂપ બની શકે. અણુબોંબ, હાઈડ્રોજન બોંબ જેવા વિનાશકારી સાધનોનો શાંતિમય ઉપયોગ કરવા તરફ આંગળી ચીંધીને યુવાવર્ગ વિશ્વને પોતાનો આગવો દૃષ્ટિકોણ દર્શાવી શકે છે. આર્થિક પરિસ્થિતિ નિમ્નસ્તરની હોય તો તેનો ઉકેલ પણ આ યુવાવર્ગ શોધી કાઢે એ કાંઈ નાનો સૂનો ફાળો ન કહેવાય !

ભારતીય સંસ્કૃતિના વિકાસમાં વયોવૃદ્ધની વાત સમાજને કેટલીકવાર નિરર્થક જેવી લાગે છે; તેવા સંજોગોમાં યુવાનોએ યૌવનશક્તિ દ્વારા સંસ્કૃતિના સારા તત્વોનું રક્ષણ કરવું જોઈએ. સંસ્કૃતિની પ્રતિભા જાળવીને નવીન સંસ્કૃતિ ખીલવવી જોઈએ. સાંસ્કારિક અને સાંસ્કૃતિક ક્ષેત્રે પોતાનું અમૂલ્ય યૌવન ધન પ્રદાન કરવું જોઈએ. દરેક દેશ પોતાની આગવી :સંસ્કૃતિથી અલગ પડી જાય છે. અને સંસ્કૃતિથી દેશ

અને દેશનું યૌવનધન ઓળખાય છે. ભારતીય સંસ્કૃતિની પ્રણાલિકા વિશ્વના અન્ય રાષ્ટ્રોને પ્રેરણા આપી રહી છે. તેવા સંજોગોમાં યુવાનો આ સંસ્કૃતિને જાળવી રાખે એટલું પૂરતું નથી. પરંતુ તેમાં નવીન તત્વો ઉમેરીને તેને સુશોભિત બનાવીને આધુનિક જમાના પ્રમાણે ઓપ આપવો જોઈએ. સારા તત્વોનું જતન કરવામાં પોતાનો આગવો ફાળો આપીને માર્ગદર્શક બનવું જોઈએ.

આજે આપણા ભારત દેશમાં સામાજિક દૂષણો બદીઓને દૂર કરવામાં યુવાનો અગત્યનો ભાગ ભજવી રહ્યા છે, એ ખરેખર પ્રશંસનીય છે. રૂઢિચુસ્ત માન્યતાઓને જૂના વિચારોને ફગાવીને યુવાનો સમાજમાં સામાજિક ક્રાંતિ લાવ્યા છે. આવા યુવાનો સમાજમાં વ્યાપેલી દહેજ જેવી પ્રથાને, કુરિવાજોને તિલાંજલી અપી સામુહિક લગ્નની પ્રથાને ઉત્તેજન આપી રહ્યા છે, એટલું જ નહીં પરંતુ યુવાનોએ આવી બદીઓને ક્રાંતિકારી સર્જનાત્મક માર્ગ દ્વારા હંમેશને માટે નિર્મૂળ કરવા યથાર્થ પ્રયાસ કરવો જોઈએ. રચનાત્મક પ્રવૃત્તિ દ્વારા રાષ્ટ્રના સામાજિક વિકાસમાં અને જીવનમાં પરિવર્તન લાવવું જોઈએ.

ઈતિહાસ તરફ દૃષ્ટિ કરતા જણાય છે કે સમાજમાં અને કુટુંબમાં સ્ત્રીઓ પડદા પાછળ રાખવામાં આવતી હતી, પરંતુ આજની યુવાન સ્ત્રીઓમાં પણ જાગૃત્તિ આવી છે. યુવાન સ્ત્રીઓ નોકરી કરી રહી છે, વેપારના ક્ષેત્રોમાં ઝૂકાવી રહી છે. રાજકીય ક્ષેત્રમાં પણ આગળ પડતું સ્થાન ધરાવી રહી છે. શિક્ષણના ક્ષેત્રમાં યુવતીઓના નામો જ્યાં ત્યાં નજરે પડે છે. અને ઔદ્યોગિક ક્ષેત્રોમાં, હૉસ્પિટલોમાં અને અન્ય વ્યવસાયોમાં આજની યુવતીઓ પોતાની અનન્ય સેવા આપી રાષ્ટ્રની પડખે ઊભી છે. યુવતીઓએ વયોવૃધ્ધ અને આધેડવયની સ્ત્રીઓના અંધશ્રધ્ધા અને વહેમમાંથી દૂર કરવાના પ્રયત્નો આદરવા જોઈએ, સાથે સાથે બાળકોમાં રાષ્ટ્રીય ગુણોનું અને વીરતાનું સિંચન કરવું જોઈએ.

□ □ □

## .... અમે હસી પડ્યા

પ્રો. ડાહ્યાભાઈ પટેલ

□

શિયાળાની બપોરનો સમય બારેક વાગ્યા હશે. હું તડકાની મોજ માણતો બસ સ્ટેશન પર પહોંચ્યો; ને બરાબર કન્ટ્રોલ કેબીન આગળ ઠોકાયો. મને બ્રેક લાગી. કેબીનમાં એક ખાખી મહાકાય– પુરુષ બેઠો બેઠો ડ્રાઇવર, કન્ડકટર અને 'પેલી ભૂરી ડાંગરી' કહીને મા–બેનની ચોપડતો જાય. મુસાફરો સાંભળે તેનીય એને પરવા નહીં, જાણે કે પોતે એકલોજ ન હોય, એ રીતે બોલ બોલ કરે. મુસાફરોને પોતે નિરાધાર બનીને જવાબ આપતો જાય:
'ભાઇ ! અંદરથી બસ આવહે ત્યારે મૂકાહે'
'ડ્રાઇવર નથી કોઇ સખીનો લાલ આવી જાય તો તમારું ઠેકાણું પડે.' એવા એવા શબ્દો મુસાફરો સાંભળવાના. આપણા જેવો જ કોઈક રડ્યો ખડ્યો

ભેરુ મળી જાય, તો સ્ટેન્ડને બાંકડે પલાંઠી લગાવી ટાઢા પોરનાં ગપ્પાં હાંકયે રાખવાના."

લોકોને મળેલ જવાબો સાંભળતાં જ મને થયું :

'હું વળી કયાં આજે અહીં ટપકી પડયો ?'

પેલું જાડું, મોટું, ખાખી શરીર મારી ઓળખાણમાં હોય તેમ મને લાગ્યું, ને મેં ખોટું તો ખોટું પણ મોં મલકાવીને પૂછ્યું :

'મારાવારી કેમ કેમ છે ?'

'સાયેબ, તમારીને તો... પંચ્ચર.'

'હા, ભાઈ હા. એ તો હું જાણું જ છું. એટલે જ તો એકલો આવ્યો છું. નહીંતર, સજોડે ન આવ્યો હોત ?'

'ભારે મજાકખોર ! ઘરનું સું ઠેકઠોક કરો સો. ઉં તો બસની વાત કરું સું.'

'ઠી ... ક, તો... કેટલોક સમય લાગશે ?'

'એ તો અંદરવાળો જાણે ! મારે તો આ 'ભૂરી ડાંગરી' પર જીવવાનું. આજકાલ તો બધી જ મોંકાણુ સે. એ લોકોને ખાતર મારે અંઈ ગાળ ખાવાની કાલનાં લોઠાં હો આવીને મારી માય-બેન કરતાં જાય. ઉં હું કરૂં ? ચાલો સાયેબ, ચા-બા પીએ. ઘણા વરહે મઇલા.'

મને થયું. ઓતારી ! આ તો 'ઉપરવાળો જાણે' ને બદલે 'અંદરવાળો જાણે.' ઉપરવાળો અંદર આવ્યો કે શું ? ને મેં ચા-બાવાળી વાત પકડી. 'હું જરાક અંદર મેનેજરને મળતો અવું ? કહીને હું બસ સ્ટેશનની સામે જ આવેલ વર્કશોપની કચેરીમાં અર્થાત્ પિંજરામા પૂરાયેલા સિંહની માફક બકરી થઇને પૂરાઇ રહેલ મેનેજરને મળવા માટે પગના લગામ છોડી. આમ તો મેનેજર સાથે મારી ઓળખાણ તેથી જો મળી જાય તો મારે બપોરની ચાના પૈસા ખર્ચવા ન પડે સાથે બસનું ય ઠેકાણું પડે. ને મુસાફરોમાં મારો વટ પડી જાય. તેવી કઇંક મારી ગણત્રી.

ડેપો વર્કશોપમાં પેસતાં જ એક ખાખી કપડાવાળા, અલમસ્ત, આનંદની પ્રવૃત્તિમાં કાર્યરત માણસને 'બેરેલ' પર ગોઠવેલ બસમાં બેસાડી રહ્યો હતો. પેલા ત્રણ માણસો મને નવિન લાગ્યા. ત્રણેય માણસો સરખા લાગે. આધેડવયના. ધોતિયાંને અમળાવી-અમળાવીને માથે બાંધેલા ફેંટા માંથાં કરતાં ફેંટાનું કદ અને વજન વધારે હોય તેમજ લાગે. નવાં ધોતિયાં ને સુતરાઉ બટનવાળી બંડીઓ પહેરેલી. દરેકના હાથમાં પાંચ પાંચ કિલોના વજનવાળા વાંસનાં ડાંગ. આ લોકો 'દેહઇ' (ભરવાડ) હોય તેમ મને સમજાયું ને મને અહીં કંઈક કૌતુક જણાયું. હું થંભી ગયો, જેમ કોક સુંદર ચહેરો જોવા થંભી જઈએ તેમ.

જે બસમાં તેઓ બેસતા તે બસ જુઓ તો તેને એકે વ્હીલ નહીં તેની જગ્યાએ ચાર 'બેરેલ' ગોઠવેલાં. બસની ડ્રાઈવરના કેબીનમાં જુઓ તો મગરે માણસને ગળી જવા માટે મોં ફાડી રાખ્યું હોય તેમ બોનેટ ખૂલ્લું. બસની નીચે જુઓ તો ભાગી જતી ભેંસને ગળે લાકડું તાણી બાંધ્યું હોય તેમ, જમીન

અને બસ ના ભાગને જોડતો લોખંડનો જાડો પાઈપ મને થયું આ બસ ત્રણેયને પૃથ્વી ગોળ છે. એવું સાબિત ફરી બતાવશે કે શું ?

ત્યાં અવાજ સંભળાયો તે તરફ મારા કાન મંડાયા. પેલા ત્રણ વારાફરતી અવાજ કાઢતા હતા.

'ઓલો ડાઈવર સાયેબ, હારો હો. ડાયરેક અમદાવાદની બસમાં બેહાડી ગિયો.'

'હોં. ભૌ. માણસ હારો. કે તો તા કે એજ આવ્વાનો સે.'

'હોં. ભૌ, ઓળખાણ-બોળખાણ કૅ નંઇ. તો પણ... મનખાવતાર તે આનું નામ હોં ભૌ. નઇં ચિયો બસમાં બેહાડે ?

'હો... ...હો' બીજા બંનેએ હકાર્યું.

ને હું વિચારતો હતો કે આ વ્હીલ વગરની બસ કેવી રીતે અમદાવાદ જશે ?...

ત્યા વળી સહેજ યુવાનીમાં મ્હાલતો તેમનો જ કો'ક સાથી હોય તેવો લાગતો યુવાન આવ્યો. એનો લેબાશ પણ પેલા ત્રણ જેવો જ. પણ માથું ઉઘાડું. ને ગૂંચડાવાળું ધોતિયું હાથમાં ઊપડેલું જાણે એ બોલ્યો :

' 'લ્યા, ચ્યાં બૂડાયાતા બધ્ધા ? ઉં તો ગોતી ગોતીને થાઈકો.'

'અરે ! હાલ. હાલ. ચ્યાં ગ્યો' તો. બેહ. આ મોટરું ઉપડવાના તયારી સે;

પણ..., 'લ્યા, ઈ મોટરું ને ટાયરું-બાયરું ચ્યાં?'

તું નો હમ જ. ડાઈવર સાયેબ કે' તો તો કે ઈ ગાડી તો કાલ રાત જ અમદાવાદથી આવી સે. ઈને લબ્બડનાં ટાયરું નાય. અવે તો .. હેઠ ની ભાળ્યું ? ઇના જેવાં ટાયરું. અવા – અવા મારવાની કોઇ પંચાત જ નઈ; 'ઇમ ક. હેંડ ભૌ ! તો ઉંય તમ ભેળો.'

ને એ પણ બસમાં ગોઠવાયો. ચારેય ચોતરે બેઠા હોય એમ – બસમા ખાલી ખોખામાં બેઠા બેઠા ગામ આખાની હાંકે. અને હું પણ મારે જવાનું હતું. તેનોય વિચાર પડતો મૂકી, આ 'તાલ' જોવા ઊભો. બસની આગળના ભાગે જઈ ઊભો. બસ કંઇ ચાલે નહીં, ને મને અકસ્માતનો ભય નહીં. વળી મને અકસ્માત ભેળા થયેલ ચારેયની વાતો હું સાભળતો રહ્યો.

દશેક મિનિટ થઇ. ત્યાં પેલો ડ્રાઇવર તો ન આવ્યો, પણ પેલું ખાખી ડગલાવાળું મહાકાય, અનેકની મા-બેન વખાણતો વખાણતો આ બસ પાસે આવી ઊભો. ને ગર્જ્યો.

'પીરાંઓ કાં જવાના ?'

'એ...અમદાવાદ ભૌ...'

'તે અંય હું કરો સો ?'

'લે. ભૌ. આ માળું નવું. અમદાવાદ જવા તો મંઇ બેહાડ્યા."

'અરે ! પણ... આ તમારી માં તો કશ્થે ની જાય, આને વાપરવાની નથી.'

'તોય મંઇ ચડી બેઠા. હેઠા ઉતરો હેઠા.''

'પણ... ડાઇવર સાયેબ તો... ક... કે'તા તા કે...'

'કયો તમારો બાપ ! કે' તો તો કે... ઉ રો હેઠા ઉતરો.

વાનરાની ઓલાદ જેવા મઇ ભરાય બેઠા. હાળા બધા અક્કલના ઓથમીર જેવા સે. વીલ નઈ ને કંઇ નઈ, તોય મંઇ...' ને 'અધમણું' ની ગાળ દીધા.

પેલા ચારેય તો એનાં સુભાષિત સાંભળી, મશીનગનની ગોળીઓ છૂટે ને ટપોટપ હેઠા પડે, તેમ બોલ્યાચાલ્યા વિના ટપોટપ હેઠે આવી પડયા. ને ડાંગને ટેકે પોત પોતાની કડપચી ગોઠવી ઊભા. પણ... હું તેમની વાત સાંભળવા ન રોકાઇ શકયો, મારા હાસ્યને મેં માંડ માંડ બહાર આવતું રોકયું ત્યાં...

પેલા લોકોને 'ઉલ્લૂ' બનાવનાર ડ્રાયવર બીજી બસ લઇને નીકળ્યો. મને તેની બસમાં બેસી જવા ઈશારો કર્યો. ને હું રેસના ઘોડો છૂટે એમ છૂટયો. દોડતોકને પેલી બસમાં બેસી ગયો. કન્ડકટરને પુછી ખાતરી કરી લીધી કે આ ડ્રાઈવરે મનેય બનાવ્યો નથી ને ? હું મેનેજરને મળવાનું ભૂલી ગયો. મારી સામે જ તાકી રહેલા ડ્રાઈવરના ચહેરા પર મારી દૃષ્ટિ પડતાંજ અમે ખડખડાટ હસી પડયા.

□ □ □

## અવતરણ

ઉમેશ પટેલ (તૃતીય વર્ષ વાણિજ્ય)

○

બાગના ખૂણામાં અંકુરિત થયેલો છોડ મંદમંદ સમીરથી ડોલાયમાન બને છે, અને તે વખતે જ આકાશમાં ટહુકો તેજ લીસોટો દોરે તો આશ્ચર્ય ન ઉપજે ! પક્ષી પોતાના નીડમાં બેસી જાય છે, તે વખતે પંખી નીડમાં બેસીને પોતાનું વિશ્વ સોળે કળાએ વિકસાવવા પ્રયત્ન કરે છે. પણ તેને નીડમાં દીવાલ અવરોધક લાગે છે. ટહુકાને કોઈ અવરોધ નડતો નથી. ટહુકો ગમેતે રીતે વ્યાપી જાય છે. ટહુકાનું વિસ્તરણ ગમે ત્યારે, ગમે ત્યાં અને ગમે તે સંજોગોમાં પણ સંભવે છે. પંખી ને તો ઘણું બધું નડે છે. પંખી પાંખમાં આખું આકાશ લઈને ઉડ્ડયન કરે છે. અરે ! પંખીની આંખમાં તો આખું વિશ્વ તર બતર હોય છે. ઝંઝાવાત આવે છે, ત્યારે પણ પંખી પોતાનું અસ્તિત્વ વ્યવસ્થિત રીતે સાચવી લેવા માટે કયાંક

આશરો શોધે છે, હૂંફ શોધે છે, જો એને આશ્વાસન મળે તો એનું અહોભાગ્ય ગણાય! માનવી પણ આશ્વાસન કે સાંત્વનાના શબ્દો મેળવવા માટે પ્રયત્ન કરે છે. એવા શબ્દો મળે તો હૈયે સળગેલી હોળી પણ આપો આપ શાંત થઈ જાય છે. આશ્વાસનના શબ્દો માનવી માટે બરફની ગરજ સારે છે. અરે! કેટલીકવાર શબ્દો, દાઝયા પર ડામ મૂકે છે. અર્થાત્ બળતામાં ઘી હોમવાની પ્રવૃત્તિ પણ થતી હોય છે. એક બીજાની વચ્ચે આપ લે સંબંધોના આધારે થતી હોય છે. મૈત્રી ભર્યા સંબંધો જો તટસ્થ રીતે, નિષ્પક્ષ રીતે સમભાવપૂર્વક વિસ્તરતા હોય તો એમાં લેવડ-દેવડ નો કોઈ અવકાશ રહેતો નથી, સ્વાપર્ણ કે સમર્પણ ની ભાવના જ જાગૃત થતી હોય છે, હૂંફ, ઉષ્મા સમભાવ સમતા કે પ્રેમ જો મળે તો તેના થકી જીવન ઉજ્જળ બની જાય છે. આથી નરસિંહ મહેતાએ પણ કહ્યું છે. "પ્રેમ રસ પાને તુ મોરના પિચ્છધર તત્ત્વનુ ટૂંપણું તુચ્છ લાગે."

જ્યારે વરસાદ પડતો હોય તે વખતે વરસાદની ધારાથી બચવા માટે પક્ષીઓ કયાંકને કયાંક આશરો લેતા હોય છે. અને એ દ્વારા પોતે એક સામટા વરસતા વરસાદથી ઉગરી જવા માટે પ્રયત્ન કરતા હોય છે, તે વખતે પક્ષીઓને હૂંફ ની ખૂબ જરૂર રહેતી હોય છે. ધ્રુજતા ધ્રુજતા પોતાના અંગ સંકોચી લે છે. અને પાંખમાં પોતાની ચાંચ છુપાવી લેતા હોય છે. રણમેદાનમાં પણ જ્યારે જોરદાર આંધી આવતી હોય ત્યારે ઊંટ પણ પોતાનો પ્રવાસ થંભાવી દે છે (પોતાની પ્રગતિ ક્ષણાર્ધ અટકી જાય, તેનો વાંધો નંહી) અને એ આંધી માંથી બચી જવા માટે બેસી પડે છે. માનવી પણ ઝંઝાવાતની સામે હરહંમેશ અડગ દિલથી ટકી રહે એવું દર વખતે બનતું નથી. ઝંઝાવાતનો સામનો તો કરવોજ પડતો હોય છે. અડગતાથી, નિર્ભયતાથી. સાવધાનીથી અને પૂર્વયોજના દ્વારા જો નવો માર્ગ અખત્યાર કરે તો તેને કદી નિષ્ફળતા મળતી નથી. આપત્તિઓ અવરોધક બનીને અધોગતિ તરફ લઈ જવા જો કોશિશ કરે તો બમણા વેગથી તેનો સામનો કરવામાં આવતો હોય છે. મુશીબતો તો ડગલે પગલે માર્ગમાં આવતી હોય છે. તેનાથી કોઈ પણ દિવસ ડરી ન જવું જોઈએ. આપત્તિ દ્વારાજ માનવીની કસોટી થતી હોય છે. એ વેળા ધીરજ, સંયમ, સદાચાર અને વિવેક કેળવવો જોઈએ. તંગ પરિસ્થિતિમાં પણ જો એ પોતે પોતાના માર્ગમાંથી વિચલિત ન થાય, ધર્મમાંથી પીછેહટ ન કરે અને પોતાની ફરજ ન ભૂલે તો એ સાચી માનવતા જાળવી રાખવા માટે સંપૂર્ણ રીતે સફળ નીવડે છે. ઘણા માનવી ની નજર પરિણામ તરફ હોય છે. પરતું પરિણામ તરફ નજર ન કરતાં આપણે આપણું કાર્ય ચાલુ રાખવું જોઈએ અને એને સારી રીતે પરિપૂર્ણ કરવા માટે પૂરેપૂરી કાળજી, સાવચેતી, તકેદારી રાખવી જોઈએ પરિણામ તો મોડું અથવા વહેલું અવશ્ય આવશે. પરિણામનું પિષ્ટપેષણ કરીએ ત્યારે એમાં અહમ્ ને વચ્ચે ન લાવવો જોઈએ. સારાસારનો વિવેક દાખવી. સંપૂર્ણ સફળતા માટેના પ્રયત્નો વિચારવા જોઈએ. જો નિષ્ફળતા મળી હોય તો એ અંગે ના કારણો શોધી કાઢવા જોઈએ. અને એ બધા પરિબળો ને દૂર કરવા હર-હંમેશ પ્રયત્ન પણ કરવા જોઈએ સફળતા મળી હોય તો સફળતાથી ફુલાઇ ન જવું જોઈએ. સફળતાને સારી રીતે પચાવવી જોઈએ. રણ વિસ્તારનો માર્ગ હર હંમેશ સરળ, સીધો કે સુંવાળો હોતો નથી, પરતું એવા વિસ્તાર માંથી જ આગળ વધવાનું હોય છે.

ટહુકો આખા આકાશને ભરી દેતો હોય છે. આખું આકાશ ટહુકાથી છલોછલ બની જતું હોય તો પણ પક્ષી કદી સ્વાભિમાનથી ફૂલાશે નહી. મંદમંદ વહેતો સમીર બીજાના માટેજ સુવાસ લઈ જાય છે.

વૃક્ષો બીજાને પડછાયો આપે છે, આશરો આપે છે, અને પરોપકાર માટે જ એનું અસ્તિત્વ હોય એવું નથી લાગતું ? સૂર્યના પ્રખર તાપથી નવચેતના પ્રસરતી હોય છે. પ્રાકૃતિક તત્ત્વો હર હંમેશ દિવ્ય સંદેશ લઈ આવે છે. એ દ્વારા માનવીને બોધપાઠ આપવા પ્રયત્ન કરે છે. માનવ સ્વ–અભિમાનથી છલકાતો હોય, અહમ્‌થી ચકચૂર હોય, આંખોમાં સ્પનાં હોય અને અદમ્ય આકાંક્ષાઓનો સથવારો હોય તો પ્રાકૃતિક સંદેશની અવગણના જ કરે ને ! ? જો માનવી આંખો ખુલ્લી રાખે મન ઉઘાડું રાખે અને હૃદય વિશાળ/ મોકળું રાખે તો અવશ્ય માનવી માનવતાનું અવતરણ કરી શકે અને પૃથ્વી ઉપર નંદનવન સર્જી શકે, એમાં કોઈ શંકાને સ્થાન નથી.

□ □ □

## ઘેર (ઘેરૈયા) : કિવદન્તીનો પરિવેશ

ગીતા મિસ્રા (તૃતીય વર્ષ વિનયન)

નવરાત્રીના સમયગાળા દરમ્યાન હિન્દુ ધર્મના લોકો આદ્યશકિતની પ્રેમ અને ભકિતભાવપૂર્વક ઉપાસના કરતા હોય છે. શકિતની ઉપાસના કરવાથી મનોવાંછિત ફળ સહેલાઈથી પ્રાપ્ત થાય છે; આરાધનામાં તન્મયતા, સમર્પણના ભાવો સમાયેલા હોય છે, હિન્દુ ધર્મના લોકો શકિતની ઉપાસનાને સવિશેષ મહત્ત્વ આપે છે કારણ કે શકિતની ઉપાસના વગર શિવજી પણ હલનચલન કરી શકતા નથી. આ માન્યતાના કારણે અથવા અનન્ય ભકિતભાવના કારણે પણ સૌ પ્રથમ શકિતદેવીની પૂજા કરવામાં આવે છે. આપણા પુરાણોની અંદર પણ ભગવાન શ્રી કૃષ્ણ રાધા, ગોપીઓ જોડે રાસ રમે છે, તેનો સવિસ્તારથી આદરપૂર્વક ઉલ્લેખ કરવામાં આવે છે. તે પરંપરાને અનુસરીને હિન્દુ સમાજના લોકો દાંડિયા રાસ રમે છે અને એ દ્વારા શકિતદેવીની ઉપાસના કરે છે.

ઘેરૈયાની ઉત્પતિ વિશે અનેક પ્રકારની કિવદન્તી પ્રચલિત છે જુદા જુદા સ્થળે અને સમયે તે કિવદન્તીમાં થોડા સુધારા વધારા જોડે જોડે ફેરફારો થયેલા જોવા મળે છે. એ ફેરફારો પરંપરાથી ચાલી આવેલી માન્યતામાં ઉમેરણ થયેલું હોય એવું દર્શાવે છે. અસલના લોકો એવું માનતા કે એક ભાઈને ઘેર બાંધવાનું

રાત્રે સ્વપ્નું આવ્યું હતું. એ ભાઇએ બીજા લોકોને પોતાના સપનાની વાત કરી. ઘણા બધા માણસો
ભેગા થયા. વિચારવિમર્શના અંતે ઘેર બાંધી બીજે ગામ રમવા જવા માટે પ્રયાણ કર્યું. બીજે ગામ રમવા
જતા એમને રસ્તામાં નદી ઓળંગવી પડે છે. તે સમય દરમ્યાન નદી ઓળંગવા માટે પુલ કે હોડીની
વ્યવસ્થા ન હશે, આથી પાણીમાં થઇને સાચવીને સામે કિનારે સહીસલામત રીતે ઉતરી જવાનું હોય છે,
તેઓ નદીમાંથી પસાર થતા હતા, ત્યારે કવૈયાની નજર પાણીના ઊંડાણમાં પડે છે. એને પાણીમાં સોનાની
સાંકળી જોવાની મળે છે અને તે પાણીમાંથી સોનાની સાંકળી કાઢવા પ્રયત્ન કરે છે, સોનાની સાંકળી
હાથ આવતી નથી, અને પાણીમાં તે ડૂબી જાય છે તેની પાછળ આખી ઘેર ગઈ અર્થાત્ સોનાની સાંકળી
લેવા બધા માણસો ગયા, પરન્તુ બધા જ માણસો પાણીમાં ડૂબી જાય છે. આ રીતે આખી ઘેર સાંકળી
લેવા પાછળ નદીમાં ડૂબી જાય છે અને ત્યાર પછી ઘેર રમવાની શરૂઆત થઈ, એમ માનવામાં આવે છે.

આ ઘેર ડૂઘાડિયા ડરામાં ડૂબી ગઈ હતી અને તે ગડતની બાજુમાં આવેલ છે; એવું
ઘણા માને છે. આ નદીની આપપાસના વિસ્તારને 'ડૂઘાડિયો ડરો' એવું નામ આપવામાં
નામ આપવામાં આવ્યું છે, અત્યારનાં જમાનાના લોકોએ પણ અસલની પધ્ધતિ અપનાવી હજુ પણ
તે ગામનો પૂજારી પૂજા કરવા માટે પણ જાય છે. દીવો પ્રકટાવી. ફૂલનો હાર અર્પીને પગે લાગે છે.
એવું કહેવાય છે કે હજુ પણ ત્યાં ઘેરનો અવાજ સંભળાય છે. ઘેર બાંધવામાં આવે અને છોડી દઇએ
ત્યાં સુધી તેનો અવાજ સંભળાય છે. ઘેર જે બંધાયેલી હોય તે મુક્ત થઈ જાય પછી તેનો અવાજ પણ
બંધ થઈ જાય છે. એ અવાજ "અમરેક મોરચા" જેવો આવે છે. એ નદીની અંદર ભોયતળિયે મંદિર
પણ છે અને એ નદીની પાળપર શંકર પાર્વતીનું મંદિર પણ મોજૂદ છે.

આ ઘેર માણસો ડૂબી ગયા હોવાથી ઘરેઘર ઘેર રમવા માટે જાય છે સૌ પ્રથમ આ ઘેર દેવદેવીઓની તાલ મરાવે છે. અને પાદર આગળ પણ દેવી-માતાજીની તાલ મરાવે છે. દરેક ઘરે ફરે ત્યારે ઘરે છોકરો હોય તો છોકરાનું નામ લઈને તેને ઘોડીએ ચઢાવવામાં આવે છે. અને તે ઘર આગળ માતાજીનો ગરબો પણ ગાય છે. ઘરના દિવંગત માણસની પણ તાલ મરાવવામાં આવે છે.

દેવ દેવીઓના તાલ મરાવે છે ત્યારે—

"એની કોણ મરાવે તાલ, એની કોણ મરાવે તાલ
એની માડી મરાવે તાલ, એની માડી મરાવે તાલ"

રે છોકરો અવિવાહિત હોય તો છોકરાનું નામ સાંકળી લઈને તેની પંક્તિઓ બનાવવામાં આવે છે

"સાકરિયા પર ઘુઘરિયાને વડના ઉગ્ય પાન
પ્રવિણભાઈ તો ઘોડીએ ચડ્યા...... હાં રે હાં ... ભાઈ"

ની રમતાન્તે ગરબો પણ અચૂક ગાવામાં આવે છે. ગરબાની પંક્તિઓ નીચે પ્રમાણે હોય છે.

"હાથમાં થાળી, થાળીમાં તો દીવડો જો
કઈ રે માતાને પૂજવા જાઉં જો... (૨)"

મૃત્યુ પામેલા માણસોની તાલ :

"જીવડો સ્વર્ગમાં ગયેલો રે (૨)
એની વહુ મરાવે તાલ; એની વહુ મરાવે તાલ
જમરા આવીને ઊભા રે ૨)
જીવડો સ્વર્ગમાં ગયેલો રે (૨)"

આમ સમાજમાં પ્રચલિત ઘણી બધી માન્યતાઓના આધારે આ ઘેર રમવાની શરૂઆત થઇ હશે; એવું અનુમાન બાંધીએ તો અસ્થાને ન ગણી શકાય ઘરે ઘર ઘેર રમવા જવાથી માણસોને ઇચ્છિત આર્થિક લાભ પણ પ્રાપ્ત થાય છે. જે ઘેર વધાવે તો તેને યથાશકિત પૈસા પણ આપે છે કવૈયાને અલગ પૈસા આપવામાં આવે છે. અને સમગ્ર ઘેરને પણ યથાશક્તિ પૈસા આપી રાજીરાખે છે. નવરાત્રીના દિવસોથી ઘેર રમવાની શરૂઆત થઈ જાય છે દીવાળી કે દેવદીવાળીની જ્યાં જાત્રા ભરાતી / મેળો યોજાતો હોય ત્યાં પણ ઘેર રમવા માટે જાય છે. દેવદીવાળી સુધી ઘેર રમાતી હોય છે.

ઘરે ઘર ઘેર રમવા જાય ત્યારે કેટલીક સ્ત્રીઓ વધામણા લે છે અને ઘેરને વધાવે છે. ઘેરના દરેક માણસોને કંકુનો ચાંદલો કરી, ચોખા ચડાવે અને નાળિયેર કે બીજા પ્રકારની પ્રસાદ વહેંચવામાં આવે છે. ઘેરની પૂજા કર્યા બાદ તેઓને રમવાનું કહેવામાં આવે છે. કવૈયાના હાથમાં કરતાલ હોય છે અને તેઓ ગવડાવતા હોય છે; જ્યારે ઘેરના બીજા માણસો હાથમાં દાંડિયા લઈને ચક્રાકારે ઘેરની રમત રમે છે. ઘેર રમવાના કારણે ઘેરના માણસોને પૈસા પણ મળતા હોય છે. અને આજે પણ નવરાત્રી કે દીવાળીના દિવસોમાં ઘેર રમવા આવનાર ઘણી બધી ટુકડીઓના દર્શન થાય છે.

□ □ □

## આપણી અમર સંસ્કૃતિનો અનુપમ વારસો ડાંગ જિલ્લો

પ્રા. રમેશભાઈ ગાંધી (વાઈસ પ્રિન્સીપાલ)

o

દક્ષિણ ગુજરાતની અરુણોદય દિશાએ પ્રકૃતિની ગોદમાં આવેલો સમગ્ર ગુજરાતનો નાનામાં નાનો ફકત એક જ તાલુકાનો બનેલો જિલ્લો એટલે ડાંગ જિલ્લો. ચારે દિશાઓમાં નાના-મોટાં ડુંગરો અને ગીચ જંગલો વચ્ચે કુદરતને ખોળે બેઠેલો જિલ્લો એટલે ડાંગ જિલ્લો. મહાભારતમાં 'દંડકારણ્ય'નો જે ઉલ્લેખ થાય છે, તે દંડકારણ્ય એટલે ડાંગ જિલ્લો.

અતિ પ્રાચીન કાળમાં અહીં રામ, સીતા અને લક્ષ્મણે આ ભૂમિ ઉપર વનવાસ ટાણે વસવાટ કર્યો હતો. પાંડવો પણ જ્યારે છુપા વેશમાં દેશવટો ભોગવતા

હતા. ત્યારે તેઓ પણ આ ભૂમિ ઉપર વસવાટ કરી ગયા હોવાનું મનાય છે. પાંડવો જ્યાં રહેતા તે ગામનું નામ 'પાંડવા' છે. આ ગામ આહવાથી ૧૮ કિલોમીટર દૂર છે. અને ગીચ ઝાડી-જંગલોથી છવાયેલું છે; જ્યાં દિવસે પણ સૂર્યના કિરણો ધરતી પર પડતાં નથી. રામાયણમાં શબરીનો ઉલ્લેખ થાય છે; તે શબરી-ભીલ કન્યાના નામ ઉપરથી અહીં 'સુબીર' ગામ પણ વસેલું છે. નાસિક પંચવટી જેવા તીર્થસ્થાનો પણ ડાંગ જિલ્લાની ખૂબ નજીક છે. આવો જિલ્લો આપણી અમર સંસ્કૃતિનો મૂલ્યવાન વારસો આદિકાળથી સાચવતો આવ્યો છે

**વિસ્તાર અને વસ્તી:** સમગ્ર ડાંગ જિલ્લો ૧૭૨૨ કિલોમીટર નો વિસ્તાર ધરાવે છે, જેમાં ૧૬૯૮ કિ.મીટર જેટલી ભૂમિ વનસંપત્તિથી ભરપૂર છે. ઈ.સ ૧૯૮૧ ની વસ્તી ગણતરી મુજબ અહીંની કુલ વસ્તી ૯૪૯૦૭૮ જેટલી નોંધાયેલી છે, કુલ વસ્તીના લગભગ ૯૩.૫% જેટલી આદિવાસીઓની છે. આ આદિવાસીઓમાં મુખ્યત્વે, કુનબી વારલી, ભીલ માવચી, ગામિત, કોટવાલિયા; નાયકા ધાવ અને પારધી જેવી કોમો મુખ્ય છે.

નાનામોટાં ડુંગરાઓની તળેટીમાં રહેલી આ પ્રજા કુદરત સાથે એકરૂપ થયેલી જણાય છે અહીં ચારે તરફ વૃક્ષો અને વનરાજીઓ, ખીણો અને કોતરો, ખળખળ વહેતાં ઝરણાંઓ, ફળો અને ફૂલો આ બધું જોતાં મનમાં એવી અનુભૂતિ જરૂર થાય કે પ્રાચીનકાળમાં આ ભૂમિ ખરેખર તપોવન-ભૂમિ હશે !!

**ડાંગી લોકજીવન :-** ડાંગની આદિજાતિઓમાં ભીલ અને કુનબી જાતિ મુખ્ય છે. આ કુનબી પ્રજા કોકણ વિસ્તાર માંથી આવીને અહીં સ્થિર થઇ હોવાનું મનાય છે. જ્યારે ભીલ અહીંની મૂળ પ્રજા છે. ડાંગી સંસ્કૃતિ પિતૃ પ્રધાન સંસ્કૃતિ છે. છોકરી પરણીને સાસરીએ જાય છે. સંતાનોના નામ પાછળ પિતાનું નામ લખાય છે. પિતાની મિલકત તેના મરણ બાદ તેના વારસદારોને મળે છે.

ડાંગી પ્રજાના ઘરો તદ્દન સાદા. ગાર માટી કે લીંપણવાળા હોય છે. તેમના ઘર અથવા ઝૂંપડાંની આસપાસ પાતળા વાંસની વાડ કરેલી હોય છે. એમનાં ખોરાકમાં નાગલી (બાવટા) ના રોટલા, મરચી, દાળભાત શાક હોય છે. દુકાળ વખતે તેઓ કંદમૂળ નો પણ આહારમાં ઉપયોગ કરે છે. તેમનો પોષાક પણ તદ્દન સાદો છે. તેઓ સાદા સુતરાઉ કાપડનું ધોતીયું તથા ખમીસ અને માથે ફાળિયું વીંટાળે કે ટોપી પહેરે છે. છેલ્લા ૧૫-૨૦ વર્ષથી અહીંની આશ્રમ શાળાઓમાં ભણીને જે નવી યુવાનપેઢી બહાર આવી છે તેમનો પોષાક-પેન્ટ, શર્ટ જેવો આધુનિક છે યુવાનો પણ મહદ્ અંશે ખાદીનો જ ઉપયોગ કરતા જણાય છે. ડાંગી સ્ત્રીઓ હેન્ડલુમ ના સાદા લુગડા તથા ચોળી પહેરે છે. સુખી કુટુંબની સ્ત્રીઓ નાકમાં નાકમાં ચાંદીની વાળી તથા પગે ચાંદીના ઝાંઝરા કે દોહલા તથા ચાંદીના કંદોરો પહેરે છે.

હોળીનો તહેવાર એ એમનો મુખ્ય તહેવાર છે. હોળી માતાને પ્રસન્ન કરવા તેઓ હોળી ધૂળેટીનો તહેવાર ખૂબજ મસ્તીથી ઊજવે છે. હોળીના દિવસે હોળી પ્રગટાવ્યા પછી દારૂ પીને સ્ત્રી-પુરુષો આખી રાત નૃત્ય કરેછે જ આજે પણ હોળીનાં તહેવાર પ્રસંગે ડાંગ-દરબાર આહવામાં ભરાય છે.

**ડાંગી નૃત્યઃ**— ડાંગી પ્રજા ખરેખર નૃત્ય પ્રિય પ્રજા છે અહીંની આદિ જાતિમાં લગભગ ૨૭ જેટલા વિવિધ પ્રકારના નૃત્યો આજે પણ જોવા મળે છે આ નૃત્યોમાં ગામિત નૃત્ય, ડાંગી નૃત્ય પ્રિતનૃત્ય, છાકયા-નૃત્ય, ડેરગાના નૃત્ય તથા કોટવાલ નૃત્ય મુખ્ય છે. ગામિત નૃત્યમાં સ્ત્રી-પુરુષો એક બીજાની કમરે હાથ નાંખી તાલ–અને લય બધ્ધ નૃત્ય કરે છે.

ડાંગી નૃત્ય ખૂબ જ ગતિશીલ અને ઝડપી નૃત્ય છે જ્યારે ડેરગાના નૃત્યમાં તાલ અને લય ખૂબજ ધીમી ગતિના હોય છે. અહીંની પ્રજાના સંગીતના વાદ્યો અને વાજિંત્રો પણ ખૂબજ સાદા છે. વાદ્યોમાં મોટું ઢોલક તથા પાવો (પાવરી) મુખ્ય છે. નાના વાજિંત્રોમાં થાળી, વાંસળી વગેરે હોય છે. ડાંગી લોકોનું સંગીત ખૂબજ સુમધુર અને કર્ણપ્રિય હોય છે છાકયાનૃત્ય અને વર્ષાનૃત્ય ખાસ કરીને વરસાદની ઋતુમાં ફકત પુરુષો કરે છે; જ્યારે ડેરગાના નૃત્ય સ્ત્રીઓ કરે છે. ડાંગી લોકોના ઇષ્ટ દેવ છે ડુંગરદેવ અને અગ્નિદેવ. ડિસેમ્બર માસમાં ગામના ડાંગી પુરુષો અને સ્ત્રીઓ નૃત્ય કરતા પાવો વગાડતા વગાડતા ડુંગર ઉપર ચઢે છે. અને ત્યાં આખી રાત નૃત્ય કરી, કનસારી માતાને તથા ડુંગરદેવને રીઝવે છે. અગ્નિદેવતાની પૂજા કરતી વખતે તેઓ ખૂબ નાચે છે. અગ્નિદેવના ભકતો એ સમયે લાલચોળ ધગધગતા અંગારા ઉપર ચાલે છે લાલચોળ અંગારાને શરીર સાથે ઘસે છે, અને મોમાં પણ મૂકે છે.

ડાંગી નૃત્ય એટલું તાલ અને લયબદ્ધ હોય છે કે આખા ભારતદેશના વિવિધ નૃત્યોમાં વિશિષ્ટ રીત આગળ તરી આવે છે. આપણા દેશમાં પ્રતિ વર્ષ ૧૫મી ઓગષ્ટ અને ૨૬મી જાન્યુઆરીએ ડાંગી ભાઈ-બહેનોનું મંડળ દિલ્હીમાં આઝાદી પર્વની ઉજવણી નિમિત્તે નૃત્ય કરે છે. સરકાર તરફથી એમને આમ ત્રણ આપવામાં આવે છે.

૧૯૮૫ ના મે માસમાં ડાંગી નૃત્યકારોનું એક મંડળ નૃત્યના કાર્યક્રમો આપવા ફ્રાન્સ (પેરિસ) જવાની તૈયારી કરે છે, આ ઘટના દરેક ડાંગી પ્રજા માટે ગૌરવ અને આનંદની ગણી શકાય.

વિશ્વ આજે એકવીસમી સદીને ઉંબરે આવીને ઉભું છે, છતાં પણ ડાંગની આ કુદરતના ખોળે રમતી પ્રજાના જીવન ધોરણમાં ઝાઝું પરિવર્તન આવ્યું નથી. સૈકાઓથી ચાલતી આવેલી કુરૂઢિઓ, દુષણો, માન્યતાઓએ એમના જીવનવિકાસને રૂંધી નાંખ્યો છે. દારૂની બદી ઉત્કર્ષની આડે આવે છે. અને એનાથી આપોઆપ અધઃપતનની ગર્તામાં ધકેલાતાં હોય છે. જિલ્લાનાં દરેક ગામડામાં મહુડાનો દારૂ ગળાય છે. અને પીવાય છે. ડાંગી પ્રજા અને દારૂ–એ બંને એક જ સિક્કાની બે બાજુઓ છે. દારૂ વિનાનાં ડાંગી પ્રજાની કલ્પના કરવી મુશ્કેલ છે. અહીંના લોકો મરણ પછી પણ મરનારના શબ ઉપર દારૂનો છંટકાવ કરે છે. મરણોત્તર ક્રિયા વખતે પણ ખૂબ દારૂ પીવાય છે. આજે મોક્ષમાર્ગી પંથના લોકો આ જિલ્લાના ગામડે ગામડે ફરીને લોકોને વ્યસનમુક્ત કરવા અથાક પ્રયત્ન કરી રહ્યા છે. એને ઉન્નતિનું એક સોનેરી કિરણ ગણી શકાય,

**ડાંગી બોલી :** અહીંના ગિરિજનોની કોઈ ચોક્કસ શિષ્ટ ભાષા નથી. ડાંગી બોલી વાતચીતના વ્યવહારમાં ખપ લાગે છે. ડાંગ જિલ્લો મહારાષ્ટ્રની સરહદે આવેલો હોવાથી અહીંની બોલીમાં મરાઠી ભાષાના શબ્દો વધુ જણાય છે. કેટલીક વાર તો તેમની બોલીમાં ગુજરાતી, મરાઠી, હિન્દી, અંગ્રેજી અને સંસ્કૃત ભાષાના શબ્દો પણ છૂટથી વપરાતા જોવા મળે છે. દા.ત. 'તઠે તો બેસ માનુસાઃ બસુલા મિ તો અઠે હી બસુલા' (ત્યાં તો સારા માણસો જ બેસે, હું તો અહીં જ બેસીશ) આ બોલીમાં ઘણી ભાષાઓનું સંમિશ્રણ થયેલું છે. ડાંગી બોલી કર્ણપ્રિય છે.

કુદરતને ખોળે ગીચ વનરાજિઓ અને અમૂલ્ય વનવૈભવ- વનસંપત્તિ વચ્ચે જીવતા આ ડાંગી લોકોના જીવન ધોરણને ઊંચે લાવવા આઝાદી બાદ છેલ્લા ત્રીસ વર્ષમાં સરકારે પુષ્કળ -અથાગ પ્રયત્નો કર્યા છે, જેના ફળ સ્વરૂપે આ જિલ્લાના ગામડે ગામડે શિક્ષણ ક્ષેત્રે નોંધનીય પ્રગતિ થઇ છે. આશ્રમશાળાઓમાં ડાંગી છોકરા-છોકરીઓ પ્રાથમિક શિક્ષણ મેળવે છે. વઘઈમાં હાઈસ્કૂલ છે. આહવામાં પણ હાઈસ્કૂલ અને કોલેજ ચાલે છે

વાહન વ્યવહાર ક્ષેત્રે પણ ડાંગ જિલ્લાનું મુખ્ય મથક રાજયના અન્ય શહેરો સાથે સંકળાયેલું છે. કૃષિક્ષેત્ર તથા વનસપત્તિ ક્ષેત્રે પણ આ જિલ્લામાં સુંદર પ્રગતિ જોવા મળે છે. આગામી વર્ષોમાં ડાંગી પ્રજા તેનું જૂનું કલેવર બદલી નવજીવન પ્રાપ્ત કરશે તો આઝાદ ભારતની મોટી સિદ્ધિ ગણાશે. ★

★ ઋણ સ્વીકાર : આ લેખ તૈયાર કરવામાં, ખૂટતી કડીઓ પૂરી પાડવામાં સહાયભૂત થનાર આહવાના અગ્રગણ્ય વેપારી મુ. શ્રી. ઈશ્વરભાઈ ગાંધી (ગાંધી બાબુલાલ મગનલાલ) શ્રી ટંડેલ સાહેબ તથા આહવાના અનેક આદિવાસી ભાઈ-બહેનોના આભારી છું.

'જન્મભૂમિ-પ્રવાસી' માં પ્રસિધ્ધ થયેલો લેખ 'ડાંગ : એક દર્શન' માંથી કેટલીક હકીકતો મેળવી છે. છે. સંપાદક અને કર્તાનો આભાર માનું છું.

□ □ □

## પ્રથમ વર્ગ પ્રાપ્ત કરનાર યશસ્વી વિદ્યાર્થીઓ



શિલ્પા નાયક
(ટી. વાય. બી. કોમ.)




ગાયત્રી પંડયા
(એમ. એ.)



સુભાષ ચૌહાણ
(એસ. વાય. બી. કોમ.)



કલ્પના નાયક
(એમ. એ.)




સુબોધચંદ્ર ગાંધી
(એસ. વાય. બી. કોમ.)



ઇલા દેસાઈ
(એમ. એ.)

વિજયકુમાર પટેલ



પ્રથમ વર્ગ (એફ. વાય. બી. એ.)

ગુલાબ પટેલ



પ્રથમ વર્ગ (એસ વાય. બી. એ.)

હંસા શાહ



પ્રથમ વર્ગ (એફ. વાય. બી. એ.)




મનુબેન પટેલ

યુનિ. ખેલાડીઓ (ખો-ખો)



લીલાબેન પટેલ



જી. એસ. લોહાર




ઈલાબેન ગાયકવાડ


## વિદ્યાર્થી સેવા માટે ઉત્સુક મંત્રીગણ




હિતેન્દ્ર પટેલ
( પ્રવાસ સમિતિ )



દિલીપ પટેલ
( સાંસ્કૃતિક સમિતિ )




વિજય શાહ
( જીમખાના સમિતિ )



નટવર પટેલ
( જી. એસ. )




હસમુખ પટેલ
( મેગેઝિન સમિતિ )



સુમન પટેલ
( નાણા સમિતિ )




સુરેશ પટેલ
( વકતૃત્વ સમિતિ )



એન. એસ. એસ. ના પ્રોગ્રામ ઓફિસરનું ઉદ્‌બોધન




યુવા વર્ષની ઉજવણી નિમિત્તે ઉપસ્થિત રહેલા મહાનુભાવો




વિદ્યાર્થી પ્રતિનિધિ મંડળ (૧૯૮૪-'૮૫)



૬. ગુ. યુનિ. એથ્લેટિક (વ્યતકિગત) ચેમ્પીયન કુ. જી. એસ. લોહાર



દ. ગુ. યુનિ. (ખો-ખો) રનર્સ અપ : બહેનો



દ. ગુ. યુનિ. (ખો-ખો) રનર્સ અપ : ભાઈઓ

## ॥ प्रवृत्ति प्रांगणे ॥

∴

પ્રવૃત્તિમય રહેવું એનું નામ જ ખરું જીવન. જીવનની અનેકવિધ પ્રવૃત્તિઓમાં માનવીઓ ગૂથાયેલા–પરોવાયેલા હોય છે. પ્રવૃત્તિમાંથી નિવૃત્તિ લેવી એટલે પીછેહઠ કે નિષ્ક્રિયતા. નિષ્ક્રિયતા અવરોધક બને છે અને એનું પરિણામ શૂન્ય. પ્રવૃતિથી જીવંતતા અને નવચેતના પ્રસરે છે. પ્રવૃત્તિનો ચિતાર કે આલેખ બને છે અતીતનું અવગાહન. અતીત તરફ દષ્ટિપાત કરતા વર્તમાન કે ભવિષ્યની ઉજ્જ્વળ કારકિર્દી તરફ જવાનો માર્ગ પણ મોકળો બનતો હોય છે પ્રવૃત્તિનો અહેવાલ દાવાદાંડી રૂપ બને છે. પ્રવૃત્તિનો અહેવાલ એ જ પ્રગતિની પારાશીશી છે.

○

## વિદ્યાર્થી મંડળ

○

દ. ગુ. યુનિ. ના નિયમાનુસાર વિદ્યાર્થીમંડળની ચૂંટણી કરવામાં આવી. ૧૯૮૪-૮૫ ના વર્ષના સભ્યોની નામાવલિ નીચે મુજબ છે:

**એફ. વાય. બી. એ. —**
ભૂપેન્દ્રકુમાર પટેલ, કૈલાસબેન પટેલ, હસમુખલાલ પટેલ, વિજયકુમાર શાહ, છાયાબેન પંડયા, હરીશભાઈ પટેલ, સંધ્યા પુરોહિત.

**એસ. વાય. બી. એ. —**
રમેશ પટેલ, ઈસ્માઈલ કથરાદા, સુરેશ બી. પટેલ, વર્ષા પટેલ, ઈશ્વરભાઈ પટેલ.

ટી. વાય. બી. એ. —
**અશોક પટેલ, લીલા પટેલ, બચુભાઇ પટેલ, સુરેશ સી. પટેલ, સુમનભાઇ પટેલ.**

એફ. વાય. બી. કોમ. —
**પ્રકાશભાઇ પટેલ, મુસ્તાક પઠાણ,**

એસ. વાય. બી. કોમ. —
**હસમુખભાઈ પટેલ, બિપિન પટેલ**

ટી. વાય. બી. કોમ —
**દિલીપ પટેલ, રમેશભાઈ પટેલ**

**એમ. એ. :—૨: હિતેન્દ્રભાઇ પટેલ**

બધા વિદ્યાર્થીઓમાંથી શ્રી. નટવરલાલ સી. પટેલ (ટી. વાય. બી. એ.) જનરલ સેક્રેટરી તરીકે ચૂંટાયા હતા.

*        *        *

વિદ્યાર્થી પ્રતિનિધિઓમાંથી નીચે પ્રમાણે વિભાગીય સમિતિઓની રચના કરવામાં આવી :

પ્રમુખ — આચાર્ય શ્રી. ડૉ. ગુણવંતરાય જે. દેસાઈ

ઉપપ્રમુખ — ઉપાચાર્ય શ્રી. આર. એસ. ગાંધી

નાણા સમિતિ : પ્રા. આર. એસ. ગાંધી (અધ્યક્ષ)
શ્રી સુમન પટેલ (મંત્રી)

જીમખાના સમિતિ : પ્રા. ડી. ડી. પટેલ (અધ્યક્ષ)
શ્રી. વિજય શાહ(મંત્રી)

સાંસ્કૃતિક સમિતિ : પ્રા. એમ. એસ. પ્રજાપતિ (અધ્યક્ષ)
શ્રી. દિલીપ પટેલ (મંત્રી)

વકતૃત્વ સમિતિ : ડૉ. અબ્બાસઅલી તાઇ (અધ્યક્ષ)
શ્રી. સુરેશ પટેલ (મંત્રી)

મેગેઝિન સમિતિ : પ્રા. ગજાનન પટેલ (અધ્યક્ષ)
શ્રી. હસમુખ પટેલ (મંત્રી)

પ્રવાસ સમિતિ : પ્રા. જે. વી. પટેલ (મંત્રી)
શ્રી. હિતેન્દ્ર પટેલ (અધ્યક્ષ)

પ્લાનીંગ ફોરમ : પ્રા. કે બી. પટેલ (અધ્યક્ષ)
શ્રી. રમેશ પટેલ (મંત્રી)

□ □

## આયોજન મંડળ

પ્રા. કે. બી. પટેલ (અધ્યક્ષ) (મંત્રી)

o

ચાલુ વર્ષે આયોજન મંડળના આશ્રયે નીચે પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવી :

(૧) વર્ષ દરમિયાન એક નિબંધસ્પર્ધા (વિષય–આયોજનનું મૂલ્યાંકન) યોજવામાં આવી હતી તેમાં પ્રથમ ક્રમે શ્રી દિલીપકુમાર પટેલ ટી. વાય. બી. કોમ), દ્વિતીય ક્રમે શ્રી. (ડી. બી. મે... વાય. બી. કોમ.) તથા તૃતીય ક્રમે શ્રી. વી. એ... પટેલ (ટી. વાય. બી. એ.) વિજેતા જાહેર થયા હતા

(૨) બે વકતૃત્વ સ્પર્ધાનું પણ આયોજન કરવામાં આવ્યું હતુ;. પ્રથમ વકતૃત્વ સ્પર્ધાના વિષયો "આયોજન અને ભાવવધારો " "બેરોજગારી આયોજનથી દૂર થશે કે કેમ ?" રાખવામાં આવ્યા હતા. આ સ્પર્ધામાં તથા પ્રથમ ક્રમે શ્રી. જયંતિલાલ પટેલ (ટી. વાય. બી. કોમ.) દ્વિતીય ક્રમે શ્રી. સુબોધ પટેલ (ટી. વાય. બી એ.) અને તૃતીય ક્રમે શ્રી. પ્રફુલ્લ પટેલ (ટી. વાય. બી. કોમ.) વિજેતા બન્યા હતા.

બીજી વકતૃત્વ સ્પર્ધાનો વિષય "ભાવવધારો અટકાવી શકાશે કે કેમ ?" રાખવામાં આવ્યો હતો; તેમાં નીચે દર્શાવેલા વિદ્યાર્થીઓએ ક્રમ મેળવ્યો :

પ્રથમ ક્રમ—કુ. એસ પી. ટેલર (એસ. વાય. બી. કોમ.)
દ્વિતીય ક્રમ— શ્રી. જયંતિલાલ પટેલ (ટી. વાય. બી. કોમ.)
તૃતીય ક્રમ— શ્રી. સાજીદ દરેખી (એસ, વાય. બી. એ.)
આશ્વાસન ઈનામ— શ્રી. સુબોધ પટેલ (ટી. વાય. બી એ.)

(૩) વર્ષ દરમિયાન કોલેજના વિદ્યાર્થીઓનું આર્થિક - સામાજિક સર્વેક્ષણ કરવાનું વિચારવામાં આવ્યું અને તે માટેની પ્રશ્નાવલિ તૈયાર કરવામાં આવી છે.

(૪) વર્ષ દરમિયાન એક અઠવાડિયાના ત્રણ સહકારી તાલીમ વર્ગ ચલાવવામાં આવ્યા. જેમાંનો એક વર્ગ બહેનોનો પણ હતો. આ ત્રણ વર્ગમાં કુલ ૧૨૫ વિદ્યાર્થીઓએ ખૂબ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

(૫) એક અઠ્ઠાવીસ દિવસનો સહકારી તાલીમ વર્ગ કોલેજમાં શરૂ કરવામાં આવ્યો હતો અને તેમાં પાંચ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

આયોજન મંડળની સર્વ પ્રવૃત્તિઓમાં ખૂબ ઉત્સાહભેર રસ દાખવવા બદલ કોલેજના ઉપાચાર્યશ્રી રમેશભાઈ ગાંધી તથા અન્ય અધ્યાપક ભાઈ-બહેનોનો આભાર વ્યક્ત કરતા આનંદની લાગણી અનુભવું છું.

□ □ □

## ચર્ચા સમિતિ :

○

ડૉ. અબ્બાસઅલી તાઈ (અધ્યક્ષ)
શ્રી. સુરેશ પટેલ (મંત્રી)

પ્રતિવર્ષની જેમ આ વર્ષે પણ આ સમિતિએ વકૃત્વ સ્પર્ધાઓ તથા સાહિત્ય વિભાગની વિવિધ સ્પર્ધાઓનું આયોજન કર્યું હતું ઘણા વિદ્યાર્થી ભાઈ-બહેનોએ વિવિધ સ્પર્ધાઓમાં ખૂબ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

(૧) ડૉ. એ. કે. તાઈ શિલ્ડ વકતૃત્વ સ્પર્ધા : આ સ્પર્ધા વકતૃત્વ સ્પર્ધાનો વિષય રાખવમાં આવ્યો હતો : 'આજનો યુવાન કયા માર્ગે ?' ઘણા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો; તેમાં નીચેનાં વિદ્યાર્થીઓ વિજેતા બન્યા હતા!

પ્રથમ ક્રમ : કુ. કૈલાસબેન પટેલ (એફ. વાય. બી. એ.)

દ્વિતીય ક્રમ : શ્રી રમેશભાઈ પટેલ એફ. વાય. બી. એ.)

તૃતીય ક્રમ : શ્રી. સુબોધભાઈ પટેલ (ટી. વાય. બી. એ.)

(૨) દ્વિતીય વકતૃત્વ સ્પર્ધાનું પણ આયોજન કરવામાં આવ્યું હતું; તેમાં નીચેના વિદ્યાર્થીઓએ ક્રમ મેળવ્યો હતો.

પ્રથમ ક્રમ : શ્રી. સુબોધભાઈ પટેલ (ટી. વાય. બી. એ.)

દ્વિતીય ક્રમ : શ્રી મહેન્દ્રભાઈ પટેલ (એસ. વાય. બી. એ.)

(૩) ચર્ચા સમિતિના ઉપક્રમે વાર્તાલેખન સ્પર્ધાનું પણ આયોજન કરવામાં આવ્યું હતું તેમાં નીચેના વિદ્યાર્થીઓ વિજેતા થયા હતા.

પ્રથમ ક્રમ— શ્રી. સુબોધચંદ્ર પટેલ (ટી. વાય. બી. એ.)

દ્વિતીય ક્રમ— કુ. ગંગાબેન સોલંકી (એસ. વાય. બી. એ.)

તૃતીય ક્રમ— શ્રી. દત્તાત્રેય મોરે (ટી. વાય. બી. કૉમ.)

(૪) દર વર્ષની જેમ આ વર્ષે પણ કાવ્યલેખન સ્પર્ધા રાખવામાં આવી હતી વિજેતાઓ નીચે મુજબ :

પ્રથમ ક્રમ— કુ. તારાબેન પટેલ (ટી. વાય. બી. એ.)

દ્વિતીય ક્રમ— શ્રી. હર્ષદ પટેલ (એસ. વાય. બી. કૉમ.)

તૃતીય ક્રમ— કુ ગીતાબેન પટેલ (ટી. વાય. બી. એ.)

(૫) આ સમિતિના અન્વયે એક નિબંધ સ્પર્ધાનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. નિબંધ સ્પર્ધાના વિજેતાઓએ નીચે મુજબ ક્રમ મેળવ્યો હતો :

પ્રથમ ક્રમ – શ્રી. બળવંત એ. પટેલ (એમ. એ.–૨)

દ્વિતીય ક્રમ – શ્રી. ખંડુભાઇ પટેલ (એમ. એ.–૨)

તૃતીય ક્રમ – કુ. મમતાબેન જોષી (એમ. એ.–૨)

સ્પર્ધાઓમાં નિર્ણાયક તરીકે મદદરૂપ થનાર અધ્યાપકોનો આભાર. વિવિધ સ્પર્ધાઓમાં ભાગ લેનાર હરીફોને અભિનંદન તથા વિજેતાઓને હાર્દિક ધન્યવાદ...અભિનંદન.

□ □ □

## હિન્દી સાહિત્ય પરિષદ

(૧૯૮૪-'૮૫)

○

ડૉ. અબ્બાસઅલી તાઈ (પ્રમુખ)

બિમલેશ તેવટિયા (મંત્રી)

હિન્દી સાહિત્ય પરિષદ વર્ષ દરમિયાન ઘણી પ્રવૃત્તિઓ કરે છે. આ વર્ષે પણ સક્રિય રહી ઘણા કાર્યો કર્યા છે.

(૧) ગુજરાતી સાહિત્યના પ્રખર વિદ્વાન શ્રી. રમણલાલ પ્રવચન પાઠકનું પ્રવચન યોજવામાં આવ્યું. 'સાહિત્ય અને સમાજ' એ વિષય પર શ્રી. રમણલાલ પાઠકે રસપ્રદ વ્યાખ્યાન આપ્યું હતું.

(૨) આ વિભાગના માજી અધ્યક્ષશ્રી પ્રા. ઠાકોરભાઈ નાયકને વિદાય આપવામાં આવી.

(૩) શ્રી. ઠાકોરભાઈ દેસાઈ રજતચંદ્રક હિન્દી સાહિત્ય પરિષદ દ્વારા આપવામાં આવે છે. અને એ રીતે મુરબ્બી શ્રી ઠાકોરભાઈ દેસાઈનું સૌજન્ય આ વિભાગ સાથે સંકળાયેલું રહ્યું છે. આ ચંદ્રક કુ. દક્ષાબેન પર નાર (બી. એ. — ૫૯.૬%) ને આપવામાં આવ્યો.

(૪) સ્વ. બુધાભાઈ પટેલ સ્મારક સ્કોલરશીપ કુ. સુમિત્રાબેન બી. પટેલ અને શ્રી. સુબોધચંદ્ર પટેલને આપવામાં આવી હતી.

(૫) હિન્દી સાહિત્ય પરિષદ તરફથી જાહેર કરવામાં આવેલી એફ. વાય. બી. એ. માટેની સ્કોલરશીપ કુ. મિનાક્ષીબેન લાડ તથા કુ. ગીતાબેન પટેલને આપવામાં આવી હતી.

(૬) કોલેજના ત્રણ વર્ષ દરમ્યાન નીચેના વિદ્યાર્થીઓ શ્રેષ્ઠ વિદ્યાર્થી તરીકે પસંદગી પામ્યા :

૧. ઊર્મિલાબેન બી. પટેલ, ૨. રમીલાબેન સી. પટેલ ૩. સુબોધચંદ્ર ડી. પટેલ

અંતિમ વર્ષના ભાઈ-બહેનોને શુભેચ્છાઓ સાથે ભાવભરી વિદાય આપવામાં આવી .

□ □ □

## પ્રવાસ સમિતિ

**પ્રા. જગુભાઈ વી. પટેલ (અધ્યક્ષ)**

**હિતેન્દ્ર પટેલ (મંત્રી)**

o

આપણી કોલેજમાંથી દિવાળી વેકેશન દરમ્યાન નવેમ્બર ૮૪ માં મુંબઈ-માથેરાનનો પાંચ દિવસનો પ્રવાસ યોજવામાં આવ્યો હતો. એ પ્રવાસ માટે કોલેજના છત્રીસ વિદ્યાર્થી ભાઈ-બહેનોએ પોતાના નામો નાણાં સહિત નોંધાવીને તૈયારી કરી હતી. પરંતુ તા. ૩૧-૧૦-૮૪ ના રોજ લોકશાહી ભારતમાં મહિલા વડાપ્રધાન શ્રીમતી ઇન્દિરા ગાંધીની કરપીણ હત્યા થતાં આખા દેશમાં શોકમગ્ન ગમગીન વાતાવરણ સર્જાયું. તેમાં સાથ પુરાવતાં આપણી કોલેજનો મુંબઈ-માથેરાનનો પ્રવાસ રદ કરવામાં આવ્યો.

**મુંબઈ ગોવા પ્રવાસ :**

નાતાલ વેકેશન દરમ્યાન તા. ૨૬-૧૨-'૮૪ થી તા. ૧-૧-'૮૫ સુધીનો મુંબઈ - ગોવાનો પ્રવાસ સફળતાપૂર્વક યોજવામાં આવ્યો. જેમાં ત્રીસ વિદ્યાર્થી ભાઈ-બહેનો અને ચાર સ્ટાફ મેમ્બર જોડાયા હતા. રેલવેમાં રિઝર્વેશન વિના પણ આ પ્રવાસની મુસાફરી સુવિધાજનક નીવડી હતી.

**મહાલક્ષ્મી, ગણેશપુરી, વજ્રેશ્વરી પ્રવાસ :**

છવ્વીસમી જાન્યુઆરી ઓગણીસો પંચાસીના ગણતંત્ર દિને ભિલાડનું કૃષ્ણમંદિર, મહાલક્ષ્મી, વજ્રેશ્વરી અને ગણેશપુરી જેવાં સ્થળોનો એક દિવસનો પ્રવાસ બસ દ્વારા યોજવામાં આવ્યો હતો. બાસઠ જેટલાં વિદ્યાર્થી ભાઈ-બહેનો-તથા પ્રા. જે. વી. પટેલ અને પ્રા. જે. યુ. પટેલ જોડાયા હતા.

ઉપરોક્ત પ્રવાસોના આયોજન અને સફળતામાં આચાર્યશ્રી, ઉપાચાર્યશ્રી તથા પ્રા. કે. બી. પ્રા. જે. યુ. પટેલના સાથ સહકાર અને માર્ગદર્શન બદલ પ્રવાસ સમિતિ તેમની અહેસાનમંદ છે.

□ □ □

**રમત ગમત / જીમખાના સમિતિ :**

**પ્રા. ડી. ડી. પટેલ (અધ્યક્ષ)**

**શ્રી. વિજય શાહ (મંત્રી)**

○

ગત વર્ષની માફક આ વર્ષે પણ આપણી કૉલેજે નીચે પ્રમાણેની રમતોમાં ભાગ લીધો હતો.

**ક્રિકેટ :** ક્રિકેટનો રાઉન્ડ આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજ બીલીમોરા સાથે રમાયો હતો.

**કબડ્ડી :** કબડ્ડીના રાઉન્ડનું આયોજન પી. ટી. સાર્વજનિક કૉલેજ ઑફ સાયન્સ, સુરત પટાંગણમાં થયું હતું; તેમાં આપણી કૉલેજે નવયુગ લૉ કૉલેજ, સુરતને હાર આપી હતી.

**વૉલીબૉલ :** વૉલીબૉલ (ભાઈઓ) ટુર્નામેન્ટનું આયોજન જયેન્દ્રપુરી આર્ટ્સ કૉલેજ, ભરૂચ થયું હતું. તેમાં આપણી કૉલેજે ભાગ લીધો હતો.

**ખો-ખો :** ખો - ખો (ભાઈઓ) ના રાઉન્ડનું આયોજન આપણી કૉલેજનાં પટાંગણમાં થયું હ તેમાં આપણી કૉલેજે બારિયા સાયન્સ કૉલેજ, નવસારી; એમ. આર. આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલે રાજપીપળા, વી. એસ. પટેલ આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ બીલીમોરા અને કોમર્સ કૉલેજ ભરૂચને હરા ફાઈનલમાં પ્રવેશ કરી, રનર્સ અપ થઈ હતી.

**ખો-ખો :** ખો - ખો (બહેનો)નુ ટુર્નામેન્ટનું આયોજન એમ. ટી. બી. આર્ટ્સ કૉલેજ સુ કર્યું હતું. તેમાં આપણી કૉલેજે સર કે. પી. કોમર્સ કૉલેજ, સૂરતને હરાવી ફાઈનલમાં પ્રવેશ ક રનર્સ અપ થઈ હતી.

(૧) કુ. લોહાર ગુરવિંદકોર એસ. (એસ. વાય. બી. એ.), (૨) મનુબેન એન. પટેલ (એસ. વા બી. એ.), (૩) ઈલાબેન એમ. ગાયકવાડ (એફ. વાય. બી. એ.) (૪) લીલાબેન જી. પટેલ (એફ. વા બી. એ.)

ખેલકૂદ :

સોળમો યુનિવર્સિટી ખેલકૂદ રમતોત્સવ સી. પી. વી. એમ. રાજપીપળા મુકામે યોજાયો હતો. તેમાં આપણી કોલેજે ભાગ લીધો હતો. ખેલકૂદ રમતોત્સવમાં નીચે જણાવેલાં વિદ્યાર્થી ભાઈ – બહેનો વિજેતા નીવડયાં હતાં :

| | |
|---|---|
| ૧૦૦ મી. દોડ (બહેનો) — પ્રથમ<br>૨૦૦ મી. દોડ (બહેનો) — પ્રથમ<br>૪૦૦ મી. દોડ (બહેનો) — પ્રથમ<br>લાંબીકૂદ (બહેનો) — દ્વિતીય | કુ. જી. એસ. લોહાર |

રીલે (બહેનો) ૪×૧૦૦—પ્રથમ : (ચાર બહેનો)

— કુ. જી. એસ. લોહાર
— કુ. જમના ગાયકવાડ
— કુ. ઇલા ગાયકવાડ
— કુ. લલિતા પટેલ.

ઊંચી કૂદ (ભાઈઓ) માં શ્રી રમણભાઈ ગામીત (એસ. વાય. બી. કોમ) તૃતીયે ક્રમ પ્રાપ્ત કર્યો છે.

ઉપરોકત ખેલાડીઓમાં કુ. જી. એસ. લોહાર વ્યકિતગત ૧૮ પોઇન્ટ મેળવી બહેનો માટેનું વ્યકિતગત ચેમ્પિયનશીપનું શિલ્ડ મળવી આપણી કોલેજનું ગૌરવ વધાર્યું છે. દરેક ને અભિનંદન.

બીજા સત્રમાં આપણી કોલેજમાં યોજાયેલ ઇન્ટર સ્પર્ધામાં સ્વ. બુધાભાઇ ક્રિકેટ શિલ્ડમાં પ્રથમ નવસારી વિભાગની ક્રિકેટ ટીમ રનર્સ અપ. સ્વ. શામકાશદ શિલ્ડ — ઉનાઇ વિભાગની ક્રિકેટ ટીમે પ્રાપ્ત કર્યો અને એમાં સારો દેખાવ કર્યો હતો.

બેસ્ટ : બેસ્ટમેન— શ્રી દિપક પટેલ (એફ. વાય. બી. કોમ.)

બેસ્ટ બોલર— શ્રી મહેશ પટેલ (એફ. વાય. બી. કોમ.)

ખેલકૂદ સ્પર્ધાનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. અને દરેક વિજેતાઓને પ્રમાણપત્રો તથા ઇનામો આપવામાં આવ્યા હતા.

• • •

## ચીખલી કોલેજ ગ્રાહક અને ધીરાણ મંડળી લિ.

### સહકારી પ્રવૃત્તિ :

○

રૂ. ૬૭૦=૦૦ ના શેરભંડોળથી શરૂ થયેલી આ મંડળી વિકાસના કદમો તરફ આગેકૂચ કરી રહી છે. સભાસદોની આર્થિક જરૂરિયાતોને પહોંચી વળવા માટે શેરફાળો રૂ.૨૦થી વધારીને રૂ.૪૦ કર્યો છે. આ વર્ષે આશરે ચોર્યાસી હજાર રૂપિયાનું ધિરાણ આ મંડળીએ કર્યું હતું અને ૧૦% જેટલું ડીવિન્ડ જાહેર કરવામાં આવ્યું હતું. સહકારી મંડળીની સભ્ય સંખ્યા ૫૬ છે.

આ મંડળીની વ્યવસ્થાપક સમિતિના સભ્યોની નામાવલિ નીચે મુજબ છે.

આચાર્ય શ્રી ડૉ. જી. જે. દેસાઈ (પ્રમુખ) પ્રા. જે. યુ. પટેલ (ઉપપ્રમુખ) તથા પ્રા. ડી. એસ. રાઠોડ (મંત્રી).

કારોબારીના સભ્ય :

પ્રા. આર એસ. ગાંધી., પ્રા. જે. વી. પટેલ, પ્રા. કે. બી પટેલ, શ્રીમતી કે. એ. દેસાઈ, શ્રી. એસ. આર. દેસાઈ, શ્રી. એન. જી. પટેલ, શ્રી. આર. ડી. ચૌહાણ.

• • •

## પ્રૌઢશિક્ષણ, વિસ્તરણ અને નિરંતર શિક્ષણ વિભાગ :

**પ્રા. ડી. એસ. રાઠોડ (પ્રોગ્રામ ઓફિસર)**

o

આપણી કોલજના ઉપક્રમે દ. ગુ. યુનિ. પ્રેરિત પ્રૌઢશિક્ષણ, વિસ્તરણ અને નિરંતર શિક્ષણના દસ કેન્દ્ર કાર્યાન્વિત થયેલાં છે. આ પ્રૌઢશિક્ષણ, વિસ્તરણ અને નિરંતર શિક્ષણના વર્ગો આદિવાસી, અભણ અને ઊંડાણવાળા વિસ્તારોમાં ચલાવવામાં, આવે છે. આ વર્ગોના સંચાલકો તરીકે આપણી કોલેજના વિદ્યાર્થીઓની જ નિયુક્તિ કરવામાં આવેલી છે. વર્ગ સંચાલકોને વર્ગ સંચાલન અંગેની સઘળી કામગીરી, જવાબદારી અને રૂપરેખાથી પરિચિત કરવા માટે યુનિવર્સિટી તરફથી શિબિરોનુ આયોજન કરવામાં આવ્યું હતું. વર્ગ સંચાલકોની શિબિરોમાં આપણા કેન્દ્રના વર્ગ સંચાલકોએ ઉમળકાભેર ભાગ ભજવ્યો હતો. અવધૂત વાડી (બીલીમોરા) માં યોજાયેલા વર્ગસંચાલકોની શિબિરમાં આપણી કોલેજના વર્ગસંચાલક શ્રી અરવિંદ સોલંકીએ નાટયાત્મક ઢબે વર્ગસંચાલન કેવી રીતે કરી શકાય, તેનું સુંદર ડેમાન્ટ્રેશન રજૂ કર્યું હતું. આયોજકો/ યુનિવર્સિટીના અધિકારીઓની પ્રશંસા મેળવવા ભાગ્યશાળી બન્યા હતા. વર્ગ સંચાલકો તરીકે બહુધા આપણી કોલેજના વિદ્યાર્થીઓ વાંગણ લીમઝર, સાદકપોર, દુવાડા, ખોરીયાચ, નવાનગર, લીંબરપાડા, ગોરગામ મુકામે નિયમિત વર્ગો ચલાવે છે.

દ. ગુ. યુનિ. ના વિસ્તરણ–શિક્ષણ વિભાગ દ્વારા આયોજિત રાષ્ટ્રીય સેમિનાર ગ્રામસેવા કેન્દ્ર, અંભેટી મુકામે તા. ૯–૩–૮૪ થી ૧૧–૩–૮૪ સુધી યોજવામાં આવ્યો હતો. બીજો રાષ્ટ્રીય સેમિનાર ધરમપુર મુકામે તા. ૬–૧–૮૫થી તા. ૮-૧–૮૫ ના ગાળાદરમ્યાન યોજવામાં આવ્યો હતો એ સેમિનારનો વિષય હતો. Role of universities & colleges in planning continuing Eduction for Rural & Trible peopole. ઉપરોક્ત બંને સેમિનારમાં પ્રા. ડી. એસ. રાઠોડે ભાગ લીધો હતો. વર્ગસંચાલકોનું વર્ગશિક્ષણ નિર્વિઘ્ન અને સફળતાથી પાર પડે તે માટે યુનિના નિયમ મુજબ શ્રી શંકરભાઈ બી. પટેલની સુપરવાઈઝર તરીકે નિયુક્તિ કરવામાં આવેલી છે. વર્ગશિક્ષણના દસે દસ કેન્દ્રોમાં વ્યવસ્થિત રીતે શિક્ષણકાર્ય ચાલે છે અને ગામના લોકો તરફથી પણ પૂરતો સહયોગ મળે છે.

• • •

## સાંસ્કૃતિક સમિતિ
પ્રા. એમ. એસ. પ્રજાપતિ (અધ્યક્ષ)
શ્રી દિલીપ પટેલ (મંત્રી)

o

તલાવચોરા મુકામે યોજાયેલ ચીખલી તાલુકા કક્ષાના ૧૩ મા યુવક મહોત્સવમાં આપણા સ્પર્ધકોએ ભાગ લીધો હતો; જેમાં નીચેના સ્પર્ધકો વિજયી નીવડ્યા હતા.

૧. હળવું કંઠય સંગીત 'અ' વિભાગમાં કુ. હિના એન. દેસાઇએ પ્રથમ ક્રમ પ્રાપ્ત કર્યો. ૨. કાવ્ય લેખન અને પાદપૂર્તિ સ્પર્ધામાં ગજાનન પટેલે પ્રથમ ક્રમ મેળવ્યો ૩. કુરાને શરીફની આયાતોમાં પ્રથમ ક્રમ ઇસ્માઇલ કથરાદાએ પ્રાપ્ત કર્યો હતો.

સંગીત સંધ્યાનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. જેમાં કોલેજના ૨૩ વિદ્યાર્થી ભાઇ બહેનોએ ખૂબ ઉમળકાભેર ભાગ લઇ કાર્યક્રમને જીવંત તથા રસપ્રદ બનાવવામાં સહભાગી બન્યાં હતાં અધ્યાપક મિત્રોએ પણ આ કાર્યક્રમમાં ભાગ લઇ કાર્યક્રમને વેગવાન અને સફળ બનાવવામાં સહકાર આપ્યો હતો.

યુનિ. યુવક મહોત્સવનું નવસારી મુકામે આયોજન થયું હતું. યુનિ-યુવક મહોત્સવમાં કુ. હિના દેસાઇએ હળવું કંઠય સંગીતમાં તથા મુસ્તાકખાન પઠાણે ભાતચિત્રમાં ભાગ લઇને પ્રશસ્ય દેખાવ કર્યો હતો.

આ વર્ષે પણ વાર્ષિક દિનની ઉજવણી કરવામાં આવી હતી. વાર્ષિક દિન નિમિત્તે ગરબા, નાટક, રાસ, એકપાત્રીય અભિનય, ગીત વગેરે રજૂ કરવામાં આવ્યા હતા.

ચીખલીના 'જયદીપ' સિનેમાગૃહમાં 'સી. આઇ. ડી.' નામક ફિલ્મ કોલેજના તમામ વિદ્યાર્થી ભાઇ બહેનો તથા અધ્યાપકોને બતાવવામાં આવી હતી.

સમગ્ર વર્ષ દરમ્યાન સાંસ્કૃતિક સમિતિની વિવિધ પ્રવૃત્તિઓ ખૂબ જ રસમય રીતે ઉજવવામાં આવી હતી. આચાર્ય શ્રી. ડૉ. જી. જે. દેસાઈ, ઉપાચાર્યશ્રી પ્રા. આર. એસ. ગાંધીએ વારંવાર માર્ગદર્શન આપી અનન્ય સહકાર આપ્યો હતો. કાર્યાલયના વડા શ્રી. અમૃતભાઈ દેસાઈએ પણ પોતાનું જ કર્તવ્ય માનીને આ સમિતિના વિવિધ કાર્યક્રમોને પાર પાડવા માટે ખૂબ સહકાર આપી પ્રોત્સાહિત કર્યા હતા.

અધ્યાપક મિત્રોના સહકાર વગર કોઈ જ કાર્યક્રમ શક્ય નથી. તેઓનો પણ અમને ખૂબ જ સહયોગ સાંપડયો છે. આ તકે તેમનો ખૂબ ખૂબ આભાર માનું છું અમારી સાંસ્કૃતિક સમિતિના પ્રા. રજનીભાઈ મહેતા, પ્રા. રેણુકાબેન માસ્ટર, ડૉ. એ કે. તાઈ, પ્રા. એમ. બી. દેસાઈ, મંત્રીશ્રી દિલીપ પટેલ તથા નટુભાઈ પટેલ (G. S.) ના અનન્ય સહકાર બદલ આભાર. ભવિષ્યમાં પણ સમિતિના સભ્યો તરફથી આવો જ સુંદર અને ઉમળકા ભર્યો સહયોગ મળશે, એવી અપેક્ષા.

□ □ □

રાષ્ટ્રીય સેવા યોજના
પ્રા. એમ. એસ. પ્રજાપતિ
(પ્રોગ્રામ ઓફિસર)

o

રાષ્ટ્રીય સેવા યોજનાના ઉપક્રમે ૧૯૮૪-૮૫ ના વર્ષ દરમ્યાન થયેલી પ્રવૃત્તિઓનો વાર્ષિક અહેવાલ રજૂ કરતા અમે ગૌરવની લાગણી અનુભવીએ છીએ, રાષ્ટ્રીય ઘડતરના કાર્યમાં અમારા રાષ્ટ્રીય સેવા યોજનાના વિદ્યાર્થીઓએ જે ધગશ અને ખંતથી કામ કર્યું છે, તેથી યોજનાંનો હેતુ સિદ્ધ થતો અનુભવ્યો છે.

અમારી વર્ષ દરમ્યાનની વિવિધ પ્રવૃત્તિઓનો અહેવાલ નીચે મુજબ છે.

આ યોજનામાં ૧૯૮૪-૮૫ના વર્ષમાં કુલ ૧૦૦ સ્વયંસેવકો નોંધાયેલા છે, અને તેમાં વિદ્યાર્થી બહેનોનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે.

વર્ષની શરૂઆતમાં વિવિધ મહાનુભાવોની ઉપસ્થિતિમાં સભાઓ રાખી વિદ્યાર્થીઓને રાષ્ટ્રીય સેવા યોજનાનો વિગતવાર પરિચય આપ્યો હતો.

આ રાષ્ટ્રીય સેવા યોજનાના વિદ્યાર્થી ભાઈ-બહેનોએ ૧૫મી ઓગસ્ટ અને ૨૬મી જાન્યુઆરીના રાષ્ટ્રીય પર્વ નિમિત્તે અવશ્ય હાજરી આપે છે.

વિવિધ વિષયો ઉપર અવારનવાર અધ્યાપકો સાથે પરિસંવાદો યોજવામાં આવ્યા હતા.

વિવિધ સંસ્થાઓ દ્વારા યોજાતા કાર્યક્રમોમાં પણ વિદ્યાર્થીઓ રાષ્ટ્રીય સેવા યોજનાના અન્વયે ભાગ લેતા હોય છે.

શિબિર માટે તાલીમ આપવા અંગે સભાઓ રાખી ચર્ચા-વિચારણા કરવામાં આવી હતી.

યુનિ. ના આદેશ મુજબ નાતાલ વેકેશન દરમ્યાન ચીખલી તાલુકાના પગુંજ મુકામે તા. ૨૬-૧૨-૮૪ થી ૪-૧-'૮૫ સુધીનો શિબિર યોજવામાં આવ્યો હતો. જેમાં નિયત પ્રવૃત્તિઓ જેવી કે સંડાસ, પાણિયારા, શોષખાડા, રસ્તા, સમારકામ, સાંસ્કૃતિક કાર્યક્રમો, પ્રવચનો, પ્રભાતફેરી ઉપરાંત ગેરકાયદેસર દબાણો હઠાવવાની પણ ખાસ કામગીરી સફળતાપૂર્વક પાર પાડી હતી.

આ ઉપરાંત વર્ષ દરમ્યાન કોલેજ કક્ષાએ તેમજ અન્ય સભાઓમાં અને કાર્યક્રમોમાં યોજનાના બહેનોએ ભાગ લઈ સ્વચ્છતા-આરોગ્ય અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓને શોભાવી હતી.

વર્ષ દરમ્યાન સુંદર કામગીરી બજાવવા નીચેના દસ વિદ્યાર્થી ભાઇ-બહેનોને શ્રેષ્ઠ સ્વયંસેવકો તરીકે પસંદ કરવામાં આવ્યા હતા.

૧. કથરાદા ઈસ્માઈલ મહમદ – એસ. વાય. બી. એ.
૨. મહેતા અશોક એન. – એફ. વાય બી. એ.
૩. પટેલ રમેશ એમ – એફ. વાય બી. એ.
૪. પટેલ પરસોત્તમ બી. – એફ વાય. બી. એ.

૫. રાઠોડ શોભના આર. – ટી. વાય. બી એ.
૬ પટેલ મીનાબેન બી. – એસ. વાય. બી. એ.
૭. રાઠોડ મજુંલાબેન આર – ટી. વાય. બી. એ.
૮. પટેલ રૂખીબેન એમ. – ટી. વાય. બી. એ.
૯. વ્યાસ સંજીવ સી. – ટી. વાય. બી. એ.
૧૦. પટેલ અમૃત બી. – એફ. વાય. બી. એ.

વર્ષ દરમ્યાન કામગીરીમાં જૂથ નેતા તરીકે દીપકભાઈ પટેલ, મણિભાઈ, ઈસ્માઈલ કથરાદા તેમજ શીલાબેન પટેલ સુંદર કામગીરી બજાવી હતી. રાષ્ટ્રીય સેવા યોજનાની વિવિધ પ્રવૃત્તિઓમાં રાહબર બની પ્રેરણા આપનાર આચાર્યશ્રી ડૉ. જી. જે દેસાઈ, ઉપાચાર્યશ્રી પ્રા. આર. એસ. ગાંધી, મેનેજિંગ ટ્રસ્ટીશ્રી મોહનલાલ દેસાઈના આભારી છીએ. કર્મચારી સ્ટાફ અને કાર્યાલયના વડા શ્રી અમૃતભાઈ દેસાઈના પ્રશંસનીય સહકાર બદલ આભાર. રાષ્ટ્રીય સેવા યોજનાની કારોબારી સમિતિના સર્વે સભ્યો અને અધ્યાપક મિત્રોનો પણ હું ખૂબ આભાર માનું છું તેઓની પ્રેરણા અને હૂંફથી યોજનાની પ્રગતિ આગળ ધપતી રહી છે. રાષ્ટ્રીય સેવા યોજનામાં જોડાયેલા સ્વયં સેવકો વિના તો કશું જ શક્ય ન બને ? સમગ્ર યોજનામાં સુંદર કામગીરી બજાવી યશ અપાવનાર સર્વે સ્વયંસેવકો તથા પ્રત્યક્ષ પરોક્ષ મદદરૂપ થનાર સર્વેનો આ તકે આભાર.

□ □ □

## એન. એસ. ના અન્વયે યુવા સપ્તાહની ઉજવણી

સંયોજક : પ્રા. એમ. એસ. પ્રજાપતિ
(પ્રોગ્રામ ઓફિસર — N. S. S.)

o

દ. ગુ. યુનિ. ના એન. એસ. વિભાગના તા. ૨૬–૧૨–૮૪ ના પત્ર તેમજ ભારત સરકારના સ્પોર્ટ વિભાગના તા. ૨૪-૧૧-૮૪ ના પત્રમાં જણાવેલ કાયક્રમ મુજબ ચીખલી કોલેજના રાષ્ટ્રીય સેવા યોજનાના એકમ દ્વારા તા. ૧૨-૧-૮૫ થી ૧૯-૧ ૮૫ દરમ્યાન આંતર રાષ્ટ્રીય યુવા સપ્તાહની ઉજવણી કરવામાં આવી હતી.

આંતર રાષ્ટ્રીય યુવા સપ્તાહની ઉજવણીના આદેશ મુજબ રોજે રોજ શૌર્યગીતો, આઝાદીના ગીતો રામધૂન વગેરેનું આયોજન કરવામાં આવ્યું હતું. તદ્ઉપરાંત વિવિધ તજજ્ઞ વકતાઓના સ્વામી વિવેકાનંદ, સ્વામી રામકૃષ્ણ પરમહંસ, માર્ટિન લ્યુથર કીંગ, વીર ભગતસિંહ, ગાંધીજી, શ્રીમતિ ઈન્દિરા ગાંધી, જવાહરલાલ નહેરુ, સુભાષચંદ્ર બોઝ વિશે પ્રવચનો રાખવામાં આવ્યા હતા. પ્રવચનની સાથે પ્રશ્નોત્તરી પણ યોજવામાં આવી હતી. પ્રશ્નોતરી કાર્યક્રમમાં યુવાનોએ રસમય રીતે ભાગ લીધો હતો.

તા. ૧૨-૧-૮૫ ના રોજ અમારી કોલેજના આચાર્ય ડૉ. જી. જે. દેસાઈના અધ્યક્ષસ્થાનેથી તેમણે દીપ પ્રગટાવી યુવા સપ્તાહનો શુભારંભ કર્યો હતો. સાતદિવસની ઉજવણી દરમ્યાન નીચેના મહાનુભાવોએ યુવાનોને સબોધી પ્રોત્સાહિત કર્યા હતા

૧. ડૉ. જી. જે. દેસાઈ (આચાર્યશ્રી, ચીખલી કૉલેજ), ૨. પ્રા. આર. એસ. ગાંધી (ઉપાચાર્યશ્રી, ચીખલી કૉલેજ), ૩. પ્રા. જે. વી. પટેલ (ચીખલી કૉલેજ), ૪. પ્રા. ડૉ. એ. કે. તાઈ (ચીખલી કૉલેજ), ૫ શ્રીમતિ ચંદ્રિકા ડી. મોદી ઉપપ્રમુખ, લાયોનેસ કલબ, ચીખલી) ૬. શ્રીમતિ લીલાવતી કાપડિયા (ડાયરેકટર, લાયોનેસ કલબ, ચીખલી), ૭. પ્રા. રમણલાલ પાઠક (પત્રકાર, ગુજરાતમિત્ર), ૮ શ્રી. પ્રતાપસિંહ રાજપૂત (સરપંચશ્રી, ચીખલી) ૯. ડૉ. અરવિંદ સી. ગાંધી (પ્રમુખ); લાયન્સ કલબ, ચીખલી), ૧૦. ડૉ. દિલીપ મોદી (ભૂતપૂર્વ પ્રમુખ; લાયન્સ કલબ, ચીખલી), ૧૧. શ્રી. અમૃતભાઈ દેસાઈ (ઓ. એસ. ચીખલી કૉલેજ) ૧૨. ડૉ. નરેન્દ્ર ગજ્જર (આશીર્વાદ હૉસ્પિટલ), ૧૩. શ્રી નવનીતલાલ કાપડિયા (પ્રમુખ ક્ષત્રિય સમાજ), ૧૪. શ્રી. જયંતિલાલ દેસાઈ (અધ્યક્ષ નેત્ર કમિટી), ૧૫. શ્રી. ઈન્દ્રવદન કાપડિયા (ચીખલી), ૧૬. શ્રી. સુરેશ ટી. વ્યાસ (મુખ્ય હિસાબનીશ, વસુધારા ડેરી), ૧૭. પ્રા. એમ. જે. કાપડિયા (ચીખલી કૉલેજ)

યુવા સપ્તાહના સંયોજકે પ્રા. એમ. એસ. પ્રજાપતિએ દરરોજ અપાયેલા વક્તવ્યોની સમીક્ષા કરી, યુવા સપ્તાહ ઉજવણીના હેતુઓ વિશે વિશદ ચર્ચા કરી સમજ આપી હતી. રાષ્ટ્રની અખંડિતતા અને અને સમર્પણ વિશે યુવાનોમાં જાગૃતિ કેળવવાનો તેમજ નેતાગીરીના ગુણોની ખીલવણી માટેના આ રસપ્રદ કાર્યક્રમમાં યુવાનો ઓતપ્રોત બન્યા હતા.

સાત દિવસના સપ્તાહ માટે સાત નેતા અને સાત ઉપનેતાઓની યુવાન વિદ્યાર્થી – વિદ્યાર્થિનીઓ માંથી નિમણૂકની પધ્ધતિ સ્વયં યુવાન વિદ્યાર્થીઓ દ્વારા જ થતી હતી. દરરોજના કાર્યક્રમોનું આયોજન સંચાલન, સ્વાગત વિધિ અને આભાર દર્શનના કાર્યક્રમો યુવાનો દ્વારા જ થતા હતા. દરરોજના કાર્યક્રમોનું રિપોર્ટીંગ પણ યુવાનો દ્વારા જ કરવામાં આવતું હતું

"યુવાનોની તત્કાલીન ફરજો અને રાષ્ટ્ર નિર્માણમાં ફાળો" વિશે વકતૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું.

ચર્ચાસભા ભારે રસપ્રદ બની હતી. કુલ ૨૩ યુવાન વિદ્યાર્થી – વિદ્યાર્થિનીઓ વકતૃત્વ સ્પર્ધામાં ભાગ લઈ પોતાનો વિચારો વ્યકત કર્યા હતા. વકતૃત્વ બાદ પ્રશ્નોત્તરી પણ રાખવામાં આવી હતી. જેમાં ખૂબ જ સવાલો પૂછવામાં આવ્યા હતા.

યુવા સપ્તાહની ઉજવણીના એક ભાગ તરીકે વિવિધ પ્રકારના ચાર વિષયો જે પરિપત્રના કાર્યક્રમમાં આપેલા હતા. તે મુજબ એક નિબંધ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું આયોજન પૂર્વે વિષયોની છણાવટ માટે ચર્ચા યોજવામાં આવી હતી. નિબંધ સ્પર્ધામાં કુલ ૪૩ યુવક–યુવતીઓએ ભાગ લઈ સ્પર્ધાને તેજસ્વી બનાવી હતી. વિવિધ ક્ષેત્રોના તજજ્ઞો દ્વારા નિબંધોનું મૂલ્યાંકન કરવામાં આવ્યું હતું. નિબંધ સ્પર્ધામાં પ્રથમ ક્રમ ભારતીબેન મિસ્ત્રી (એફ. વાય. બી. એ.) દ્વિતીય ક્રમે હિનાબેન પટેલ (એફ. વાય. બી. કૉમ.) અને તૃતીય ક્રમે વસંતભાઈ પટેલ (એફ. વાય. બી. કૉમ.) આવ્યા હતા.

યુવા સપ્તાહની ઉજવણીમાં એન. એસ. એસ. ના યુવાન વિદ્યાર્થી–વિદ્યાર્થિનીઓએ ખૂબ ઉત્સાહ ઉમંગ અને ધગશથી ભાગ લીધો હતો.

□ □ □

આયુષ્યમાંથી બાળપણનાં વર્ષો અજ્ઞાનમાં ગયાં, યૌવનકાળમાં વિષયસુખોના ઉપભોગ કરવામાં ગયાં અને વૃદ્ધાવસ્થામાં રોગમાં ને કર્મ ભોગવવામાં ગયાં, તો તમે ઈશ્વરને ક્યારે જાણી શકવાના?

**સમર્થ સ્વામી રામદાસ**

o o o

જીવન ટૂંકું છે, સમય વહી રહ્યો છે. આપણા આધ્યાત્મિક વિકાસ માટે જ ઈશ્વરે આપણને માનવજન્મ આપ્યો છે.

**સ્વામી શિવાનંદ સરસ્વતી**

**RAJESH DESAI & CO.**
CHARTERED ACCOUNTANTS.

## ARTS & COMMERCE COLLEGE,
BALANCE SHEET

| FUNDS & LIABILITIES | Rs. Ps. | Rs. Ps. | Rs. Ps. |
|---|---|---|---|
| PROJECTOR & T. V. FUND : | | | 13,903-30 |
| STAFF PROVIDEND FUND : | | | 5,92,499-56 |
| D. M. DESAI SCHOLARSHIP FUND : | | | 1,001-00 |
| CURRENT LIABILITIES : | | | |
| 1. Vimal Uchchattar Kelavani Trust | | 2,54,207-53 | |
| 2. Others | | 34,161-10 | 2,88,368-63 |
| INCOME & EXPENDITURE A/C, : | | | |
| Balance as per last B/sheet : | 55,899-36 | | |
| Less : Excess Grant Returned | 7166-00 | 48,733-36 | |
| Add : Transfer from Reserve fund | | 38,615-71 | |
| Add : Excess of Income Over Expenditure for the year | | 33,174-14 | 1,20,523-21 |
| | | TOTAL | 10,16,295-70 |

EXAMINED WITH BOOKS AND FOUND CORRECT

RAJESH DESAI & CO.
Chartered Accountants

Sd/- A. S. DESAI
Accountant

Office : RAMJI TEKRA.
BULSAR-396 001

CHIKHLI Dist, VALSAD.

AS AT 31st MARCH 1984

**ASSETS**

| | Rs. Ps. | Rs. Ps. |
|---|---|---|
| FURNITURE & DEAD STOCK : | | |
| Balance as per last B/sheet | 1,26,348-23 | |
| Add : Additions during the year | 2,523-00 | 1,28,871-23 |
| LIBRARY BOOKS : | | |
| Balanc as per last B/ sheet | 1,22,155-11 | |
| Add : Additions during the year | 10,751-66 | |
| Additicn of U. G. C. Books | 20,192-76 | |
| | 1,53,099-53 | |
| Loss : Deductions | 459-00 | 1,52,640-53 |
| EDUCATIONAL EQUIPMENTS : | | 4,814-37 |
| PROJECTOR, RADIO & T. V. SET : (Balance as per last B/sheet) | | 16,951-80 |
| ADVANCES DEPOSITS & OTHER RECEIVABLES | | 10,287-05 |
| STAFF PROVIDEND FUND BANK A/C : | | 5,95,099-57 |
| CASH & BANK BALANCE : | | 1,07,631-15 |
| TOTAL | | 10,16,295-70 |

Sd/- G. J. DESAI
Principal
Arts & Commerce College, Chikhli.

sd/- M. M. DESAI.
Managing Trustee
Vimal Uchchatar Kelavani Trust,
CHIKHLI.

**RAJESH DESAI & CO.**
Chartered Accoountants.

**ARTS & COMMERCE COLLEGE.**
INCOME & EXPENDITURE ACCOUNT FOR

| EXPENDIIURE | Rs. Ps. | Rs. Ps. |
|---|---|---|
| To Salaries & Allowance | | 9,94,477=10 |
| ,, (As per Schedule 'B' attached) | | |
| ,, Tution Feed paid to Director of High Education | | 4,77,000=00 |
| ,, Special Salaries | | 2,700=00 |
| ,, Building Maintenance & Rent | | 29,457=00 |
| ,, Stationery & prienting Exp. | | 4,048=25 |
| ,, Telephone Expenses | | 2,962=00 |
| ,, Conveyance & Travelling Exp. | | 8,632=60 |
| ,, Leave Travellers concession | | 22,593=65 |
| ,, Electricity Expenses | | 5,141=08 |
| ,, postage & Telegram Expenses | | 1,231=45 |
| ,, Advertisements | | 3,835=40 |
| ,, Audit Fees | | 1,000=00 |
| ,, Library Expenses | | 1,335=85 |
| ,, Dailies & periodicals | | 4,391=85 |
| ,, Water Supply & Senitation Exp. | | 4,834=93 |
| ,, Peon's Uniform Expenses | | 2,221=25 |
| ,, Furniture Repairs | | 10,349=10 |
| ,, Washing Allowance | | 1,320=00 |
| ,, Principal's House Rent | | 1,080=00 |
| ,, Examination Expenses | | 17,617=74 |
| ,, Leave Encashment Expenses | | 5,788=85 |
| ,, Principal | 2,524=00 | |
| Others | 3,264=85 | |
| ,, Medical Relief Allowances | | 2,984=58 |
| ,, Staff Welfare Expenses | | 201=50 |
| ,, Garden Expenses | | 1,901=00 |
| ,, Entertainment Expenses | | 704=65 |
| ,, Bank charges | | 15=20 |
| ,, Excess of Income over Expenditure | | 33,174=14 |
| | TOTAL | 16,40,999=17 |

**EXAMINED WITH BOOKS & FOUND CORRECT**

**RAJESH DESAI & CO.**
**Chartered Accountants**
**15-11-84**

**Sd/- A. S. DESAI**
**Accountant**

Office : RAMJI TEKRA,
BULSAR–396001

**CHIKHLI, DIST: VALSAD**

FOR THE YEAR ENDED 31st MARCH 1984

INCOME

| | Rs. Ps. | Rs. Ps. |
|---|---|---|
| BY Fees Etc. (As per Schedule 'A' attached) | | 42,576=15 |
| ,, Tution Fees Received | | 4,77,000=00 |
| ,, Interest on Bank Account | | 6,922=92 |
| ,, Government Grants : | | 10,74,477=10 |
| Grant for Salaries | 9,94,477=10 | |
| Grant for Expenses | 80,000=00 | |
| ,, U. G. C. Grant | | 40,000=00 |
| ,, Miscellaneous Income | | 23=00 |
| | | 16, 40, 999=17 |

Sd/- G. J. DESAI
Principal
Arts And Commerce College, Chikhli.

Sd/- M. M. DESAI
Managing Trustee
Vimal Uchchatar Kelavani Trust.
Chikhli

**RAJESH DESAI & CO.**

CHARTED ACCOUNTANTS.

## GYMKHANA ACCOUNTS ARTS & COMMERCE

### INCOME & EXPENDITURE ACCOUNT

| EXPENDITURE | Rs. | Ps. | Rs Ps. |
|---|---|---|---|
| To Magazine Expenses | | | 9,273=70 |
| ,, Stationery & Printing | | | 318=00 |
| ,, Cultural Activities Expenses | | | 11,324=18 |
| ,, Sports Expenses | | | 7,773=25 |
| ,, Audit Fees | | | 200=00 |
| ,, Other Activities Expenses | | | 1,451=00 |
| ,, History Circle Expenses | | | 320=00 |
| ,, Debate Expenses | | | 377=90 |
| ,, Tour Expenses | | | 475=00 |
| ,, Salaries | | | 500=00 |
| ,, Bank charges | | | 5=00 |
| ,, Prize Distribution Expenses | | | 759=00 |
| | | TOTAL | 32,777=53 |

### BALANCE SHEET

| FUNDS & LIABILITIES | | |
|---|---|---|
| GYMKHANA FUND : | | |
| Balance as per last B/sheet | 19,625=94 | |
| Add : Adjustment of 1983–84 | 6,230=05 | |
| | 25,855=99 | |
| Less : Deficit for the year | 1,047=83 | 24808=16 |
| CURRENT LIABILITIES | | |
| Reserve Fund Accounts | | 16,386=00 |
| | TOTAL | 41,194=16 |

EXAMINED WITH THE BOOKS AND FOUND CORRECT

Rajesh Desai & Co.

CHARTERED ACCOUNTANTS

## COLLEGE, CHIKHLI, DIST, VALASD.

FOR THE YEAR ENDED 31-3-1984

| INCOME | Rs. Ps. | Rs Ps. |
|---|---|---|
| By Gymkhana Fees | | 31,470=00 |
| ,, Interest on Bank Account | | 259=70 |
| ,, Excess of Expenditure over Income. | | 1,047=83 |
| | TOTAL | 32,777=53 |

**AS AT 31-3-1984**

| | | |
|---|---|---|
| ASSETS | | |
| GAMES EQUIPMENTS : | | |
| Balance as per last B/sbeet | 17,047=95 | |
| Add : Adjustment of 1983-84 | 6,230=05 | |
| | 23,278=00 | |
| Add : Additions during the year | 3,325=70 | 26,603=70 |
| **CASH & BANK BALANCES** : | | |
| With Dena Bank | 9,365=84 | |
| Cash on Hand | 224=62 | 9,590=46 |
| | TOTAL | 41,194=16 |

Sd/- G. J. Desai.

Principal

Arts & Commerce College, Chikhli

# શુદ્ધિપત્ર

| પૃષ્ઠ | લીટી/પંક્તિ | શુદ્ધ | પૃષ્ઠ | લીટી/પંક્તિ | શુદ્ધ |
|---|---|---|---|---|---|
| ૧ | ૬ | ધૈર્ય | ૧૫ | ૫ | અલગ |
| ૧ | ૯ | સમયમાં | ૧૫ | ૨૪ | પ્રગતિના |
| ૩ | ૨૨ | સુવર્ણ | ૧૬ | ૧૦ | ગર્તામાં |
| ૩ | ૨૫ | સ્પર્ધામાં | ૧૬ | ૨૫ | હીંચકા પર |
| ૪ | ૭ | શિક્ષક | ૨૨ | ૯ | મહાત્મ્ય |
| ૪ | ૧૫ | ગદ્‌ગદિત હૃદયે | ૨૩ | ૫ | પ્રકાશપુંજ |
| ૫ | ૨૯ | નિયતિના કોઈ | ૩૦ | ૧૫ | યુવતીઓ, અનન્ય |
| ૭ | ૭ | કોણ ? | ૩૩ | ૨૯ | અસ્તિત્વ |
| ૭ | ૧૨ | મલકયું | ૪૨ | ૨૪ | નિબંધસ્પર્ધા |
| ૮ | ૫ | બાહુપાશમાં | ૪૨ | ૨૮ | ટી. વાય. બી. કોમ |
| ૧૩ | ૭ | વિકાસમાં | ૪૯ | ૧૬ | સિનેમાગૃહ |
| ૧૪ | ૧૬ | તેઓએ | ૪૯ | ૧૯ | આર. |
| ૧૪ | ૧૮, ૨૦ | મુસ્લિમ | ૫૧ | ૧૫, ૧૮ | એન. એસ. એસ. |
| | | | ૬/ફોટો | ... | ( વ્યક્તિગત ) |